કુમાર

ઉગતી પ્રજાનું
માસિક અંક ૨૮

તંત્રી : રવિશંકર રાવળ

વર્ષ ૩ : અંક ૪

ચૈત્ર : ૧૯૮૨





મ ન્દિ રે
(કનુ દેસાઈ)

પ્રભુનાં દર્શન કરતાંકરતાં તે વળી મનમાં બોલી:



'દયાસાગર! તમે પણ તપ કરતાંકરતાં પ્રેમ અનુભવ્યો છે; જગતની પાર્વતી સાથે તમે પણ અદ્વૈત સાધ્યું છે ને પ્રેમમય બન્યા છો. જગતમાં સર્વની વાંચ્છના તૃપ્ત કરો છો, છતાં હું જ એકલી કાં?'

યમુના

નામની, અંતરમંથન અને હૃદયવ્યથાથી ભરેલી, કુણાકુણા ભાવ આલેખતી, બે હૃદયની એક રસભર ટૂંકી વાર્તા

ક્યાં વાંચશો?


હાજીમહમ્મદ-સ્મારક-ગ્રંથમાં

જેમાં એવાં અનેક સુંદર કાવ્યો, ચિત્રો, લેખો, વાર્તાઓ અને ફોટોગ્રાફોનો અપ્રતિમ સંગ્રહ એકઠો થએલો છે. ગુજરાતી સાહિત્ય ને કલાના શહીદ, ગુજરાતના એ બાહોશ જર્નાલિસ્ટ હાજીમહમ્મદના જીવનની રોમાંચકારી કરુણ સ્મૃતિઓ એના અંગત સહવાસમાં આવેલા મિત્રોએ એ ગ્રંથમાં સંઘરી છે.

ગુજરાતી સાહિત્યમાં

હજી પણ એ પુસ્તક અનન્ય છે; અને એટલું જ તાજું છે.

પો. સાથે રૂ. ૬-૫-૦ કુમાર કાર્યાલય : અમદાવાદ



જેમને અંક ન મળતા હોય તેમણે

અંક બહાર પડ્યા પછી આઠ દિવસની અંદર અમને જાણ કરવી. તે પછી આવતી ફરિયાદોને પહોંચી વળવા અમે બંધાતા નથી. દરેક અંક પ્રગટ થયાની જાહેરખબર 'સૌરાષ્ટ્ર'માં પ્રગટ થાય છે. **લવાજમ** વરસના રૂ. ૬: છ માસના રૂ. ૩: પરદેશના ૧૧ શિ. મુંબાઈના એજન્ટ: સી. જમનાદાસની કં: પ્રિન્સેસ સ્ટ્રીટ, આર. વનમાળીદાસની કં. કાલબાદેવી, વર્ધમાન ઍન્ડસન્સ પાયધુની. **ગ્રાહકો** વરસની શરૂઆતથી (એટલે પોષના અંકથી) અથવા બીજા છમાસિક છપતાની શરૂઆતથી (એટલે અષાડના અંકથી) જ નોંધવાનો રિવાજ છે. વરસની અધવચથી ગ્રાહકો નોંધાતા નથી. પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો. **લેખકો** જેઓને ઉગતી પ્રજા માટે કંઇક ખાસ પ્રેરક કહેવાનું હોય તે જ લખે; અને પોતાનાં લખાણ બની શકે તેટલાં ટૂંકાં, કાગળની એક જ બાજુએ, ચોખ્ખે અક્ષરે, પુરાં નામ ઠામ સાથે અને પાછાં મંગાવવાં હોય તો પોસ્ટેજ સાથે મોકલે.



પરિચારિકા

અજન્તા ગુફાની ભીંતપરની એક કલાકૃતિ

કુમાર

ઉગતી પ્રજાનું માસિક

વર્ષ ત્રીજું
અંક ચોથો

ચૈત્ર : ૧૯૮૨



ક વિ તા

બ્રહ્મચારિણી !

અમારાં હૃદય દ્વારા ડોલન વડે આત્માનું દર્શન કરાવનારી સંગીતા તું છે. તું જ એક ભૂતકાળની સ્મૃતિ છે, વર્તમાનની ગાથા છે, ભાવિની અધિદેવતા છે.

કવિતે ! તું અમારી સમગ્ર જીવનદષ્ટિ છે;—વેદના સર્જનકાળે ઋગ અને સામના ઋષિવરોની હતી તેવી.

ભુવનેશ્વરી ! પ્રાણના જુવાળને શબ્દેશબ્દે તારી જ અપ્રતિમ મૂર્તિ પ્રગટે છે. લાગણી ને વૃત્તિની એકતાનતા સમી પેલી પ્રેરણાની પાંખે ચડી ‘ સત્ય શિવ અને સુંદર ’ની કૈંકૈં અલખ સૃષ્ટિઓ તું માંડે છે.

ઓ સર્જનશક્તિ ! જેઓ જડ જેવાં હોય તેમને રસપિપાસુ કરો, કુબડાં હોય તેમને સુહાગી બનાવો, માયાનાં પ્રપંચીઓને હૃદયધબકારની અંતરદૃષ્ટિ અર્પો.

સુકન્યા ઉમાના તપમાં, પ્રેમસખી રાધિકાના મધુર ભાવમાં, નવચંડી દ્રૌપદીની નિશ્ચલતામાં, મૈયા સીતાના ગભીર વાત્સલ્યમાં તારાં જ ભિન્નસ્વરૂપ દર્શન છે.

ભારા–કુહાડીવાળો કઠિયારો તને અર્ચે છે; હળ–બળદના ખેડુતો તને જપે છે; ભારગાડીએ જોડાએલું મજુરજોડું તને નમે છે; પરસેવે રેબઝેબ ખાણિયો તને જ સેવારત છે.

મ્હોરેલ આંબાવાડિયેથી ઉડી જતું ધુમ્મસદળ, પ્રભાત પૂર્વે પડેલ મોરપગલાં, શ્વેત કટોરા–આકાર ખીલતાં ઘાસફુલો, રંગીન તારામંડલની તરલ તેજઝડીઓ અને . . . . . અને અટુલું મારૂં અંતર;—સૌ તારો મહિમા ઉચ્ચારી રહ્યાં છે. અખંડ ગોળ વિશ્વમાં ત્રિકાલવેધી તારૂં જ લોચન ઘુમે છે.

સુભગે !

માતાના ધાવણમાં અમે તને પીધી છે; સ્વદેશના કીર્તનમાં અમે તને ઝીલી છે; સારી ય જીંદગીમાં અમે તને જ જીવવા માગીએ છીએ.

દેશળજી પરમાર



ગઈ રમઝાન ઇદને આગલે દિવસે એક મુસ્લીમ કલાકારે મને ભોજન માટે બોલાવ્યો હતો. સૂર્યાસ્ત થતાં જ તેનું તેડું આવ્યું. મ્હાનું તો નામ જ હતું; પણ તેણે જણાવ્યું કે મુસ્લીમ રીવાજ પ્રમાણે રોઝા છોડતી વખતે કોઇ દોસ્તની હાજરી શુકન ગણાય છે, અને તમને મારા દોસ્ત તરીકે મેં આમંત્રણ આપ્યું છે. આવો મહેરબાન. તેણે અમારા માટે સાફ ચાદર પર ફળ મેવા અને ચોખ્ખી મીઠાઇ ગોઠવી હતી. લીંબુનું શરબત તૈયાર રાખ્યું હતું. મ્હાનું તો નામ હતું; પણ તેણે અંતરનો ચાહ ખુબ બતાવ્યો. મેં ખરા દિલથી તેને 'આમીન' કહ્યું, તેની ઇદ મુબારક ચાહી અને તેના મઝહબ તથા તેની જીંદગાનીની આબાદી ચાહી.

દોસ્તો! તમે નાનાનાના પ્રસંગોમાં તમારા વિજાતીય કે પરપ્રાંતના મિત્રોને બને તેટલી રીતે શામીલ કરી તમારી દિલસોજી જાહેર કરો, તમે તેમના પ્રસંગોમાં એક બંધુ બની હાજરી આપો, તેમના પ્રાંતોમાં ફરોહરો તો તમને મહાન માનવએકતાનું ભાન થશે. વિશાળ એકતાભર્યું જીવન શરૂ નહિ કરો ત્યાં સુધી નાના ભેદો કુદી જવાનો સંકલ્પ પણ તમે નહિ કરી શકો. દેશ-પરદેશથી વિદ્યા અને ધન લાવી દેશની આબાદીમાં વધારો કરતાં કેટલા જ્ઞાતિજનો અને મિત્રો માત્ર રૂઢિબળની કઠોર આડખીલી ભોગવી રહ્યા છે! તેમને પણ તમે સાથ આપી શક્યા છો?

ભાષા અને પોષાકના ભેદ માત્રથી પ્રાંતપ્રાંતની વચ્ચે ઘણી જાતની વિરૂદ્ધ લાગણી ફેલાય છે. પરંતુ જો કોઇ પણ માણસ દિલસોજીથી બીજા પ્રાંતના, બીજી ભાષાના લોકોમાં ભળે તો તેને તુરત માલુમ પડશે કે મનુષ્યહૃદય તો દરેક ઠેકાણે એકસરખું જ ધબકે છે.

હિંદુ કે મુસલમાન, ગુજરાતી, મરાઠી કે બંગાળી, પંજાબી કે સીંધી, આંધ્રદેશ કે તામીલનાડના વતની, બધા હિંદવાસીઓ છે. અને આ જમાનામાં કોઇકોઇથી અલગ રહી જીવન, ધંધા કે દેશોન્નતિની હીલચાલ નિભાવી ન જ શકાય એ વાત સિદ્ધ હોય તો ભારતના દરેક પુત્રે એ તરેહનું પોતાનાં વર્તન, વિચાર અને વ્યવહાર ઘડવાં પડશે જ.

ઘણીવાર આપણે બીજા પ્રાંતના સારા માણસો, કુટુંબો કે તેમના વ્યવહારનું બારીક અવલોકન કર્યા વિના જ તેમના વિષે એક ખરાબ મત બાંધી ફરીએ છીએ. મરાઠા તો આવા, બંગાળી તો વળી આવા, સીંધી કે પંજાબી તેવા, એમ કંઈક પકડી લઈ પછી એ જ નજરે તે પ્રાંતના બધા માણસોને જોઇએ છીએ. આવી દૃષ્ટિથી આપણે મિથ્યાભિમાની બનીએ છીએ અને આત્મવિકાસથી દૂર પડીએ છીએ, એટલું જ નહિ પણ આપણા પ્રાંતને અને હિંદુસ્તાનની એકતાના પ્રયત્નમાં પણ નુકસાન કરીએ છીએ.

મોટીમોટી દેશસેવાઓ અને સ્વાર્થની વાતો દૂર રાખો. તમે માત્ર તમારા પોતાના વર્તન અને ઉદાર સહિષ્ણુતાથી બીજા પ્રાંતના માણસો તથા જુવાનો જોડે મળોહળો અને તમારી જાત, વર્તન અને વિચારની ઉંચી છાપ પાડો તેમાં ય તમે ઘણી સેવા કરી શકો છો.

મોટા રાજકીય અને ધાર્મિક ઝગડાઓનાં મુળ કારણ રૂપે પરસ્પરના બંધાઈ ગએલા વિરોધો સિવાય કંઇ જ નથી. માણસો બહુ જ વહેલાથી એકબીજાના મિત્ર બની અંતરનાં સુખદુઃખ એકબીજાને જણાવતાં હોય, સહાય કરતાં હોય અથવા સમજતાં હોય તો ઘણી દલીલો અને વાંધા માત્ર ઓળખ થતાં જ પતી જાય. પણ શોકજનક વાત એ છે કે દરેક પ્રાંતના નેતાઓ અને દરેક ધર્મના આચાર્યોએ પહેલેથી જ માણસોને અન્ય પંથના માણસો વિષે ડર ને વિરૂદ્ધ મત બેસાડી દીધો હોય છે.

પ્રિય દોસ્તો, તમે તો નિશ્ચય કરો કે તમારી જ્ઞાતિ, સંપ્રદાય કે દેશ બહારના યોગ્ય પુરુષો સાથે સુમૈત્રી બાંધશો અને તેઓ ગમે તે મતના કે સંપ્રદાયના હોય તોપણ તેમની અને તમારી વચ્ચે પ્રેમ અને એખલાસ ટકાવી રાખવા તમે સમર્થ બનશો. આ સંકલ્પની પાછળ તમારો અદ્‌ભુત આત્મવિકાસ થશે, તમને અનંત એકતા અને પ્રેમનું ભાન થશે અને પ્રભુતા પામવાનો સરળ માર્ગ જડશે.

આ અંકનું મુખચિત્ર

અજન્તાના વિહારોમાં ભારતીય ચિત્રકળાની અમર ગંગા લગભગ સોએક વર્ષથી હાથ લાગી છે, પણ કેટકેટલા ભારતવાસીઓએ એ જળથી રસતૃષા છીપાવી? મેજર જીલ, મિ. ગ્રિફિથ અને લેડી હેરિંગહમનાં મોટાં પોથાં પણ કેટલાએ કદરદાનીથી નીરખ્યાં છે?

ઇ. સ. પૂર્વેનાં ૩૦૦ વર્ષનો ચિત્રકળાનો સુંદર અને જ્વલંત ઇતિહાસ; ઠેઠ ઇ. સ. પછી છસો સાતસો વર્ષ સુધી જાહોજલાલીમાં ખીલી આવતી સમૃદ્ધ કલાનાં દર્શન. મોટા મહાલય જેવડા, સાવ પહાડમાં જ કોરી કાઢેલા વીસપચીસ વિહારમંડપો અને ચિત્રસુશોભનથી ભરચક ભીંતો, છતો અને સ્તંભો કળાકૌશલ્યના અમર સાક્ષી રૂપે આજ સુધી ત્યાં હયાત છે. આ દિવ્ય કળાના અભ્યાસ કે અર્ચના નાનાં પુસ્તકો કે લેખોથી ન શોભે.

નગરે નગરના કુશળ ચિત્રકારોએ એકવાર એ કળાનો સાક્ષાત્કાર કરવા—સીધો પરિચય પામવા એ વિહારોમાં દિવસોના દિવસો અભ્યાસ અને મનન કરવાં જોઇએ, અને પુનઃ ભારતીય શિક્ષણમાં કળાની આ અદ્‌ભુત અને ચમત્કારિક પ્રણાલિ ઉતારવી જોઇએ.

બંગાળના સુભગ ચિત્રકારોએ અજંતાનો સંદેશ ઝીલ્યો અને તેઓ

> **ના અહીશ, ના ભાઈ હઠીશ પાછો,**
> **ગેબી ફિરિશ્તો કુમકે ચડેલ છે;**
> **મેદાનનો જંગ જમાવ જુઝી**
> **છેલ્લી કુચે...છેલ્લી પળે ફતેહ છે.**

સત્વર પરદેશી શિક્ષણના દાસત્વથી છુટયા. પણ પશ્ચિમ ભારત જ્યાંથી અજંતા સાવ સમીપ છે ત્યાંના કલાકારોને નસીબે એ ભાગ્યદશાને વાર હતી.

ગયા માર્ચ મહીનાની ૧૫ તારીખથી એક માસ સુધી દસબાર ચિત્રકારોનો એક સંઘ કલાપ્રેમી ઔંધ નરેશ શ્રીમાન બાલાસાહેબના ઉદાર આશ્રયથી અજંતાની ઉપાસના પામી શકયો હતો. મુંબાઇ, ઔંધ, આંધ્ર, મ્હૈસુર, ખાનદેશ અને ગુજરાતમાંથી પ્રતિનિધિ જેવા કેટલાક કળાકારો અને મુંબાઇ ચિત્રશાળાના પાંચેક સારા વિદ્યાર્થીઓ તેમની ઉદારતાનો લાભ પામ્યા હતા, જેના સુફળ રૂપે ગુજરાતને અજંતાનો નિકટનો પરિચય આપવા અમે સમર્થ થઇશું.

આ વખતે મુખપૃષ્ટ તરીકે જે સુંદર રેખાચિત્ર કુમારના વાચકો જોવા પામ્યા છે તે એ જ માપમાં અજંતાની ભીંત પર છે. રેખાઓમાં સ્વાભાવિકતા ને સરળતા સાથે અત્યંત લાવણ્ય ને સાર્થકતા એ અજંતાનાં ચિત્રોના મહાન ગુણો છે. હજુ ભવિષ્યમાં અનેક રીતે અમે અજંતાની કળાનું સૂક્ષ્મ નીરુપણ વાંચનારા રસિકોને આપીશું.



પી જાઓ

શું ? . . . દુધનો કટોરો નહિ, શરબતનો પ્યાલો નહિ, શરાબનો જામ નહિ; . . . ત્યારે શું ?

શંકરે શું પીધું હતું ? મીરાંબાઇ અમૃત ગણીને શું ઉતારી ગઇ હતી ? સોક્રેટિસ હસતાંહસતાં શું ઘટઘટાવી ગયો હતો ? તે—તે જ.

હા, ઝેર; સમજ્યા ?

માણસને મારી નાખનારાં ઝેર એ જ માત્ર ઝેર નથી. એના કરતાં કાતિલ બીજાં ઘણાં યે ઝેર જગતમાં ભર્યાં છે. પણ એ ઝેરની અસર તેને જ નથી થતી, જે તેને આનંદથી, શાંતિથી, સંયમથી પી જાય છે.

શંકરે, મીરાંએ, સોક્રેટિસે એ જગતનાં જ ઝેર પીધાં હતાં. જગતનાં ઝેર સારવી લઇ, પોતે પી જઇ, જગતને અમૃત બનાવ્યું અને પોતે પણ અ-મૃત બન્યા.

પી જાઓ તમારો ને પારકો ગુસ્સો; મુરખે કરેલું અપમાન પી જાઓ; પી જાઓ કમઅક્કલની ભુલ અને નાદાનની લવરી.

પોતાના ગુસ્સા પર કાબુ રાખવો, તેને ગળી જવો મુશ્કેલ છે; પણ તેથી યે કપરો છે પારકો ગુસ્સો ગળી જવો. કથા કહે છે કે મીરાંની ભક્તિથી કંટાળી રાણાએ ગુસ્સે થઈ ઝેરનો પ્યાલો મોકલ્યો;—મીરાંનું કાસળ કાઢવા. અને મીરાં એ પી ગઇ. શું પી ગઇ ? એ ઝેરના પ્યાલામાં રાણાનો ગુસ્સો પી ગઈ.

ઘણીવાર આપણે સામાનો ક્રોધ નથી જીરવી શકતા એને લીધે ગુસ્સે થઇએ છીએ; કાં તો આપણું કાંઈ ધાર્યું ન થાય તેથી, અથવા સામા માણસ વિષે ગેરસમજુત થઇ હોય તો; કે કાં તો કોઇ આપણું અપમાન કરે, અથવા ભુલ કરી બેસી આપણું કામ બગાડે ત્યારે. એવે વખતે સંયમ રાખી ગળે ઘુંટ ઉતારી જઇએ તો ?

મારા એક મિત્રને એવી ટેવ હતી. કોઇ તેની સાથે ચીડાય, કે ગુસ્સે થઇ લડવા માંડે એટલે સ્થિર ચિત્તે સાંભળી લે, અને પછી, પાણીનો ઘુંટડો ગળે ઉતારતો હોય તેમ, આંખો મીચી એક ખાલી ઘુંટડો ઉતારી જાય. અને પછી મીઠું હસી, પોતાની ભુલ હોય તો કબુલ કરે, નહિતર સામાની ગેરસમજુત દૂર કરે.

આપણું ધાર્યું ન થાય એમાં કોનો દોષ ? અને ગુસ્સે થવાથી ધાર્યું થઇ જવાનું છે ? એ વેળા તો ધીરજથી તમારો ગુસ્સો પી જાઓ, અને જરૂર તમને રસ્તો મળશે.

તમારૂં અપમાન થાય ત્યારે જોજો કે અપમાન કરનાર કોણ છે. સોમાં નવ્વાણું ટકા તો એ કમઅક્કલ કે તમારાથી ઓછી બુદ્ધિનો હશે. એના પર ગુસ્સે થઇ તમે શું ખાટવાના ? રસ્તે જતા હો ને કોઈ જનાવર તમને વગાડી બેસે તો એના પર ગુસ્સે થઈ તમે શું કરો ? મુરખે કરેલું અપમાન આવું જ સમજો. એ ગળી જાઓ અને એને ક્ષમા આપો એટલે એ શરમાશે. અને એ જ પ્રમાણે બેવકુફની ભુલ અને નાદાનની લવરી.

ગુસ્સો એ જગતનાં અનેક ઝેરમાંનું એક ઝેર છે. એ પી જાઓ, એટલે એ અમૃત બની જશે.

ડૉ. સુમન્ત મહેતા : ગુજરાતના એક ભદ્ર પુરુષ અને સ્વાતંત્ર્યપ્રેમી નાગરિક : જેમનો સંદેશ આ અંકને ૧૪૯મે પાને આપ્યો છે.

ઍટલાન્ટાની શરત

૧




આર્કેડિયાના જંગલમાં કોઇએક જુવાન ધનુષબાણ લઇ શીકારી કુતરાઓ સાથે પશુની શોધમાં ફરતો હતો. બપોર થયા પણ શીકારની ભાળ ન લાગી. તેથી તે નજીકની ખીણમાં વીસામો ખાવા બેઠો. થોડી વારે તે હસતોહસતો ઉઠ્યો અને ચાલવા માંડ્યો. સુકાં પાંદડાંઓમાં ખડખડાટ કરતા કુતરાઓ તેની આગળ દોડ્યા. આખા દિવસના તાપથી કાળાભંઠ પડેલ તેના મુખ ઉપર પડછાયાની પેઠે એક વિચાર આવીને ઉડી ગયો. તેના હૃદયમાં મીઠું કોઈ કૌતુક જાગ્યું.

મંદ ને શંકાશીલ પગલે તે આગળ ચાલ્યો. ઝાડ થોડાંથોડાં થતાં ગયા. જંગલ પુરૂં થયું. શીકારીએ નેણે હાથ રાખી જોવા માંડ્યું. હરિયાળાં બીડ ને ખેડેલાં ખેતર પાછળથી દેખાતું રાજા સ્કીનસનું નગર તેની નજરે પડ્યું.

રંગભરી સંધ્યાનાં રસળતાં કિરણ ઝીલતો તે શહેરને દરવાજે આવ્યો; પણ નગર નિર્જન જેવું હતું. પરંતુ આગળ તેણે લોકોના ટોળાંને ધસમસતાં જોયાં. શીકારી એ બાજુ વળ્યો. ત્યાં તો એક મોટા મેદાનમાં માણસોની ઠઠ મળી હતી. કંઈક વિચિત્ર બનવાનું હોય તેમ જોનાર મંડળ આતુર અને ચુપ હતું.

એક બાજુ કીમતી રાજછત્ર હેઠળ રાજા સ્કીનસ ગાદીએ બેઠો હતો. તેની આસપાસ પ્રધાનો ગોઠવાઇ ગયા હતા અને નીચેના ભાગમાં સૂર્યનારાયણની તથા ચંદ્રની દેવી 'ડાયાના'ની મૂર્તિઓ વિરાજી રહી હતી. સામે પિત્તળની વેદીમાં પવનને લીધે અગ્નિજ્યોત મંદ ડોલતી હતી. પાસે રણશીંગડુ લઇ એક માણસ સજ્જ ઉભો હતો: અને ભીમસેન જેવો બીજો જણ પીળાં ફુલે શણગારેલી તલવાર પકડી ઉભો હતો.

જરા દૂર બે દોડનાર હરીફ પગ જોડે પગ મીલાવી ઉભાં હતાં. તેમાં એક હતો ગુચ્છાદાર વાળવાળો પાતળિયો સુંદર જુવાન. તેનાં અવયવો દ્વન્દ્વયુદ્ધમાં અનેકવાર કસાએલાં હતાં. શરીર ઉપર એક આછું ઉત્તરીય શોભતું હતું. માથે કીર્તિમુકુટ પહેરેલો હતો અને હાથમાં વૃક્ષની ડાળખી ઝુલતી હતી. પણ આજ તે કોનો હરીફ થઇ ઉભો હશે? દેવી ડાયાના જેવી શોભતી, શીકારણના પોશાકમાં તેની જોડે એક કન્યા ઉભી હતી. એના રૂપની ચમક ભયંકર હતી. જે કોઇ એની મોહનીથી



અંજાતો તે પતંગિયા માફક પોતાનો જીવ ખોતો.

સંસારી સ્રી પાસો કુંવારી કન્યા અચલ ને સ્થિર ચિત્તે પોતાના લક્ષ્ય તરફ અનિમિષ નજરે જોઇ રહી હતી. એનું લલાટ ચિંતાની કરચલી વિનાનું સાફ હતું. પણ એનો જુવાન જોડીદાર કોઇ ભયથી કંપતો હતો. એ કુમારિકાને જીતી જવાની જળજળતી વાસનાને વશ થઇ તે એની ભયંકર રમણીયતા તરફ ટીકી રહ્યો હતો.

સૂર્યાસ્ત થયો. રણશીંગું ફૂંકાયું. ધુળના ગોટ ઉડાડતી શરત શરૂ થઇ. જુવાન આગળ નીકળ્યો: વાંક વળવાનો થાંભલો વટાવ્યો: પણ થોડી જ વારે તાળીઓના નાદ વચ્ચે તેણે કન્યાનાં પગલાં અને ઉડતાં વસ્રોના ફડફડાટ સાંભળ્યાં. તેણે પાછું વાળી જોયું: ત્યાં તો કુમારિકા પવનવેગે આગળ નીકળી ગઇ અને શરતના નીશાનને અડી ગઇ !

નીંદરતા બાળકની જેમ કુમારિકાના શ્વાસ નિયમિત ચાલતા હતા. એના કપોલ પર હમેશની તાજગી ભરી હતી. વિજયના આનંદથી તેના હોઠ લાલ નહોતા થયા; એની આંખે નવી ઝલક નહોતી ઉઠી.

પરંતુ રણશીંગું ફરી ફૂંકાયું કે તરત દયાની વૃત્તિ વડે એનો ચહેરો નરમ પડ્યો. હારેલો હરીફ તો એ સાંભળી જડવત્ થંભી ગયો. ક્ષણભર તે કન્યા તરફ દયામણી દૃષ્ટિએ તાકી રહ્યો. પછી, જાણે મોત નજીક હોય તેમ નિઃશબ્દ તે ચાલ્યો અને પેલા ભીમસેની પુરુષની તોળાએલી તલવાર હેઠળ ગોઠણભર બેસી ગયો !

ચોગમ સુનકાર છાઇ ગયો. ધીમે ડગલે કુમારિકા આગળ ગઇ. પેલો સફેદ પુણી જેવો ચહેરો તેને જુએ ન જુએ ત્યાં તો શાશ્વત અંધારમાં તે વિલીન થયો. શોકદુઃખમાં ભારેખમ જોનાર મંડળ વેરાયું; અને પછી તો એ ઉજ્જડ પડેલી જગ્યાએ ઉડતાં ચામાચીડિયાંની ચીસો જ માત્ર સંભળાવા લાગી.

૨

આ દેખાવ જોઇ દિઙ્મૂઢ બનેલા પેલા શીકારીએ એક બુઢ્ઢાને પુછ્યું, 'કાકા, આ બાઇ કોણ, દેવી છે કે જક્ષણી ?'

'જક્ષણી જ, ભાઇ; એ ડાકણે ઘણાક જુવાનિયાને ભરખી લીધા છે. રાજા સ્કીનસની એ કુંવરી હવે મરે તો સારૂં. એના જન્મ વખતે જ રાજા તો એને મારી નાખતો હતો; પણ જમદૂતે જ એને જીવાડી. વનપશુ ફાડી ખાય તે સારૂ એને જંગલમાં મોકલી હતી. પણ લોકો કહે છે કે કોઇ રીંછણે એને પોતાનાં બચ્ચાં ભેગી પાળી. પછી તો રીંછણને મારીને કોઇ વનવાસીએ એને ઉછેરી. ઓળખાઇને એ પાછી રાજકુમારી બની. પણ હવે રાજપાટને બદલે એને તો મૃગયાનો છંદ



લાગ્યો છે. વળી આજ તેં જોયું તેમ કેટલા યે જુવાનોના તેણે શરતના મેદાનમાં પ્રાણ લીધા છે. કેમ ? એને વશ કરવાની તને પણ દુર્વાસના જાગી છે કે શું ? સાંભળ બેટા. કોઇ બીજી કન્યા શોધી લે. એ તો લગ્નનો સાળુ ઓઢવાની જ નથી; કારણકે એ તો શરતમાં પોતાને જીતે તેને જ પરણવાની છે. અને એવો કોઇ માઇનો પુત હજી જન્મ્યો નથી. ઍટલાન્ટાની જોડે પ્રેમ કરવો તે મોતની જોડે પ્રેમ કરવા જેવું છે. પછી તો તારી મરજી.' આટલું બોલી પેલો વૃદ્ધ ઘર તરફ ચાલતો થયો.


જુવાન શીકારી પાછો વળ્યો. ફિક્કી ચાંદની ગીચ જંગલ ઉપર રેલાતી હતી. ગાંડા જેવો તે એક ઝાડથી બીજે એમ સુતો અને કાગાનીંદરમાં રાત ગાળી. પ્રભાતે રમણીય સ્થળોમાં ફરવા લાગ્યો; શીકાર માંડ્યો; પણ કેમે ય એની બેચેની ઓછી ન થઇ.

આર્ગસ પરગણાનું શહેરેશહેર તે ફર્યો. ત્યાં રખડીરખડી, અનેક મલ્લો જોડે કુસ્તી લડી, કીર્તિ, સ્તુતિ ને લક્ષ્મી મેળવી. પરંતુ કશાથી તેને ધરપત ન વળી. એના અંતરમાં ઍટલાન્ટાની લગની લાગી હતી.

ફરી તેણે સ્કીનસના શહેર ભણી પગલાં માંડ્યાં. ફરી તેણે શરત જોઇ. ફરી તેણે હરીફ બનવાનો નિરધાર કર્યો. ફરી તેણે કુળનો કીર્તિકળશ ચડાવવાનો ટેક લીધો.

પણ કોઇકે તેને કહ્યું, 'ભાઇ, પોતાના દુધમલિયાઓનાં આ બલિદાન સારૂ માતાઓ શાપ દઈ રહી છે. તેનો એક વધુ ભોગ થવા હજી પણ તારો વિચાર છે શું ? પણ પ્રારબ્ધદેવીનો પાડ માન કે આવતી કાલે કોઈ બીજો ઉમેદવાર શરતની દોડ કરવાનો છે.' શીકારી આ સૌ મુંગે મોઢે સાંભળી રહ્યો. ફરીને એકવાર તેણે એ કરુણ પ્રસંગ જોયો. પણ ભય કે આશ્ચર્યની કોઇ રેખા તેને વદને ન તરવરી;—એટલી તો એના દિલમાં લેહ લાગી હતી.

બીજે દહાડે વહેલો ઉઠી તે રાજમહેલને રસ્તે વળ્યો. ખુબ વાર તે ત્યાં ઉભો. દરબાર ભરાયો અને રાજાસાહેબની પધરામણી થઇ. ટોળાં વચ્ચેથી માર્ગ કરી તે સિંહાસન સુધી પહોંચ્યો. લોકો અંદરઅંદર આ દેવ જેવા સ્વરૂપવાન છોકરાની વાત કરવા લાગ્યાં; અને એક બુદ્ધીએ તો તેના વસ્ત્રની ચાળ ખેંચી ઉભો રાખી શીખામણ દીધી કે 'બેટા, આવી ઝળહળતી જીંદગી શું તારી વણમોલી છે કે આમ વધેરાવા ચાલ્યો ? પ્રેમ-આનંદ વિહોણી કોઇક કન્યાનું જીવતર ફોગટ જશે. આ ઍટલાન્ટાએ તો ચંદ્રની દેવી ડાયાનાને અવિવાહિત રહેવાનું વચન દીધું છે, અને દેવી એને વીરાંગનાનો યશકિરીટ પહેરાવશે. માટે ડાહ્યો થઇને આ ધારણા માંડી વાળ અને આ ફુલ જેવી ખીલતી જુવાની ધુળભેગી ન રોળવ.' પણ આ બોધવચન કોણ સાંભળે ? પેલો જુવાન તો ચટ દેતો કે ચાલ્યો અને રાજાના સિંહાસન આગળની ખુલ્લી જગ્યામાં



આવી ઉભો. રાજાએ પુછ્યું, 'ભલા જુવાન, તું કોણ છે અને અહીં શા કાજે આવ્યો છે ? શું તું પણ બીજાની જેમ મારી પુત્રીના પાણિગ્રહણ માટે જ નીકળ્યો છે ?'

'હા નામદાર, આપ સત્ય વાત બોલો છો. મારૂં નામ મિલેનિયન છે અને હું રાજા ઍમ્ફીડેમસનો કુમાર છું.'

'કુમાર, તું કોઈ હૃષ્ટપુષ્ટ મલ્લ જોડે દ્વન્દ્વ ખેલવા આવ્યો હોત તો વધુ સારૂં થાત. પણ તું તો હાલીચાલીને આપમેળે મરવા જ મારે ઘેર આવ્યો જણાય છે. હું તો ઘરડો થયો છું; પણ મોત એટલું સહેલું નથી. જીવતો નર ભદ્રા પામશે એની તને જાણ છે ?'

'રાજાસાહેબ, એ બધો વિચાર કરીને જ આવ્યો છું. હવે તો મારી શરત સારૂ —મારા વિજય કે મૃત્યુભેટ માટે આપ કયો દિવસ મુકરર કરો છો ? આજ કે કાલ ? એ જલદી બને તો બહુ ઠીક.'

'ના કુમાર, એમ તો નહિ. તમે એક માસ રાહ જુઓ અને તમારા પ્રિય ઇષ્ટદેવનું આરાધાન કરો. એમ કર્યે કદાચ તમે ઉગરો અને પછી ક્ષેમકુશળ હું મારી કુંવરી તમને પરણાવું. તે દરમિયાન તમે મારા મહેમાન થઈને રહો અને સંસારની ખટપટ ભુલી જાઓ. વળી, એ દરમ્યાન કદાચ હું પણ મૃત્યુની ઘોર નિદ્રામાં પડું અને આ માયાજાળમાંથી છુટું, તો તમે મારા કફનને ફુલમાળ ચડાવજો.'

'એમ ન કહો, મહારાજ.'

'કુમાર, ખરેખર હું કંટાળ્યો છું. આ રોજરોજની હત્યાઓ જોઈ મને મરવાનું મન થાય છે. આ નવજુવાનોનાં લોહી હુંથી જોયાં નથી જતાં, અને તેમાં ય તારા જેવો દુધમલ . . .'

'મહારાજ, હું મારાથી બનતું જરૂર કરીશ. આપ નચિંત થાઓ. આપના કહેવા મુજબ હવે હું ઇષ્ટદેવની પ્રાર્થના કરવા જાઉં છું અને નિરધારેલી તિથિએ અવશ્ય પાછો આવીશ.'

એટલું બોલી, રાજા સ્કોનસની રજા લઈ, મિલેનિયન આર્ગસ તરફ ચાલી નીકળ્યો.

૩

શત્રુમિત્રાદિ સૌની રજા લઈ મિલેનિયને તો ઘુઘવાટ કરતા સમુદ્ર તરફ પ્રયાણ કર્યું. એના મનમાં થયું કે ત્યાં મને શાન્તિ ને સહાય લાધશે.

આર્ગસ પરગણાના કાંઠા ઉપર નિર્જન એકાન્તમાં એક દેવીનું મંદિર આવેલું છે. મંદિરને પિત્તળનાં દ્વાર છે અને દ્વાર ઉપર વનવેલીઓ વીંટળાઇ છે. તેની અંદર દેવીની આરસમૂર્તિ સુંદરમધુર સ્વરૂપે ઉભી છે. ભરતી વેળાએ સમુદ્રનાં જળ





છેક નીચેથી અદ્ધર ઉછળી દેવીનાં ચરણ દિવસમાં બે વાર પખાળી જાય છે. દેવીની ધવલ પ્રતિમાની આસપાસ નાની હરિયાળી વાડ છે. તેમાં થઇને સમુદ્ર પરનો વાયુ ફરફરતો વાય છે. દેવીના મસ્તક ઉપર તેનાં ભક્તજનોએ ધરેલી અનેક અમૂલ્ય ભેટો ઝુમી રહી છે. અહીં ઘણાક પ્રેમીઓ પૂજા-પ્રાર્થના વડે એ સૌન્દર્યદેવી 'વીનસ'ને પ્રસન્ન કરી તેની કનેથી રૂપવંતી પ્રિયતમાઓ મેળવવાનાં વચન લઈ ગયા છે.

મિલેનિયન દેવીમંદિરે આવ્યો. તેણે પ્રતિમા આગળ અપૂર્વ ભેટસોગાદો ધરી. પછી ધૂપદાનના ઉડતા ગોટાઓમાં ઝાંખી દેખાતી એ મૂર્તિ આગળ તે ધીમે સાદે પ્રાર્થના કરવા લાગ્યો :

'દેવી ! તેં અનેક કુમારો અને કુમારિકાઓનાં વા'ર કરી છે: તો આ દુ:ખિયારી દશામાં મને તરછોડીશ મા. અમે, કે જે નમ્રભાવે તને શિર નમાવી વંદીએ છીએ તેમના ઉપર દયા કર; અમે, કે જે કાંઇ પણ છળકપટ વગર ભોળે ભાવે ચાહીએ છીએ તેમને તું તિરસ્કારીશ નહિ. આ તારૂં સ્મિત અમને આશિષરૂપ નીવડો. જે શિલ્પીએ ભક્તિપૂર્ણ કૌશલ્યથી તારી અક્ષત જીવંત પ્રતિમા ઘડી તેની કળા અમને સુખકર બનો.

'ઓ મહેશ્વરી ! કેટલાંક લોક ચાહે છે અને લજાય છે; કેટલાંક પ્રેમબંધનથી કંટાળે છે; અને કોઇકોઇ તો તને મિથ્યા દોષારોપ કરે છે.

'લોકો કહેશે કે 'મિલેનિયને દ્રવ્ય, કીર્તિ ને સર્વસ્વનો ત્યાગ કર્યો. એક દેવીની આશ બાંધીને બેઠો; પણ તે યે તેને સહાય ન થઈ. દેવદેવીઓ મનુષ્યને હવે ચાહતાં નથી.' શું તારો ભક્તિપ્રભાવ આમ ઓછો નહિ થાય?

'પણ તું સહાય થઇશ જ. કોઇકને રાજપાટ જોઇએ, કોઇકને કીર્તિ જોઇએ, કોઈકને દ્રવ્ય. તું જાણે છે કે મારે એમાંનું કશું જ નથી જોઇતું.'

'મારે તો સ્નેહનો સુવર્ણયુગ જોઇએ છે. પ્રેમની એકાન્ત, જ્યાં સંસારની ધમાલ ન હોય; જ્યાં નક્કર ખડકો વચ્ચે મારી પ્રિયતમાનું સુકુમાર મુખારવિંદ જોઈ શકું તે જોઇએ છે. તો હવે તારી પ્રસન્નતાના કૃપાપ્રસાદનું કૈંક ચિહ્ન મને આપ. અને પછી જ હું જઇ મૃત્યુને ભેટું અથવા અમારૂં પ્રેમી યુગલ અહીં આવી તારાં રજતશ્વેત ચરણકમળને ચુમી વંદે.'

એમ પ્રાર્થીને મિલેનિયન તો પાસેના થાંભલાને અઢેલી ઉભો. દૃષ્ટિ તો એની દેવીના મૂર્તિ પર જ અનિમિષ ચોંટી હતી. આમ ને આમ આકાશના વાદળી પટમાં સંધ્યાના સુવર્ણરંગી ચીતરામણો કુંકુમવર્ણાં અને ભુરાં થવા માંડ્યાં, અને ઓટ થતા સાગરનો મંદ પણ ચોખ્ખો ખળખળાટ નમતી સાંજમાં અવિરત સંભળાવા લાગ્યો.

પરંતુ કુમાર તો અડગ ઉભો. એક પલકમાં રાત વળુંથી. થોડીકવારે ઉદયમાન ચંદ્રમાનાં કિરણજુથના સ્તંભો જગતપટ ઉપર રોપાયા અને સૌંદર્યદેવી વીનસનું શાશ્વત સ્મિત ઉજ્જવળ લસી રહ્યું. દેવીના સોનાવરણી મશાલ સળગી. મંદિરનાં કુમારિકાઓ પોતાનાં ઉત્તરીયના ફરફરતા છેડા સંકોરતી હારબંધ આવીને મધરાતનું ગીત ગાઇ નૃત્ય કરી ગઇ. પછી તો સઘળું સુનકાર પડયું અને એ સ્થળની શાંતિ ગાઢ પથરાઇ.

સાગરનાં જળ ઉછળીને પગથિયે અડકવા માંડ્યાં; ઉડાઉડ.ને ઉષા આવી લાગી ને તેણે પેલા દેવીભક્તને તે જ થાંભલે મીચાએલી પાંપણે પડેલ દીઠો; છલકતાં પાણીની છાળો તેના ઉપર અફળાઇને ચાલી જતી; પણ કુમાર ભાનસુનો સુઇ જ રહ્યો હતો.

સૂર્યનારાયણે મંદિરનાં શિખર સોનેરી રંગી દીધાં ત્યારે, અચિંત્યો કંઇ સંકેત થયો હોય તેમ મિલેનિયન ઉઠ્યો અને ફરીવાર જાગ્રત ધ્યાનમાં બેઠો.

કંઇક નવી આશા–નિરાશમાં એ આમતેમ ફરવા માંડ્યો. એના મોં પર ગુલાબી અને પીળચટા રંગના પટ બદલાવા લાગ્યા અને તેની નજર અફાટ વ્યોમ તરફ લંબાઇ.

એવે, અચાનક, ચળકતો કો વાદળગોટ હોય તેમ પ્રકાશનો પુંજ ઉડીને પાસે ને પાસે આવ્યો, ને આવતો ગયો તેમ મોટોમોટો થવા માંડ્યો. મિલેનિયનની આંખ અજવાળે ભરાઇને અંજાઈ ગઇ.

હવે તો એ પ્રકાશમાંથી મધુર આમોદ છુટ્યો અને કોઇ ઉંડા સુખાનુભવને લીધે કુમારનું મસ્તક નીચું ઢળ્યું. આ પળે એને કોઇ વાસના નહોતી, કોઇ સ્વપ્ન નહોતું, સુખના કારણની કોઈ જાણ નહોતી.

હવે એના આંખનાં આંસુ ગળી પડ્યાં, નજર ચોખ્ખી થઇ અને દેવીની દિવ્ય મૂર્તિનાં દર્શન થયાં. મોટેથી તે 'વીનસ!' એમ દેવીનું નામ પોકારી ઉઠ્યો અને બીજી જ પળે ભય ને શરમનો માર્યો ચુપ થયો.

સુનકારમાંથી સાદ આવતો હોય તેમ દેવીનો રૂપેરી કંઠ સંભળાવા લાગ્યો:

'મિલેનિયન, તું શાને શંકાશીલ છે? જેઓ મારાં ભક્ત છે તેઓ સદા નિર્ભય છે. મારૂં કહ્યું માનીશ તો તું એ ક્રૂર કુમારિકાને પ્રેમવિહોણું મૃત્યુ પામતી બચાવીશ. જો, મારા પગ આગળ દમાસ્કસનાં ત્રણ પવિત્ર સુવર્ણફળ પડ્યાં છે. તે સુંદર છે એટલું જ નહિ, પણ માનવહૃદયમાં અનેરી આકાંક્ષા જગાડે એવાં છે. એ ફળના દર્શનમાત્રથી એ પવનવેગી કન્યા પોતાનું લક્ષ્ય ચુકશે અને તું વિજય મેળવીશ. શરતમાં એ તારાથી આગળ નીકળે ત્યારે, એ જુએ તેમ આમાંનું એક ફળ તું આડરસ્તે ગબડાવજે. મોહવશ બની એ જરૂર ફળ પાછળ દોડશે, ને તું તારી દોડ શરૂ રાખજે. એવી જ તરેહથી બીજાં બે ફળનો તું ઉપયોગ કરજે. અને પછી



જ્યારે વનદેવીની એ વીર શિષ્યા પોતાનાં કૌમારવસ્ત્રો ઉતારે અને તને વાદળઘેરી આંખો વડે માયાળુ નજરે જોઇ રહે ત્યારે—બેટા, તું કંપે છે કેમ?—આ તારી સુખવિધાત્રી શી વીનસને ન વીસારીશ.'

આ બોલતાં તો દેવી એટલી મધુર ને માયાળુ બની કે કુમારે તેની સામે જોવા માથું ઉંચું કર્યું—પણ . . . પણ બહુ મોડું. ત્યાં માત્ર શ્વેત આરસપ્રતિમા અને પાસે ત્રણ સુવર્ણફળ પડેલાં !

આંખ ચોળીને તેણે એ સુવર્ણફળ ઉચકી લીધાં. આતુરતા અને ચિંતાભરી રાતોના ઉજાગરા હતા, ગઇ રાતનું જાગરણ હતું અને છતાં તેને લાગ્યું કે પોતે ઉંઘી શકશે નહિ. પણ એવામાં આંખ પર એક સૂર્યકિરણ પડતાં એનું પોપચું બીડાયું અને કુમાર ભરઉંઘમાં પડ્યો.

બપોર પછી મિલેનિયન આનંદભર ઉઠ્યો અને વિચાર કરતાં પણ આનંદનું કારણ કળી શક્યો નહિ. ત્યાં તો તેની આંખ પેલાં ચકચકિત સુવર્ણફળ તરફ ફરી. પછી તો દેવીને નમન દઇ એ ચાલ્યો. ચાલતાં પાછો વળીને જોતો જતો એ, સંસાર, સમાજ, લોક અને વ્યવહારના ચક્રાવામાં ઘર તરફ વળ્યો.

૪

એક માસની મુદત વીતી છે. મેદાનમાં લોકની મેદની સમથર જામી છે. પહેલાંનો જેમ આ શોકનો દેખાવ નથી. સૌ જોનારાંની વચ્ચે પડછંદ જેવો જુવાન મિલેનિયન ઉભો છે. પણ કન્યાના ચહેરા ઉપર આ શો અજબ ફેરફાર! શું એ કુમારની ચળકતી આંખમાં તલવારની ધારનો તિરસ્કાર, આશા અને વિજય જોઇ રહી છે? કુમારના હોઠ આટલા લાલલાલ શા? મુખ પર આવડા સુખની માધુરી શી? વિજયનો ઉન્માદ શો? જાણે કોઇ દેવ મનગમતી કન્યા પરણવા જતો હોય!

અને કુમારની નજર સામેથી એ પોતાનાં પોપચાં સંકેલી કેમ લે છે? મિલે-નિયનની સન્માનશીલ દૃષ્ટિમાત્રથી એને ગાલે શરમનાં કુંડાળાં કેમ પડે છે? એને એમ કેમ લાગે છે કે પોતે આવા હરીફના પોશાકમાં ન આવી હોત તો? શું ઍટલાન્ટા કોઇ પ્રેમગીત સાંભળે છે, કે કન્યાનો લગ્નકોલ?

આવી અનિશ્ચિત અને અનામી કલ્પનાઓ કન્યાને શાને આવે છે? આ દયાની વૃત્તિ કેમ જાગે છે? અચિંતી શિથિલતા, કીર્તિની અવગણના, ગતકાલનો કુંળો શોક, હરઘડી વધતી શંકાઓ,—આ સૌ શા માટે? શરતનો સમય ભરાય છે તેમ એને કંપારી કેમ છુટે છે? શરમભરી હાર અને કોઇકની દુઃખદ જીતનો ભય એને કેમ લાગે છે?

ઍટલાન્ટા પોતાના હૃદયના ધડકાટ સાંભળતી નથી. એટલામાં તો રણશીંગુ



ફેંકાય છે; અને—અને . . . આ શરત છુટી. વેગભર એના કમળપોળા પગ ઉપડ્યા; ઘડીક ધીમા પડ્યા. ત્યાં તો તેણે પાછું જોયું ને શ્વાસ ચાંપીને ઉપડી. લોકોએ ધાર્યું કે મિલેનિયન મુઓ !

એવે, પ્રકાશનું કિરણ દોડતું જાય તેમ, જમીન ઉપર કંઈક દડ્યું. આ જોઈને સહસા એ કન્યાના હૃદયમાં વાંછના જાગી. એને થયું કે અંતરિક્ષથી કોઈ દેવની એ ભેટ છે. મારે તે જોઈએ. તરત તે આડી ચાલી. સુવર્ણફળને ઉચકી કોમળ હુંફાળી છાતીમાં સંતાડ્યું અને પાછી શરતમાં દોડી. પણ એટલામાં તો કુમાર ક્યાંય નીકળી ગયો હતો.

એક હાથે ફળ પકડી જોસભેર એ ઉપડી ને આગળ વીંઝાઈ. દોડતાં ઍટલાન્ટાનું ધનુષ છુટી પડ્યું ને ભાથામાંથી ત્રણ બાણ પડી ગયાં. જેવો મિલેનિયન વળાંકના સ્તંભને અડકવા જાય છે કે એનાં આંગળાં નીચેથી કોઈનો હાથ સરકી નીકળ્યો. એની આંખ આગળથી એ શ્વેતવરણી કન્યા એકસપાટે પસાર થઈ ગઈ.

સમયસૂચક મિલેનિયન એકદમ બીજું સુવર્ણફળ ફેંકે છે. લબકી હોય તેમ ઍટલાન્ટા અટકે છે, અને દોડી, ફળ લઈ, હવા વીંધી દૂરસુદૂર ફેંકાય છે.

શરતના નીશાનને હવે વાર નથી. કુમારની લગોલગ એ આવી કે તરત તેણે પોતાનું મોં એની આંખ તરફ માંડ્યું અને ત્રીજું સુવર્ણફળ છોડ્યું. આબાદ તીર માફક એ છટકી ત્રીજા ફળ પાછળ પડી, લીધું ને તરત એ દારુણ વિજય મેળવવા દોડી.

પણ એને આ શ્વાસ શાનો ચડ્યો ? અને પગ ભારેખમ કેમ થયા ? અરે, એ નીશાન પણ દેખી શકતી નથી ! આંખે ઝાંખ વળી છે, શરીરે ધ્રુજ છુટે છે, કોઈ આધાર ખોળવા એ હાથ લંબાવે છે, અને પેલા કુમારનો હાથ પોતાને ઝીલી લેતો જુએ છે. અપૂર્વ સુખમાં એ પડે છે અને પોતાની વસમી હાર થઈ જોઈ આનંદનાં આંસુ ટપકાવે છે !

૫

બસ, રણશીંગું ફેંકી દો; શમિયાણાના થાંભલા કાઢી નાખો; યજ્ઞવેદી ઉપર તલવાર ભાંગી નાખો; અને મૃદ્રત જુવાનોનાં આત્માઓની સદ્ગતિ માટે ધૂપ કરો.

સ્ફીનસ ! તારા ભંડાર ખુલ્લા કર, અને સુવર્ણ ટોરા ને કટિમેખલા. કેસરછાંટ્યા સાળુ અને હિમશીત અંજન વડે વરઘોડિયાંનું અર્ચન આદર. ઓ દેવકુમારિકાઓ ! કોઈ શીતળ મંડપ હેઠળ આ નવવધુનો લગ્નોત્સવ માણો; કારણકે ઍટલાન્ટા સૌંદર્ય-દેવી વીનસને ચરણે પોતાની કૌમારમેખલા અને ધનુષબાણ ધરવા આવી છે.

[વિલિયમ મોરિસના કાવ્ય ઉપરથી] દેશળજી પરમાર




જ્ઞાનયોગી દ્વિજેન્દ્રનાથ

:: કોઈ મહા પુરુષનું જીવન કાર્યરત હોય છે, તો કોઇનું વળી જ્ઞાનની સાધનાથી જ ભર્યું હોય છે. કર્મયોગીનું જીવન જનસમાજ પળેપળે જોઈ શકે છે, પણ બીજા ઘણા યે એવા મહાત્માઓ હોય છે કે જેમનાં જીવન શાંત રીતે, જનસમાજની દષ્ટિથી દૂર, કોઇ એકાંત સ્થાનમાં વીતેલાં હોય છે. આથી તેમાં દેશને હલમલાવે એવા મોટા પ્રચંડ બનાવો નથી હોતા. જે કાંઇ વિપ્લવ કે વિકાસ થાય છે તે તેમનાં અંતરમાં જ હોય છે. પણ એટલા માટે કોઈ એમ ન માને કે એ આંતરિક ઉથલપાથલોનું મૂલ્ય પેલી દેશવ્યાપી ઉથલપાથલો કરતાં કોઈપણ રીતે ઓછું હોય છે. ઘણીવાર તો આ બહારની ઉથલપાથલો કરતાં તે અનેકગણું મહત્ત્વનું હોય છે. આવા મહાત્માઓનાં અંતરનો ઇતિહાસ તેમના રોજના જીવનના સામાન્ય પ્રસંગોમાંથી આપણે શોધી લેવાનો હોય છે.

:: શ્રી દ્વિજેન્દ્રનાથ ઠાકુર આવા બીજા પ્રકારના મહાત્મા હતા. જ્ઞાનની એમણે કરી એવી અનન્ય નિષ્ઠાથી સેવા બહુ જ થોડાં માણસો કરતાં હશે. જીવનની શરૂઆતમાં થોડોક વખત એમણે જાહેર જીવનમાં થોડો ભાગ લીધેલો. પણ ત્યારપછી તો તેમણે શાંતિનિકેતનમાં આવેલી પોતાની કુટિરને છોડી જ નથી. છેલ્લાં ત્રીસ વરસથી તેઓ સ્થિરભાવે ત્યાં જ રહેતા હતા. ગઇ તા. ૧૯મી જાન્યુઆરીએ એમનું અવસાન થયું.



અવસાન પછી લેવાએલો ફોટો

એમનો જન્મ જોડાસાંકોના ઠાકુર કુટુંબમાં બંગાળી સંવત ૧૨૪૬ના ફાગણ માસની ૨૯મી તારીખે, (સન ૧૮૩૯માં) થયો હતો. એમના બાળપણમાં જ એમના કુટુંબ પર એક મહાન આપત્તિ આવી હતી, અને તેમાં એમના પિતા શ્રી દેવેન્દ્રનાથ ઠાકુરે જે ધીરજ અને સત્યપરાયણતા દાખવ્યાં હતાં તેની અસર દ્વિજેન્દ્રનાથના જીવન પર બહુ જ સચોટ રીતે પડી. વાત એમ બની હતી કે જ્યારે એમના દાદા' શ્રી દ્વારકાનાથ ઠાકુરનું અવસાન થયું ત્યારે તેમને માથે રૂપિયા એક કરોડનું દેણું હતું! જે વખતની વાત કરીએ છીએ તે વખતે એમની પેઢી ઉપર હુંડી પર હુંડી આવવા લાગી અને નાણાંની તંગી જબ્બર જણાવા લાગી. એક દિવસ રૂપિયા ત્રીસ હજારની એક હુંડી આવી અને તેના રૂપિયા કોઇ પણ રીતે ન ભરી શકાયા. પેઢીની શાખ ગઇ અને બારણે તાળાં દેવાયાં! પેઢીના વ્યવસ્થાપક મિ. ગૉર્ડને સૌ લેણદારોની સભા બોલાવી. હિસાબ કરતાં જણાયું કે પેઢીને માથે એક કરોડનું દેણું છે અને સિત્તેર લાખની ઉઘરાણી છે. ત્રીસ લાખની ખોટ! શ્રી દ્વારકાનાથ ઠાકુરમાં વ્યવહાર બુદ્ધિ ઘણી હતી. દેણામાં બધી જ મિલકત ન ચાલી જાય અને કુટુંબનાં માણસોને વેઠવું ન પડે તે માટે વીલમાં થોડી મિલકત 'ટ્રસ્ટ' કરી ગયા હતા.

આ વિપત્તિને સમયે કેટલાક સંબંધીઓએ દેવેન્દ્રનાથને સલાહ આપી કે નાદારી નોંધાવો. પણ આ

ગૃધ કસ્યચિત્ ધનમ્' ના જાણનારને તે ન રૂચી. સભામાં મિ. ગૉર્ડને બધા લેણદારોને કહ્યું કે ટ્રસ્ટ સિવાય બધી સંપત્તિ તમને સોંપવામાં આવશે; ટ્રસ્ટની મિલકતને તમે હાથ નહિ અડકાડી શકો. આ સાંભળીને દેવેન્દ્રનાથ ગિરીન્દ્રનાથને કહે, "ગૉર્ડન સાહેબ લેણદારોને ભય બતાવે છે કે ટ્રસ્ટની મિલકત પર તેઓનો કશો અધિકાર નથી; પણ આ વખતે આપણે બહાર પડીને કહેવું જોઇએ કે જોકે દેણા પેટે એ ટ્રસ્ટ પર તમારો અધિકાર તો નથી, તેમ છતાં જરૂર પડે તો તે મિલકત પણ તમને સોંપવાને અમે તૈયાર છીએ. પિતૃઋણમાંથી અમે મુક્ત થઇએ એમ થવું જોઇએ. બીજી બધી મિલકતથી જો દેણું ચુકવાય એમ ન હોય તો ટ્રસ્ટની મિલકત પણ તમારે સ્વાધીન જ છે.'

ગૉર્ડનના શબ્દોથી લેણદારોમાં જરા નિરાશા અને અસંતોષ ફેલાયાં હતાં. તેઓ તો દેવેન્દ્રનાથના આવા શબ્દો સાંભળીને અવાક જ થઇ ગયા! તેમનામાં સહાનુભૂતિ જાગી. તેઓની ખાતરી થઇ કે પેઢી પડી ભાંગી એમાં આ લોકોનો વાંક નથી, તેમ એમની નિષ્ઠા પણ શુદ્ધ છે. કેટલાક તો આ સાંભળીને આંસુ સારવા લાગ્યા! આખરે એવો ઠરાવ થયો કે કુટુંબને વરસે પચીસ હજાર ખર્ચ પેટે આપવા અને તેમની જમીનદારી મિલકત વગેરેનો વહીવટ કરવાને એક સમિતિ નીમવી.

જે દિવસે શ્રી દેવેન્દ્રનાથ પોતાની સઘળી મિલકતની યાદી કરીને માગનારાઓને આપવાને ચાલ્યા તે દિવસે ઘરમાં રડારોળ થઇ રહી. જાણે મરણ પ્રસંગ જ ન આવ્યો હોય! એ યાદી સભામાં વંચાઇ ત્યારે દેવેન્દ્રનાથ એકાએક બોલી ઉઠ્યા, 'એક વસ્તુ લખવી રહી ગઇ છે; આ મારી આંગળી પરની વીંટી. જરા લખી લો તો!' લોકો તો આ સાંભળીને સ્તબ્ધ જ થઇ ગયા!

દસ વરસની વયે દ્વિજેન્દ્રનાથને સેંટ પૉલની નીશાળે મુકવામાં આવ્યા; પણ રવીન્દ્રનાથની માફક તેમને પણ પોતાની જાતને પોતે જ કેળવવાની સ્વતંત્રતા જોઇતી હતી, એટલે વધુ વખત તે શાળા સાથે તેમનો સંબંધ રહ્યો નહિ. નાનપણથી જ તેમને રામાયણ અને મહાભારત વાંચવાનો રસ લાગ્યો હતો. એ પુસ્તકો દ્વારા તેઓમાં બંગાળી સાહિત્ય માટે પ્રેમ ઉત્પન્ન થયો. પછી તેમણે એ બે ગ્રંથો મુળ સંસ્કૃતમાં વાંચ્યા. આમ એક વાર સંસ્કૃત ભાષામાં પ્રવેશ પામ્યા, એટલે ધીમેધીમે સંસ્કૃત દર્શનશાસ્ત્રો તરફ વળ્યા. પંદર વરસની વયે તેમણે પોતાનું કરેલું "મેઘદૂત"નું ભાષાંતર બહાર પાડ્યું. 'તત્ત્વવિદ્યા' નામનો ગ્રંથ પણ તેમણે જુવાનીમાં જ લખેલો.

ઠાકુર કુટુંબના તેઓ સૌથી મોટા ઉત્તરાધિકારી હતા, એટલે તેમને સંપત્તિની દેખરેખ રાખવાના કામમાં પાવરધા બનાવવાને માટે તેમના પિતા મહર્ષિ દેવેન્દ્રનાથ ઠાકુરે બનતા પ્રયત્ન કર્યા; પણ આ જ્ઞાનપિપાસુની મતિ સંસાર તરફ ન વળી તે ન જ વળી. પોતે માંડેલા આ જ્ઞાનયજ્ઞની આડે સંસારી જંજાળ ન આવે એટલા માટે એમણે સંસારનાં કર્મો સાથેનો બધો સંબંધ ત્યજી દીધો હતો. પિતાના મૃત્યુ પછી શ્રી દ્વિજેન્દ્રનાથે સંસારમાંથી મુક્ત રહેવા માટે જમીનદારીનો પોતાનો હિસ્સો હમેશને માટે પોતાના ભાઇઓના કબજામાં સોંપી દીધો અને પોતાના પરિવારના ભરણપોષણનો ભાર પોતાના વડા પુત્ર દ્વિપેન્દ્રનાથ ઠાકુરને માથે નાખ્યો.

વૃદ્ધાવસ્થામાં પણ તેઓ તત્ત્વજ્ઞાનના ગંભીર પ્રશ્નોના વિચારમાં મગ્ન રહેતા હતા. ઉછળતાં લોહીવાળા નવજુવાનને કદાચ થાક ચડે, પણ શાસ્ત્ર સંબંધી વિચાર કરવામાં તેઓ થાક્યા હોય એવું જાણ્યું નથી. 'શાંતિનિકેતન આશ્રમના વાસીઓ જ્યારે મધરાતને સમયે ઉંઘતા હોય, આશ્રમલક્ષ્મીએ શાંત, સ્નિગ્ધ, ગંભીર ભાવ ધારણ કર્યો હોય ત્યારે પણ શ્રી દ્વિજેન્દ્રનાથ જાગતા હોય છે. નોકરોએ મેજની બે બાજુ બે મીણબત્તીઓ સળગાવી હોય છે અને તેમની કલમ થાક્યા વિના ચાલતી જ હોય છે. જોતજોતામાં પૂર્વ ગગનમાં લાલી પ્રસરી રહે છે અને પ્રભાતનાં પંખીઓ ટહુકી ઉઠે છે. દ્વિજેન્દ્રનાથની આ રાતની વાત કાંઇ ડોસીમાની વાત નથી.' આજથી બાર વરસ પહેલાં તેમને માટે આ લખાયું હતું.

દર્શનશાસ્ત્રના પ્રશ્નોનો વિચાર કરવો તેમને બહુ ગમતો. તેમનો ઘણોખરો સમય એમાં જ જતો. ગંભીર તત્ત્વજ્ઞાનનો વિચાર કરતાંકરતાં જ્યારે જરા વિશ્રામની જરૂર પડતી ત્યારે તેઓ એક બહુ જ વિચિત્ર ઉપાય અજમાવતા. તમે કદાચ એમ ધારતા હશો કે તેઓ

માનસિક પરિશ્રમ છોડી દઇ બીજું કોઇ કામ હાથ ધરતા હશે. ના. તેઓ તો એવે વખતે ગણિતશાસ્ત્રના કૂટ પ્રશ્નોનો વિચાર કરવો શરૂ કરતા! તેઓ ઘણીવાર કહેતા, 'આ હમણાં જ જરા આરામ લેવા બેઠો છું!'


પણ જ્યારે તેઓને તદ્દન જ વિશ્રામ લેવાની ઇચ્છા થતી ત્યારે, તેઓ દોરી કે ગુંદર વિના માત્ર કાગળને કુશળતાથી વાળીને તેની જાતજાતની પેટીઓ, બાકસ, બૅગ વગેરે તૈયાર કરવાનું કામ હાથ લેતા. તેમની આવી પ્રસાદીઓ શ્રી એન્ડ્રૂઝનાં ટેબલ ઉપર પુષ્કળ જોવામાં આવે છે.

દ્વિજેન્દ્રનાથને પુત્ર પૌત્ર, ધન જન વૈભવ, બધું યે હતું, પણ તેઓ એ બંધનથી નહોતા બંધાયા. તેઓ તો જ્ઞાનસમુદ્રનું અમૃતપાન કરવામાં જ મશગુલ હતા. આ અમૃતપાન આગળ બીજી કોઈ પણ વસ્તુનું તેમને મૂલ્ય ન હતું. કોઇકોઇવાર સંસારના શોકનાં વાદળ ઘેરાતાં, પણ કશાથી તેઓ વિચલિત થયા નથી. શ્રી રવીન્દ્રનાથ સિવાય તેમના બધા ભાઇઓ, લગભગ બધી જ બહેનો, તેમના વડા પુત્ર અને પુત્રીઓ, તેમ જ બીજાં યે કેટલાંક સંબંધીઓના મરણપ્રસંગો તેમણે જોયા. તેમને આથી આઘાત ન થયા એમ નહિ; પણ તેઓ આવા દુઃખના પ્રસંગે પણ મનની અજબ શાંતિ રાખી શકતા.

આશ્રમના જીવો પ્રતિ તેમની પ્રીતિ અને કરુણા અપૂર્વ હતાં. તેમના પરિવારમાંથી તો કોઇને તેમનું સદાનું સાથી કહી શકાય એમ નથી. જો કોઈ પણ તેમનું સદાનું સાથી હોય તો તે માત્ર આશ્રમની ખીસકોલીઓ અને પંખીઓ. ઘણી વાર, કોઇપણ જાતની ખલેલ વિના, એકલા બેસીને તેઓ જ્ઞાન-સમુદ્રનાં રત્નો વીણતા હોય, અને સામેના આમળાંના વૃક્ષ પરથી પંખી આવીને મોજથી તેમના માથા પર બેસે! ખીસકોલીઓ પણ આવીને નાચીકુદીને ગેલ કરે! દ્વિજેન્દ્રનાથ આમને નોકરો મારફત જોઇએ એટલું ખાવાનું નખાવતા. એક દિવસ એક પંખી તેમને ખભે બેસીને રમતું હતું. એકાએક તેણે તેમની આંખમાં ચાંચ મારી! આંખ એકદમ લાલચોળ થઇ ગઇ. આ ખબર સાંભળીને આશ્રમવાસીઓને જરા ચિંતા થઇ, પણ એટલામાં તો તેઓ જાતે જ ત્યાં આવી પહોંચ્યા. લાગ્યું વધારે હોય એમ જણાતું હતું, તોપણ તેઓ બોલ્યા, 'ના ના; ખાસ કાંઇ નથી. થોડીવારમાં નરમ પડી જશે. તેણે તો કાંઇ થોડું જ જાણીજોઇને વગાડ્યું હતું?' આ એમની ભૂતદયા.

તેમની વિચારશક્તિ અદ્દભુત હતી. શાસ્ત્રોની મદદ લીધા વિના પણ ફક્ત પોતાની વિચારશક્તિના બળથી કોઇ એક સિદ્ધાંત બાંધી તેઓ આગ્રહપૂર્વક કહી શકતા કે આમ હોવું જ જોઇએ. આનંદ અને આશ્ચર્યની વાત તો એ છે કે શાસ્ત્રોમાં પાછળથી તે બાબતની શોધ કરતાં બરાબર તે જ પ્રમાણે લખેલું માલુમ પડતું! એકવાર તેઓ શ્રી વિધુશેખર ભટ્ટાચાર્ય (અમારા શાસ્ત્રી મહાશય) સાથે દિશાઓનાં નામો સંબંધી ચર્ચા કરતા હતા. તેમણે કહ્યું, સવારમાં સૂર્ય પૂર્વ દિશામાં ઉગ્યો તેની ઉજ્જ્વલ જ્યોતિથી આકર્ષાઇને માણસો તે તરફ મોં કરીને ઉભાં. આથી તે વખતે સૂર્ય તેમની સામે હતો, એ ઉપરથી સંમુખતા વાચક 'પ્ર' શબ્દ વડે એ દિશાનું નામ 'પ્રાક્' કે 'પ્રાચી' અર્થાત્ પૂર્વ પડ્યું. પશ્ચિમ દિશા એની બરાબર સામે જ હતી, એટલે સંમુખથી ઉલટું તે પશ્ચાત્. આ ઉપરથી તે દિશાનું નામ પ્રતિકૂલતા વાચક શબ્દ 'પ્રતિ' થી શરૂ થતું 'પ્રત્યક્' અથવા 'પ્રતીચી' એટલે પશ્ચિમ પડ્યું. ભારતવર્ષના અનાર્ય લોકોએ જોયું કે ઉત્તર દિશા સૌથી ઉંચી છે, કારણકે હિમાલય તે જ દિશામાં આવેલો છે. આ ઉપરથી તે દિશાનું નામ ઉચ્ચના વાચક શબ્દ 'ઉત્' થી શરૂ થતા 'ઉદક્' અથવા 'ઉદીચી' એટલે ઉત્તર પડ્યું. દક્ષિણ દિશામાં સમુદ્ર હતો એટલે તે નીચી હતી. નીચાપણું દર્શાવનાર શબ્દ અવ છે એટલે એ દિશાનું નામ 'અવ' શબ્દથી શરૂ થતું હોવું જોઇએ. 'અવાક્' કે 'અવાચી' શબ્દ દક્ષિણ દિશાના અર્થમાં વપરાતો આવ્યો છે એ વાત તેમના ધ્યાનમાં ન હતી, એટલે તેઓ એવા શબ્દોની શોધમાં હતા. એટલામાં તો શાસ્ત્રીજીએ તે સૂચવતાં જ તેમના આનંદનો પાર ન રહ્યો.

શ્રી દ્વિજેન્દ્રનાથે ઢગલાબંધ પુસ્તકો વાંચી નાખ્યાં હતાં એવું કાંઇ ન હતું. તેઓ વાંચતા થોડું, પણ વિચાર જ વધુ કરતા. લખતીવાંચતી વેળા તેમની નજર શબ્દ કરતાં અર્થ તરફ વધારે રહેતી. પોતાના વાંચન વિષે તેઓ કહેતા કે મારા પિતાજીને મોઢે હું જે ગ્રંથોની પ્રશંસા સાંભળતો તે ગ્રંથો જ માત્ર હું




તરંગમાલા

ફોટોગ્રાફીની કળામાં પોતાનો પ્રગાઢ અધિકાર બતાવી, યૂરોપ-અમેરિકામાં યશોગાનના ડંકા વગડાવી ભારતનું મુખ ઉજ્જ્વલ કરનાર આપણા પારસી ફોટોગ્રાફર સ્વ. મિ. શાહપુર ન. ભેદવારની, ઉપલું ચિત્ર, સર્વોત્તમ કૃતિ છે. :: ઇ. સ. ૧૮૯૧માં લિવરપુલમાં ભરાએલા પેલા ચિરઃસ્મરણીય મહાન પ્રદર્શનમાં રજુ થએલી, યૂરોપ-અમેરિકાના અનેક દેશોના કલાસિદ્ધ ફોટોગ્રાફરોની ૧૫૦૦ તખ્તીઓમાં, ૪૩૦૦ ફોટોગ્રાફોમાં હિંદના મિ. ભેદવારની કૃતિઓ સર્વોત્કૃષ્ટ લેખાઇ હતી અને તે માટે ફોટોગ્રાફીની ' વર્લ્ડ ચમ્પિયનશિપ 'નો સોનાનો ચાંદ તથા ' વર્લ્ડ ચૅલેન્જ કપ ' તેમને મળ્યાં. :: એક વખત લાહોરના રસ્તામાં ફરતાં મિ. ભેદવારને એક અનુપમ લાવણ્યવતીનાં દર્શન થએલાં, જેનો ફોટોગ્રાફ અમુક સમયે અને અમુક પરિસ્થિતિમાં લેવાય તો, તેમને લાગ્યું કે, એક અજબ સૌંદર્યવંતું ચિત્ર દુનિયાને પ્રાપ્ત થાય. આથી, ત્રણ દિવસ ને ત્રણ રાત તે તેની પાછળ ભટકયા કર્યા, અને તેના પિતા પાસેથી એમની એ પુત્રીનો ફોટો લેવાની મહા મહેનતે રજા મેળવી. પરંતુ હજી તેમની ધારી ઇચ્છા પુરી થવાને વાર હતી. સૌંદર્યની ઇષ્ટ કોટિ તો પ્રાપ્ત થઇ, પરંતુ તેને સારામાં સારી રીતે પ્રતિફલિત કરી શકે તેવી આકાશ અને તેજની રચના સૂર્યદેવ પામવા દેતો ન હતો. અંતે, દિવસોના દિવસો સુધી રખાએલી તપાસના ફળરૂપ ઇષ્ટ સંયોગો તેમને એકાએક પ્રાપ્ત થયા, અને એક અપ્રતિમ લાવણ્યવંતું, ' ફુવારાને કાંઠે તરંગનિમગ્ન સુંદરી 'નું ચિત્ર તેમને પ્રાપ્ત થયું. આ ચિત્ર ઇંગ્લંડના પરીક્ષકોને હાથે પદક મેળવવા પામ્યું. જેનો નાનો બ્લૉક ઉપર છાપ્યો છે. પછી તો એમણે આ ઉપરથી આઠ ચિત્રોની એક આખી માળા તૈયાર કરી, અને તે માટે ઉપર જણાવેલા લિવરપુલવાળા પ્રદર્શનમાંથી અસાધારણ સામર્થ્ય દાખવતા ફોટોગ્રાફીની કલાના જ્ઞાન માટે તેમને ચક્રવર્તી (ચૅમ્પિયન) ફોટોગ્રાફરનું પદ મળ્યું. એ આઠ ચિત્રોની કીમત રૂા. ૨૮૦૦૦ તેમને મળ્યા. તે સંગ્રહની કીમત ઓછી ન કરવા ખાતર એમણે એ ચિત્રની બીજી નકલો બહાર કાઢી જ નહિ. સ્વ. હાજીમહમ્મદ અને સ્વ. ભેદવાર બને જાની મિત્રો હતા; બંને કળાના શહીદો હતા. પોતાના જિગરના સ્નેહી હાજીમહમ્મદને પોતાના જિગરની ચીજ તરીકે મિ. ભેદવારે ઉપલું ચિત્ર ભેટ આપેલું.

ઍટલાન્ટાની શરત

ચિત્રકાર :
સર એડવર્ડ જે. પૉઇન્ટર



કુમાર ચૈત્ર : ૧૯૮૨

વાંચતો. મેં ઉત્તમ પુસ્તકો જ માત્ર વાંચ્યાં છે; નકામાં પુસ્તકો વાંચવાનો લોભ કે શૉખ મને નહોતો લાગ્યો.

તેઓને શાસ્ત્રો સંબંધી વિચારમાં અને જ્ઞાનચર્ચામાં આટલી સફળતા મળી એનું મુખ્ય કારણ તેમની સત્યનિષ્ઠા હતી. તેમનું મન કોઇ પણ સાંપ્રદાયિક સંસ્કારથી કલુષિત નહોતું થયું. સત્યપથ જોવામાં પક્ષપાતનાં પડળો તેમનાં નેત્રોની આડે નહોતાં આવ્યાં. બ્રહ્મર્ષિ શ્રી દેવેન્દ્રનાથ ઠાકુરે જ્યારે બ્રહ્મસમાજની સ્થાપના કરી ત્યારે શરૂઆતમાં દ્વિજેન્દ્રનાથ તેના પ્રચારકાર્યમાં સક્રિય ભાગ લેતા હતા. પણ જ્યારથી શ્રી કેશવચંદ્ર સેનની આગેવાની હેઠળ તે ચળવળ સાંપ્રદાયિક થઇ ગઇ ત્યારથી તેઓ દૂર ખસી ગયા અને શાંતિ તથા એકાંતમાં દર્શનશાસ્ત્રની સેવા સ્વીકારી લીધી. તેઓ કોઇ પણ સંપ્રદાયનો માત્ર બહારનો ભાગ ન જોતા, પણ તેનું અંતર પણ તપાસતા અને સમજવા પ્રયત્ન કરતા. પોતાનાથી ભિન્ન સંપ્રદાય ઉપર પણ જો અનુચિત આક્ષેપ મુકવામાં આવતો તો તે તેમનાથી બીલકુલ સહન ન થતું.

એક વાર કોઇ માણસે પ્રસંગ ઉભો થતાં કહ્યું કે હિંદુઓના શ્રીકૃષ્ણનું કૃષ્ણ સ્વરૂપ બહુ જ કદરૂપું છે અને તે અસભ્ય, બર્બર અને જંગલી લોકોની કલ્પનામાંથી લેવામાં આવ્યું છે! વાત ફરતીફરતી તેમને કાને ગઇ. બપોરના બે અઢી વાગ્યાનો વખત હતો. સૂર્ય પ્રખર કિરણે તપી રહ્યો હતો. વૃદ્ધ તપસ્વી ધીર પગલે ચાલીને આશ્રમમાં આવી પહોંચ્યા, અને મૃદુ પણ દૃઢ ભાષામાં પેલા માણસનો ભ્રમ બતાવી કહેવા લાગ્યા, 'શ્રીકૃષ્ણમાં કુરૂપતાની વાત જ ક્યાં આવી? બધે જ તો તેમનો 'શ્યામસુંદર' 'મદનમોહન' કરીને ઉલ્લેખ કર્યો છે.'

દર્શનશાસ્ત્રના તો દ્વિજેન્દ્રનાથ રસિયા હતા. તેમણે પૂર્વ અને પશ્ચિમનાં દર્શનશાસ્ત્રોનો યથાર્થ રસાસ્વાદ કર્યો હતો. દર્શનશાસ્ત્રની વાત નીકળતાં જ તેમના હૃદયનાં આવરણ જાણે ખુલી જતાં. હૃદયનો ભાવ એવા તો જોસથી ઉભરાઇ જતો કે શ્રોતા જો પુરતો વિચક્ષણ ન હોય તો તેને બધું સમજવું યે ભારે થઇ પડતું. હિંદનાં દર્શનશાસ્ત્રોમાં વેદાંત, સાંખ્ય અને યોગ ઉપર તેમનો બહુ જ પ્રેમ હતો. સાંખ્યના સત્ત્વ, રજસ અને તમસ એ ત્રિગુણની વ્યાખ્યા કરવામાં તેમણે પોતાની અપરિસીમ વિચારશક્તિનો પરિચય કરાવ્યો છે, અને તે વ્યાખ્યા એટલી તો સરસ છે કે હાલના મહામહોપાધ્યાયો પણ તે વાંચીને દિઙ્મૂઢ થઇ જાય. પૂર્વ ને પશ્ચિમનાં દર્શનશાસ્ત્રોની તુલનામાં તેઓ હંમેશાં પૂર્વનાં દર્શનશાસ્ત્રોને જ ઉત્તમ ગણતા.

તેમનો આચાર–વ્યવહાર બધો પ્રયોજનને જ અનુસરીને થતો. ચાલુ રિવાજ જેવી કોઇ વસ્તુનો તેઓ સ્વીકાર જ કરતા નહિ. ચશ્માના જે ભાગ શરીરને લાગવાથી સહેજ વેદના થાય તે બધા ભાગને તેઓ રૂ બાંધી લેતા! ફરતી વખતે અપકન ઝુલતું રહે તો અગવડ થાય, માટે ડાબે ને જમણે ખભે તેને કસ વતી બાંધી લેતા! સપાટ પગના અંગુઠામાં લાગે માટે તેઓ સપાટના તે ભાગને ગોળ જ કરી લેતા! જેટલું ઉપયોગી હોય તે જ કરવું. આહાર, વિહાર, પહેરવું ઓઢવું દરેક બાબતમાં આ નિયમ તેઓ બરાબર પાળતા.

પોતાના લખાણમાં શબ્દ વિષે પણ આ જ નિયમ. તેઓ પોતે જ કહેતા કે હું તોળી, વજન કરીને શબ્દો વાપરૂં છું. હૃદયના ભાવો બરાબર સચોટરીતે દર્શાવી શકે એવા શબ્દપ્રયોગ કરનાર બીજો લેખક ભાગ્યે જ બંગાળી ભાષામાં કોઇ હશે. નાનાનાના શબ્દો દ્વારા પણ ભાવ કેવી રીતે પ્રદર્શિત કરી શકાય છે એ જોવું હોય તો તેમનાં લખાણ વાંચવાં. ભાવ સારી રીતે

મેવાડ અને મહારાષ્ટ્રના ઇતિહાસમાં તમે જોશો કે ૧૩-૧૪ વર્ષના છોકરાઓ રણક્ષેત્રમાં ઉતરીને દેશસેવા કરી રહ્યા હતા. ઘણા કુમારો કતલ થઈ ગયા હશે અને ઘણા વિજય મેળવીને પાછા આવ્યા હશે.

જ્યારે દેશનો આપત્તિકાળ આવે છે ત્યારે, કુમાર અવસ્થામાં, યુવાવસ્થામાં તેમજ મોટી વયે સ્વધર્મ તથા સ્વરાજને માટે (જરૂર પડે તો આત્મભોગ આપીને પણ) દેશની સેવા કરવી પડે છે.

આજના સમયને હિંદુસ્તાનનો આપત્તિકાળ નહિ કહો? જે પ્રજામાં જ્ઞાનપ્રચાર કરવામાં મુશ્કેલીઓ નડે છે, જ્યાં કરોડો માણસો અધમુઆ જેવા જીવે છે, જ્યાં સેંકડો રોગોનું સામ્રાજ્ય ફેલાઇ રહ્યું છે, જ્યાં સ્વતંત્ર મતનાં માણસોને પેટમાં અંગર માથા ઉપર ફટકા મારીને દબાવી દેવાય છે, તેવી સ્થિતિને આપત્તિકાળ નહિ કહો તો શું કહેશો?

કુમળી વયના કુમારો! તમારા ધર્મ તથા દેશને માટે શું કરશો?

સુમન્ત મહેતા

પ્રદર્શિત કરવા માટે કેટલીક વાર તો તેઓ જાણીજોઇને વ્યાકરણના નિયમનો ભંગ કરતા. નવાનવા ભાવ પ્રદર્શિત કરવા માટે નવાનવા શબ્દો યોજવામાં પણ તેમની શક્તિ અજબ હતી.

તેઓ ઉચ્ચ કોટિના કવિ પણ હતા. પરંતુ ઉપર જણાવ્યું તેમ તેમની કસોટી બહુ આકરી હોવાથી પોતે જ પોતાનાં કાવ્યોનો મોટો ભાગ રદ કર્યો હતો. એમનો એકમાત્ર સળંગ કાવ્યગ્રંથ ‘ સ્વપ્નપ્રયાણ ’ સાહિત્યમાં એમની કીર્તિ સદા ઝળહળતી રાખવા માટે બસ છે.

છુટક કાવ્યો તો તેઓ છેવટ સુધી લખતા રહ્યા હતા. એ ઉપરાંત એમણે પોતે જ શોધેલી બંગાળી ટુંકાક્ષરી લિપિ વિષેનું એમનું પુસ્તક પણ એમણે આપણી પ્રાચીન શાસ્ત્રીય પદ્ધતિને અનુસરીને પદ્યમાં જ લખ્યું હતું. અવસાન પહેલાં જ તે પુસ્તકને બીજી આવૃત્તિ માટે જોઇતું સુધારી કરીને તેઓ પરવાર્યા હતા, અને તે પુસ્તક હાલ બહાર પડવાની તૈયારીમાં છે. અહીં એમના સાહિત્યજીવનની એકાદ બે વાતો પણ સાથેસાથ લખવી જરૂરની લાગે છે. ઇ. સ. ૧૮૭૭માં જ્યારે ‘ ભારતી ’ માસિક શરૂ કરવામાં આવ્યું ત્યારે તેનું સંપાદનકાર્ય એમને સોંપવામાં આવ્યું હતું. એ જ માસિકમાં રવીન્દ્રનાથની કવિપ્રતિભા પોષાઇ હતી અને ‘ ભાનુસિંહની પદાવલિ ’ ‘ યૂરોપ-પ્રવાસીના પત્રો ’ વગેરે લખાણો પણ એમાં જ પ્રસિદ્ધ થએલાં. આ પત્રો ઉપર શ્રી દ્વિજેન્દ્રનાથ ટીકાનો જે મારો ચલાવતા અને નાના ભાઇ તેના જે ઉત્તર આપતા એ વાંચવા માટે વાંચકો તલસ્યા કરતા. સને ૧૯૦૫માં જ્યારે શ્રી રવીન્દ્રનાથના હાથે ‘ બંગદર્શન ’નો પુનર્જન્મ થયો ત્યારે તે માસિકમાં પણ શ્રી દ્વિજેન્દ્રનાથ દર્શનશાસ્ત્ર વિષેના પોતાના લેખો આપતા. એમનાં તત્ત્વજ્ઞાનવિષયક લખાણોમાં ‘ સાર સત્યની આલોચના ’ ‘ હારામણિર અન્વેષણ ’, ‘ ગીતા પાઠ ’ વગેરેનો સમાવેશ થાય છે.

રાજકારણમાં તેમણે નહિ જેવો જ ભાગ લીધો છે, છતાં તેમની દેશપ્રીતિ બહુ જ ઉગ્ર પ્રકારની હતી, એ વાત તો કવિશ્રી રવીન્દ્રનાથે વિલાયતથી લખેલા પત્રો પરની તેમની ટીકા જેઓએ વાંચી હશે તેઓ બરાબર સમજી શકશે. જ્યારે ગાંધીજીએ પોતાની અસહકારની પ્રવૃત્તિ ઉપાડી ત્યારે તેમણે વૃદ્ધાવસ્થામાં પણ તેને અંતઃકરણપૂર્વક વધાવી લીધી હતી. ખાદીમાં પણ તેઓ સંપૂર્ણપણે માનતા હતા. મહાત્માજી તરફ તેમની અપૂર્વ શ્રદ્ધા અને ભક્તિ હતી. મહાત્માજી એમના પ્રતિ કેટલો ભક્તિભાવ રાખતા તે તો ગુજરાત સારી રીતે જાણે છે.

તેમની સરળતા પાંચ વરસના બાળક જેવી હતી. તેઓ બધાને સારા જ માણસ ધારતા. એમને ત્યાં હમેશાં મોટા દરબાર જેવું ભરાતું, જેમાં અનેક માણસો આવતા. તેમાં કેટલાક ઠગ પણ આવતા. એમને દર્શનશાસ્ત્રની ચર્ચા બહુ ગમતી, એટલે તેઓ પણ એમની સાથે તે વિષયની ચર્ચા કરતા અને પોતાનો સ્વાર્થ સાધી જતા! એક વાર એવું બન્યું કે આવા એક ‘ દાર્શનિકે ’ પાંચસાત રૂપિયાની જરૂર બતાવી. એમની પાસે તે વખતે હાથમાં કશું ય ન હતું. ભારે વિચારમાં પડી ગયા કે હવે શું કરવું? એકાએક પોતાની પ્રિય ટ્રાઇસિકલ યાદ આવી. તે વખતે બધા ટ્રાઇસિકલ જ વાપરતા. બાઇસિકલનો પ્રચાર તે વખતે થયો ન હતો. અને ટ્રાઇસિકલની કીમત પણ બહુ દેવી પડતી. કંઇ નહિ તો બસોત્રણસો તો લાગે જ. એમણે પેલા મહાશયને કહ્યું, ‘ તમે મારી સાઇકલ લઇ જાઓ, અને વેચીવાડીને તમારૂં કામ ચલાવજો. રોકડ મારી પાસે હમણાં કાંઇ નથી. ’ પાંચસાત રૂપિયાને માટે બસોત્રણસોની સાઇકલ વેચવા આપવી યોગ્ય છે કે કેમ એવો વિચાર એમના મનમાં આવ્યો જ નહિ. પેલા મહાશય પણ પોતાના ભાગ્યને ધન્ય માનવા લાગ્યા. પણ મુશ્કેલી એ ઉભી થઇ કે તેમના નાના ભાઇએ આ વાત જાણી, એટલે તેમણે દરવાનને કહ્યું કે ‘ સાઇકલ આ માણસ ન લઇ જાય એ જોજે ! ’ આથી જેવા પેલા મહાશય સાઇકલ લઇને જવા નીકળ્યા કે તરત તેમને એમના નાના ભાઇ મળ્યા અને રૂપિયા આપી સાઇકલ પાછી મુકાવી દીધી.

એક વાર એવું બન્યું કે તેમણે એક જણને સાંજે કહ્યું કે ‘ કાલે આપણે ત્યાં જ ભોજન કરજો. ’ એ માણસ એમને ત્યાં રોજ ચર્ચા કરવા આવતા. બીજે દિવસે પણ સવારમાં આવ્યા અને વાત ચાલી. દર્શનશાસ્ત્રની વાતો કંઇ જરામાં પુરી થાય ? દસ વાગ્યા, સાડા દસ થયા. દ્વિજેન્દ્રનાથ વિચારવા લાગ્યા કે જમવાનો વખત થઇ ગયો છે છતાં આ માણસ

હજી પોતાને ઘેર કેમ નથી જતો ! વાત તો ચાલતી જ હતી. આખરે તેમણે જોયું કે સ્પષ્ટ કહી નાખ્યા વિના ઉપાય નથી, એટલે બોલ્યા, ' તમારે જમવાનું મોડું થતું હશે; ઘેર સૌ રાહ જોતાં હશે. ' પેલો માણસ તો આભો જ બની ગયો ! પછી બોલ્યો, ' આજે તો તમે મને તમારે ત્યાં જમવાને નોતર્યો છે ને ? ' ત્યારે જ તેમને યાદ આવ્યું કે મેં આને નોતર્યો હતો ! તરત જ ઘરમાં ગયા અને કહ્યું કે જે હોય તે પીરસો. '

નોકરો પ્રત્યેનો એમનો વ્યવહાર આદર્શ રૂપ હતો. નોકરોને તેઓ પોતાના કુટુંબનાં માણસો જેવા જ ગણતા. આશરે બે અઢી વરસ ઉપર એમના વડા પુત્ર શ્રી દ્વિપેન્દ્રનાથનું મૃત્યુ થયું ત્યાર પછી એમણે પોતાની સમસ્ત સંપત્તિ કુટુંબીજનોમાં વહેંચી આપી હતી અને આ વહેંચણી વખતે નોકરોને પણ વિસારવામાં આવ્યા ન હતા. પણ આથી વધુ તો તેમનું તેઓ પ્રત્યેનું વર્તન હતું, જે નીચેના પ્રસંગોપરથી બરાબર સમજી શકાશે.

કોઈકોઈ વાર તેઓ કાગળના ડબ્બા વગેરે બનાવતા એ વાત આપણે જાણી ગયા. આ કામ કરતી વેળા પોતે ખુરશી ઉપર બેઠા હોય એટલે એમને મદદ કરતા નોકરને તેમની સામે ઘુંટણીએ પડવાની જરૂર પડતી. આમ કરતાં નોકરને કષ્ટ થાય એનો એમને ખ્યાલ આવતાં એમણે નોકરને કહ્યું, ' પેલી ખુરસી લાવીને સામે બેસ.' પણ નોકર કાંઈ આવી વાત માને ? પરંતુ આ મહાત્મા પણ ક્યાં માને એવા હતા ! ' અરે, પણ એમાં સંકોચ શાનો ? ખુરશી પર ન બેસવું હોય તો પેલો મુંડો લઇને બેસ. ' પણ પોતાના શેઠની સામે નોકર બિચારો મુંડા ઉપર પણ શી રીતે બેસે ? આખરે એમણે હુકમ કર્યો, ' પેલો કામળો લાવીને બીછાવ અને તે પર તું ઘુંટણીએ બેસ કે દુઃખ ન થાય. '

એમની સંભાળ રાખવા બે નોકરો એમના ઓરડામાં જ સુઇ રહેતા. શિયાળામાં એક રાત્રે એમણે જોયું કે નોકરો ટાઢે ઠુંઠવાય છે. તરત જ પોતાના શરીર પરનું બનુસ લઇને તેમને ઓઢાડી દીધું.

એક દિવસ તેઓ દર્શનશાસ્ત્રની ચર્ચા કરતા બેઠા હતા. સામે તેમના નોકરનો નાનો છોકરો રમતો હતો. એવામાં તેમના ભોજનની થાળી આવી. તેમણે પોતે ખાવાનું શરૂ કર્યું. પણ સામે રમતા છોકરાને કાંઈ એમ જોતો રખાય ! એક કોળિયો પોતે ખાય, અને એક કોળિયો પેલા છોકરાના મોંમાં મુકતા જાય !

આવા શેઠ મેળવવા કેટલા નોકરો ભાગ્યશાળી થતા હશે ?

નગીનદાસ પારેખ

અથાણું

એ ભામટા સ્નેહી હતા. એમણે નક્કી કર્યું કે ચોરી કરતાં જો એક જણ પકડાય તો બીજાએ ખોટી સાક્ષી આપી તેને છોડાવવો. તે મુજબ તેમાંથી એક જણે કુતરો ચોર્યો; એટલે બીજાએ સાક્ષી આપી કે ' આ કુતરો ગલુડિયું હતું ત્યારથી હું આની પસે જોઉં છું. ' આથી પેલો માણસ છુટી ગયો.

પછી બીજા ઉપર એક વેળા બંદુક ચોરવાનો આરોપ આવ્યો. તે વખતે પેલાએ તેના બચાવમાં સાક્ષી પુરી કે 'આ બંદુક પિસ્તોલ હતી ત્યારથી હું આની પાસે જોઉં છું ! '

*

શેઠ—રામા, તેં તો મને કહ્યું'તું ને, કે વરસાદ છે તેથી અહીં સુઈ રહીશ ? અને તું તો વીસ મિનિટ થયાં અહીં દેખાયો જ નથી; કયાં ગયો'તો ?

રામો—એ તો હું ઘેર મારા બાપાને કહેવા ગયો'તો, કે આજ વરસાદ છે તેથી ઘેર સુવા નહિ આવી શકું !

*

બાલુ—કેમ મોહન, તું તો, પેલો ચીમન ખુબ હોશિયાર છે એમ કહે છે, અને એ તો તને મુરખ કહેતો હતો.

મોહન—તો તો કદાચ બંનેના કહેવામાં ભુલ હશે !

*

એક—દરેક કવિ મૂર્ખ હોય છે.

બીજો—બરોબર છે; પણ દરેક મૂર્ખો કવિ નથી હોતો એ તમારે તમારા પોતાના દાખલા પરથી કબુલ કરવું પડશે.

*

એક માણસ અંધારામાં પોતાનો જોડો શોધતો હતો. એટલામાં કોઇએ આવીને તેને પુછ્યું, 'કેમ ભાઈ, શું શોધો છો ?'

પેલો—જોડો ખોવાઇ ગયો છે.

આવનાર—તો અંધારામાં શા માટે શોધો છો ? કહો તો દીવો બતાવું.

શોધનાર—તો તો ઉપકાર થશે.

આવનાર—(તેને દૂર બળતું મ્યુનિસિપાલિટીનું ફાનસ બતાવીને) પેલો . . . . . રહ્યો !

*

એક—કેમ છો, ગોપાળભાઇ ?

બીજો—અહોહો, ગોવિંદભાઇ ! તમે અહીં ક્યાંથી ?

એક—અરે, પણ મારૂં નામ કાંઇ ગોવિંદ નથી.

બીજો—અને હું પણ ગોપાળ નથી !

(શંકર કાલેલકર)



વાઘડો

: છંદ ચોપાઇ તથા તેને મળતા જયકરીનું મિશ્રણ :

સીમ મહીંથી ચાલ્યો જાઉં,
ઉજ્જડ શોભા જોતો જાઉં.
આસપાસ બાવળનાં થડ,
કાળાં કુબડાં ને બેવડ.
માથાપર ઝાંખાં ઝાંખર,
ત્યાં સુગ્રરીએ ટાંગ્યાં ઘર.
કરોળીએ પણ હીંમત કરી
સીમ માપવા દોરી ધરી.
થડે થડે એ ચાલ્યા જાય,
ધુળ ખુબ તેથી દેખાય.
નીચે પડયા પરડા પથરાઇ,
મહીં રહી કુમતી વેરાઇ.
એ સૌ ચરવાને નીકળેલ,
મળીઆં બકરાં કરતાં ખેલ.
અને ગાઢ ગાડરનું જુથ,
માંહોમાંહ્ય લપાતાં મુઢ.
પણ પાછળ હું રોજની જેમ
જોઉં રબારી આજ ન કેમ ?
અહો ! દૂર ત્યાં બેસી રહ્યો.
આજ આળસુ શાને થયો ?
કેમ ધારીઉં ખાંધ ન લેય ?
કેમ ન પાલો તોડી દેય ?
કેમ તૂરે નવ પુરે સૂર ?
સીમાડા ડુલવે નવ દૂર ?

હશે આજ એ થાકી ગયો ?
અથવા શું એ માંદો થયો ?
કે સુબાને ચડિયું શુર,
કહ્યું નેહડો કરવા દૂર ?
કે કોઇ વ્હાલું અત્યંત,
ઉડી ગયું તેથી દુભંત ?
જઇ પુછયું મેં તેણે ઠામ,
કેમ ભિયા ! છો આજે આમ ?
એહ વેણ હજી મોંમાં રહ્યાં,
ત્યાં દડદડ બે આંસુ વહ્યાં.
હતો ઢીલો તે અદકો થયો,
કહ્યું, 'વાઘડો * મારો ગયો.'
બીજું કાંઇ એ બોલ્યો નહિ,
બીજું કાંઇ મેં પુછયું નહિ.
લીધી વાટ મેં કરતાં ખ્યાલ,
જડે ઉજ્જડે કેવું વ્હાલ !

પ્રીતમલાલ મજમુદાર

* વાઘડો એનો કુતરો હતો.



શેરી બહાર

' શેરીનાં સ્મરણો 'ના કરતાં વધારે પરાક્રમો થી ભરેલો એ લેખમાળાનો વધુ રસિક હપતો



ઘેલા શુકલની વાંસે બકરૂં થએલું, અને દયા આવતાં તેમણે તેડયું, ત્યારે પછી તે લાંબુંલાંબું થઇને બહુ જ ભારે થયું.

કેટલાએક છોકરાઓને વહેલી મુછ આવે એ ગમે છે. એટલા માટે, કહેવાય છે કે, તેઓ શીંગોનાં ફોફાં ખાય છે! ઘણાં છોકરાં મુછો ઉગાડવાના શોખમાં મુછે તા નાખીનાખીને ગાલને લાલ કરી નાખે છે! અમે હીંમત આણવાને માટે ખોંખારા મારીમારીને ગળું દુખવા આણતા. પણ જોર ઝાલ્યું ન રહે, એટલે ધીરેધીરે સ્મશાનમાં જવા લાગ્યા! એકલા નહિ; તો તો બીક લાગે. બેચાર જણ સાથે જઇએ. પછી બધા બીતા હોય તોપણ એકબીજાની હીંમતે સ્મશાનની રાખ ઉપર ચાલતા. બીક નથી એવું સાબીત કરવા ત્યાં જઇ છાતી ઠોકી એ . . હે, એ . . હે કરીને કહેતા, ' આ . . જાઓ, કોણ છે ? છે કોઇ ભૂત-પલીત ?' આટલી બધી હિંમત છતાં, જ્યારે ઘેલા શુકલની વાંસે બકરૂં થએલું, અને દયા આવતાં તેમણે તેડયું ત્યારે પછી તે લાંબુ લાંબુ થઇને બહુ જ ભારે થયું, એટલે ઘેલા શુકલે પડતું મુકયું, ને અળફહળફ થઇ ગયું, એ વાત સાંભળીને જરા ઢીલા પડી જતા; અને છાતી પણ જરા ધડકતી!

સ્મશાનમાં જતા ત્યારે હમેશ કરણઘેલાની અંદર ની પેલી પ્રેતસાધનાની વાત યાદ આવતી. નવરાત્રીમાં તલવાર લઇને બાકળા મુકવા બહુચરાજીનો પુજારી સ્મશાનમાં જતો ત્યારે અમે તેની સાથે જતા. લોટના કુબડાની અંદર કરેલ દીવાઓ અને અડદના બાકળા જોઇ પેલો કરણઘેલાવાળો પ્રસંગ આબેહુબ નજર આગળ તરતો.

સ્મશાનની પીલુડીનાં પીલુ ઘણાં ખાધાં છે; સાંગરીઓ પણ ખુબ ખાધી છે; ને મોર અને કાગડાનાં પીછાં પણ એકઠાં કર્યાં છે.

અમારી હીંમત અને બહાદુરીની તે વાત શી વર્ણવવી! મુળ બધેકા, એટલે બહાદુર તો ખરા. કેટલાક હજુ કહે છે કે અમે વૈદિકા (એટલે વેદ જાણનાર) એટલે બધેકા. કેટલાએક બુદ્ધિકા (એટલે બુદ્ધિવાળા) કહે છે. પણ મને લાગે છે કે મુળ અમે બંદુકિયા હઈશું! બંદુકો અમે રાખતા હઇશું કે અમારા પાડોશીઓ, તે તો કોણ જાણે; પણ અમે બંદુકોના અવાજ સાંભળી બીતા નહિ હોઇએ તેથી કરીને અમારૂં નામ બધેકા પડયું હશે! ગમે તેમ હોય, પણ અમે લડાયક જાતિ. પછેગામના દરબારો સાથે લડયા'તા તેની વાત કોઈ બીજે પ્રસંગે. અમારા ઘરની આડીઓમાં તલવારોનો અવાજ સંભળાતો ત્યારે હળવેક લઇને તેને ઝાલીને સંતાઇ જતા! બહાદુરી તો અમારી રગેરગમાં હતી. શાળામાં ચાલતું ઇતિહાસનું શિક્ષણ અમારામાં સફળ થએલું, એટલે અમે રીતસર લડાઇઓ ખેલતા.

અમારા ગામ વળાની પાસે આવેલી જુના વલ્લભીની જાળોમાં જઇએ, જાળની સોટીઓ કરીએ ને પછી એ અસ્ત્ર અમોઘ બને એટલા માટે છરીથી આંગળી કાપી, લોહી કાઢી, તે લોહી વડે દરેક લાકડી પર ચાંદલો કરીએ! પછી ' હરહર મહાદેવ 'ની બુમો

પાડી અમારી જય ઇચ્છીએ! જગદેવ પરમાર અને શૂરા સાસોદિયાનાં પરાક્રમો તો અમે પરિચિત હતા; અને ઉપર કહ્યું તેમ અમારી રગમાં ક્ષત્રિયોનું લોહી તો હતું જ. સોટીઓ બાંધામાં સંતાડતા અને નીશાળની બહારનો બધો વખત એ હથિયાર પાસે રાખીને ફરતા. દુશ્મનને ચેતવ્યા વગર દુશ્મનને મરાય નહિ, એવી મહાભારતની ને વનરાજ સિંહની યુદ્ધનીતિઓ પણ જાણતા.

દુશ્મનની સાથે નક્કી કરેલ જગ્યાએ યુદ્ધ થાય. એકવીસ લાકડીઓ એક પછી એક બાંધામાંથી નીકળે અને દુશ્મનની જુદીજુદી જગ્યાઓને માલીશ કરે! અશસ્ત્ર દુશ્મનો અહિંસાવાદી ન હતા. આંગળાંનાં નખોરિયાં ને દાંતનાં બચકાંની છાપો આપી અમને દ્વારકા ગયાનું પુણ્યફળ આપતા! યુદ્ધપદ્ધતિ સશાસ્ત્ર હતી. ખબર આપ્યા પછી જ લડાઇ શરૂ થાય. વળી, લડાઇ પુરી થયા પછી એ લડાઇનો ઇતિહાસ નોંધાય, અને લડાઇ પછી મિત્ર તરીકે સાથે રમાય.

હું ઇતિહાસકારનું કામ કરતો. ગાળથી લડાઇનો શંખધ્વનિ થાય, એકાદ તમાચાથી સરદારની આજ્ઞા મનાય, અને લડતાંલડતાં સાંજ પડે એટલે લડાઇ બંધ થાય. મોટે ભાગે અમારી નદી અમારૂં પાણીપત હતું. ત્યાં પાણી ખરૂં ને, એટલે તેનું નામ પાણીપત પાડ્યું હતું!

લડાઇનું કારણ શોધવાનું નહિ—બતાવવાનું નહિ. ચાલતાં એક ટલ્લો, કે કોઇને માથેથી ટોપી ઉડાવી કે બસ. 'સાલા, આમ કેમ કહ્યું?' એટલે એ ચાલ્યો વિગ્રહ!


નદીમાં લડાઇ કરવી ન હોય તે દિવસે અખાડાની પ્રવૃત્તિ હોય. વળા ગામમાં પોલીસ લાઇનના ભૈયાઓએ અખાડા કરેલા. એમની કુસ્તી જોઇને અમે પણ દાવપેચ શીખેલા. રેતીની પાળ કરી એક જબરો અખાડો કરેલો. પછી એમાં ચાલે કુસ્તી. હજી હમણાં જ થોડાક દિવસ પર બોડિયારની નદીમાં હરિહરભાઇને તો મેં દાવપેચથી પછાડી દીધેલા. એ વખતે મને મારી બાલ્યાવસ્થાની પુરાણ વિદ્યાનું સ્મરણ થએલું! વધુ મઝા તો સાથળ પર દંડ ઠોકી પટાકા બોલાવવામાં આવતી; અને દીપડા કે વાંદરાની જેમ, મલ્લો ચાલે છે તેવી રીતે, કુલે પગ અડાડી ચાલવામાં આવતી. બાકી કુસ્તી તો ઠીક. જો કે મોઢામાં રેતી પેસી જાય પણ ચિત થવાનું ન ગમે.

કુસ્તી ન હોય તો સુકાઇ ગએલા જવાસાના ગળિયા ને ગળિયા પવનમાં ઉડાડવામાં અને 'સાહેબ દોડ્યા, સાહેબ દોડ્યા' એમ બોલવામાં ગમ્મત લેતા. બાકી ખળખળ વહેતાં નદીનાં પાણીમાં કાંઠા સુધી પગ બોળીને કેટલોય વખત ઉભા રહેવાની. પેટ ફાટી જાય ત્યાં સુધી ખોબેખોબે મીઠાં પાણી પીવાની, અને લ્હેર લાગી હોય તો એકબીજા પર પાણી ઉડાડવાની ને પછી લડી પડવાના વાતો તો ક્યાં કહેવા બેસીએ! ઠીકરીઓને પાણી ઉપર ઠેકાવવાની રમત પણ બહુ આનંદ આપતી.

હમેશ નદીએ જવું, ફુલવાડીએ જવું, ત્યાંથી દેવદર્શન કરી વાળુ વખતે પાછા આવવું, એ અમારો સાંજનો કાર્યક્રમ.

ફુલવાડીનાં સ્મરણો અનેક છે. ઘેર બાગ કરતા, એટલે બાગ માટે નાના છોડવા ખેંચી લઇ પહેરણ નીચે સંતાડી લઇ સાથે લાવવાનું એક સ્મરણ. બાગ આવે કે તરત બેચાર ફુલ તોડી ખીસામાં મારી લાવવાનું બીજું સ્મરણ. વખતે પાંચપચીસ બોરાં પણ માળીને પુછ્યા વગર મોઢામાં પડી જાય! માળી બાગમાં રોજ શા શા ફેરફાર કરે છે તે હમેશાં કાળજીપૂર્વક જોતા. ક્યારાની ગોઠવણો, કેળાંની જાતો, પરદેશી ઝાડો વગેરે ધ્યાનમાં રાખતા. સુગંધી મેંદી અને કપુરનાં ઝાડ પાસેથી ચાલાકીથી પસાર થઇ જરા હાથ સુવાસિત કરી લેતા!

બાગ મોટો હતો. એના જુદાજુદા ભાગનાં અમે નામ પાડ્યાં હતાં. આખા બાગમાં હમેશ ફરવું જ જોઇએ. ચક્કર લગાવ્યા પછી જ હીંચકે હીંચકવાનું, હોજમાં નહાવાનું અને છેવટે કુવા ઉપર બેસી સૂર્યાસ્ત જોવાનો. આટલું કામ બાગમાં કરવાનું. એમ તો, સંભારીએ તો તો, બાગમાં ખળખળ વહેતા ધોરિયાનાં, કીચુડકીચુડ થતા એક સાથે વીસ કોસના અવાજનાં, ખાસ કરીને અમે જેને કાળાં ફુલો કહેતા તે ગલગોટાનાં સ્મરણો પણ તેવાં ને તેવાં જ તાજાં છે. બાકી કોયલ બોલતી હોય, કે કાગડો કા કા કરતો હોય, કે મોર કળા કરીને એકાદ ઝાડ નીચે નાચતો હોય એ તો રોજનું.



બાગમાંથી નીકળી, કોઈ વાર નદીમાં થઇને તો કોઇવાર સીધા, દર્શન માટે નીકળી પડતા. અમે બહુ ભાવિક હતા. ઉદાર પણ તેટલા જ. શંકરના, દેવીના, સહજાનંદના, આદિશ્વરના અને ઠાકોરદ્વારના—બધાંનાં દર્શન કરતા કરતા ઘેર પહોંચીએ.

પહેલા સિદ્ધેશ્વર, પછી બથ્થેશ્વર. બથ્થેશ્વર માટે બહુ જ માન હતું. લોકો કહેતા કે એ જમીનમાંથી સ્વયંભૂ નીકળ્યા છે અને રોજ એક ચોખાભાર વધે છે. પણ છેલ્લાં ત્રીસ વર્ષથી અમને તો એટલા ને એટલા જ જોવામાં આવે છે! અમે નાનાં છોકરાં, એટલે સાચું માનતા. મોઢેથી 'બોમ બોમ બોમ, શંકર બાપા!' એમ બોલી, ઘંટ વગાડી, શંકર બાપાને બહુ જ પ્રેમપૂર્વક નમતા. પાંચ દસ જણની મંડળી એકસાથે દર્શન કરવા જાય, એટલે ઘંટઘંટડીઓ એકસાથે જ વાગવા મંડી પડે.

બથ્થેશ્વરનું સાચ પણ બહુ. પરીક્ષામાં પાસ થવા માટે અમે એમની પાસે દીવાની માનતા કરતા. ત્યાંથી નીકળી અમે સીધા સિદ્ધેશ્વરમાં જતા. 'જય સિદ્ધેશ્વર બાપા, ભલું કરજે' એમ કહી બાથમાં ન સમાય તેવડા શંકરના લીંગને ભેટતા, ચરણામૃત લેતા અને વળી નીકળતા. ત્યાંથી ચાલીએ તે જઇએ સ્વામીનારાયણના મંદિરમાં. જતા તો ધર્મબુદ્ધિથી, પણ જરા તોફાન કરતા. મુળે ઘરમાં શિવપંથી, એટલે ક્યાંકક્યાંક સહજાનંદની ટીકા સાંભળીએ. તેમને ડુંગળી શા માટે નહિ ગમતી હોય એ સમજીએ નહિ, પણ એમ સાંભળેલું કે તે કૃષ્ણાવળી છે; કેમકે કૃષ્ણના થાળમાંથી દડી પડેલી, એટલે તેને વૈષ્ણવજનોએ નાપાસ કરી! પણ અમારા નસીબમાં ભવિષ્યમાં કૃષ્ણાવળી ખાવાની સરજેલી એટલે અમે સહજાનંદી નહિ સરજાએલા. અમારો મિત્ર ગરગોટ, ડુંગળીના ગાંઠિયા લાવે અને લાંબો થઇને દંડવત કરતાંકરતા અંધારામાં મંદિરમાં એકાદ ગાંઠિયો રેડવી દે!

સહજાનંદના મંદિરમાં ડુંગળી! સવારે સાધુ ને બ્રહ્મચારીઓમાં હોહા થઇ પડે અને અમે બગભગતની જેમ ધ્યાન કરવા બેસી જઇએ! આરતી પછી 'જે સ્વામીનારાયણ' ને બદલે 'જે સ્વામના' 'જે સ્વામના' એમ કહીને બધાને નમતા દોડાદોડ કરી મુકીએ. પેલા સાધુઓ બાપડા ધારે કે આ છોકરા બીચારા બહુ ધર્મી! તેમને ખબર નહિ કે રાતે ડુંગળી નાખી જનાર આ જ હરામખોરો!

ત્યાંથી ચાલીએ તે જઇએ જૈન મંદિરમાં. મોટાં મોટાં કાઢીને પેલા ભાવિક જૈનો ધનયાચના કરી રહ્યા હોય, તેની ખુબી સમજ્યા વગર તેને જોઇને હસીએ. પણ ખરો આનંદ તો તે લોકોનાં મંદિરની સુંદરતામાં, સુગંધમાં અને દીપમાળમાં આવતો. અત્યારે સમજ પડે છે કે આવી રીતભાતથી કોમકોમ વચ્ચે સાચો સહકાર થતો નથી. આ જમાનામાં દરેક ધર્મનું સાચું સન્માન કરવાનું શિક્ષણ અપાવું જોઇએ.

પછી આવીએ બહુચરાજી માતામાં. બસ આરતી વખતે હાજર થવું જ જોઇએ. કોઈ ટકોરો વગાડે, કોઈ ઝાલર વગાડે ને બાકીના 'જય આદ્યા શક્તિ'-માંના રાગડા કાઢે! ભારે મઝા પડતી. ખુબ ગંભીરતા લાગતી. જાણે મોટું પુણ્યકાર્ય થઈ જાય છે એમ લાગતું. આરતી લેવાને તો ઉપાઉપરી પડીએ. પછી તો જરા વાળુની ઉતાવળ થાય, એટલે કોઇવાર ચોરે જઇએ ને કોઇવાર ન જતાં સીધા ઘરમાં!

આટલું રખડીને આવ્યા હોઇએ, પણ મન તો માણભટ્ટની કથામાં પરોવાયું હોય. 'કેમ વિશ્વા! આવછ કે?' 'એ હાલો, કુર્ણાને બોલાવો!' બાપાની રજા લઇને,



દાદાને જરા નારાજ કરીને, ઉપડીએ તો ખરા જ.

માણભટ્ટ એક અદ્ભુત સંસ્થા છે. ગામડામાં તો આબાલવૃદ્ધ સર્વને તે આકર્ષક છે. ગામ આખાનાં સ્ત્રીપુરુષો વાળુપાણી કરી માણભટ્ટની કથા સાંભળવા આવે. માણભટ્ટ દેખાવે ડાઘા જેવા. મોટા થેભિયા, ગુજરાતી વાઘો ને માથે ગુજરાતી પાઘડી. છેક નાનાં છોકરાં તો, જ્યારે લડાઈનું ' મારો મારો '-નું ગીત સાંભળવાનું હોય ને ડોળા કાઢીને બોલવાનું હોય ત્યારે બીવા લાગે. ત્રાંબાની માણ. એના ઉપર વીંટીવાળા હાથ ઠણીંગ ઠણીંગ પડે. પછી માણભટ્ટની કથાની મોજ. અમને તો લડાઇનું આવે ત્યારે ભારે ગમે. ઉપર કહ્યું તેમ ' મારો મારો ' આવે ત્યારે માણભટ્ટ ગોઠણિયાભર થઇ જાય, - અને અમે અરધા ઉભા થઈ જઇએ ! દ્રૌપદીના સ્વયંવર પછી થએલું યુદ્ધ વર્ણવતાં માણભટ્ટે ધ્રુજાવેલી ધરણી હજુ પણ કાનમાં ધ્રુજતી હોય એમ લાગે છે. વિનોદમાં પણ માણભટ્ટ પુરા. લક્ષ્મણો સુરેખાને પરણવા ગયો ત્યારે ઘટોત્કચે કરેલી માયાનું વર્ણન કરતાં માણભટ્ટે કહેલું, ' દાળમાં દેડકાં તો ડબડબ બોલે ' ત્યારે માણભટ્ટની કલ્પના અપાર છે—અગાધ છે એવા ખ્યાલ અમને પણ આવી જતા. ' ઓહો રાયજી સુણીએ 'નું ગીત આવતાં સમજીએ કે આજની કથા પુરી થવા આવી.

માણભટ્ટને લાડુ બહુ ભાવે. આવતી રાતના યજમાન ગોતવાના જ હોય, એટલે તે દિવસના યજમાનનાં કીર્તિગાન કરવાનાં જ. ' ઓહો રાયજી 'નું ગીત એટલે એ કીર્તિગાનનું ગીત. એમાં

આજે તો સારી રસોયું કરી'તી,
અને ચુરમું કર્યું'તું સારૂં;
અધશેર એમાં ઘી રે નાખ્યું'તું,
ઉપર ભભરાવી ખસખસ;
ઓહો રાયજી સુણીએ.
કમોદનો તો ભાત કર્યો 'તો,
અને તુવેરની દાળ;
તેલ ભીંડા તો ભારે કર્યા'તા
ઓહો રાયજી સુણીએ.
કાલે તો કોનું ભોજન છે,
અને જો કોઇ હોય જજમાન;
ભટ્ટજીનું પેટ ભરાશે. વગેરે . . .

એ માણભટ્ટ ભારે ચતુર અને હોશિયાર હતા. લોકને પ્રસન્ન રાખી પેટ ભરતાં એમને આવડતું. આ એક સ્વતંત્ર ઉદ્યમ હતો. તે માટે માણભટ્ટોને વિદ્યાભ્યાસ કરવો પડતો. ગુજરાતમાં એની શાળાઓ હતી. માણભટ્ટો આપણા સંન્યાસીઓ પેઠે જ્ઞાનપ્રચારની ફરતી સંસ્થાઓ હતી. ગામડાંઓને સંસ્કારી રાખતી અને પ્રીતનાં સંગઠન સાધતી એ મહામૂલ્ય સંસ્થાઓની કિંમત આજે સમજાય છે.

મહાભારતો વાંચીને જે યાદ ન રહ્યું તે માણભટ્ટ સાંભળીને યાદ રહ્યું છે. શિક્ષકો પાસેથી ભણ્યા તે અને શિક્ષકો બંનેને ભુલી ગયા, પણ માણભટ્ટની કથા આજીવન સાંભરશે. અરધી ને ફાટતી આંખે, લાંબા કાન કરી (ગધેડાની પેઠે નહિ, હો !) માણભટ્ટને અમે સાંભળતા. તેમાં મૉન્ટેસોરી પદ્ધતિથી રસ આવતો ! ત્યાં સ્વતંત્ર જીવનશિક્ષણનો પ્રકાર હતો ! !

કોઈ બાપુની જેમ અમને હરિરસ ખારો નહિ લાગેલો. જાણતા હશો કે બાપુ કથા સાંભળતા ઝોકે ગયા અને મોઢું ફાટી રહ્યું, એટલામાં એક કુતરાએ આવીને, બાપુને ખાંલી જાણી સ્વભાવ પ્રમાણે કર્યું. બાપુ જાગીને કહે કે ' ઉહું હું, હરિરસ ખારો લાગે છે ! ' પાસે બેઠેલા કહે કે ' બાપુ, એ તો અહીંથી કુતરૂં વટાવ્યું ! ' ત્યારે બાપુ કહે, ' ઓય ધાડ્યું ના ! '

રાત્રે બારએ વાગ્યે માણભટ્ટની કથા પુરી થયે ઘેર આવી ગોદડી ઓઢી સુઈ જતા. **ગિજુભાઇ**

[આ અંકમાં હવે આ'ટલું બસ : બીજું આવતે મહીને]

બંગાળનાં ગામડાંમાં

ગામ જોઇ કેટલાક સ્કેચ કર્યા. આ તરફ એક નવાઇ લાગી તે એ કે મુસલમાનનાં તથા હિંદુઓનાં ગામ જુદાં હોય છે. આનો અર્થ કાંઇ તેઓ એકબીજા સાથે ટંટાફીસાદ કરે છે એવો નથી. બંગાળી હિંદુ તથા બંગાળી મુસલમાનમાં ઘણો ફેર પણ દેખાતો નથી. મુસલમાનો પણ બંગાળી જ ભાષા બોલે છે, જોકે તેઓ ઉર્દુ તો જાણે છે જ. મુસલમાન વ્યક્તિમાં ફેર એટલો કે તેઓ દાઢી રાખે છે.

આ ગામ જોઈ અમારી છાવણીએ પાછા ફર્યા તો ત્યાં કેટલાં યે માણસો એકઠા થએલાં હતાં. આ દેખાવ અહીં જ નહોતો થતો, પણ સર્વત્ર અમે જ્યાં ઉભા રહેતા ત્યાં થતો. ગામનાં માણસો ચારચાર કલાક સુધી અમારા તંબુઓ આગળ હુક્કા ગગડાવતા બેઠા રહેતા! બંગાળીઓ આળસુ તો ખુબ છે. ખેડુતવર્ગ કે બીજોવર્ગ પોતાના બાપદાદાની નાનીશી જમીન ખેડીને બેસી રહેતા દેખાતા. વાતો કરતા હોય, પાનપટ્ટી ચાવતા હોય કે તેમના જીવનના દોસ્તદારો જેવા હુક્કાઓ સાથે રાખી ફરતા હોય. બંગાળીઓ સ્વચ્છતા બીલકુલ રાખતા નથી જણાતા. ખાબોચિયાં (જેને મેં તળાવ લખ્યાં છે તે)નું લીલવાળુ પાણી તથા ગંદો ધુળિયો ખેરાક લે છે તેને લીધે તેઓની શારીરિક સ્થિતિ કદિ સારી રહેતી નથી.

બપોરના બાર વાગ્યે અમે આગળ જવા તૈયાર થયા. બીજાં બે ગાડાં નાનાં છોકરાં તથા બૈરાંઓને બેસવા માટે ભાડે રાખી આગળ કુચ શરૂ કરી. બીચારો 'ગોરા' (નંદબાબુનો નાનો પુત્ર) કે જે અમને સારે રસ્તે ગમ્મત આપી રહ્યો હતો તેને રસ્તામાં તાવ ચડયો હોવાથી સાંજે અમે શાહપુર ગામ આગળ આવી થોભ્યા.

શાહપુર સાધારણરીતે મોટું ગામ છે. મોટી દુકાનો, પોસ્ટ ઑફિસો વગેરે દેખાતાં. આજ વળી 'હાટ' હતું. ગુજરાતમાં જેમ 'ગુજરી' ભરાય છે તેમ અહીં બંગાળમાં પણ અઠવાડિયે એક વખત મોટા ગામમાં 'હાટ' ભરાય છે. અને તે હાટમાં શાક, મીઠાઇ વગેરે ખેરાકની તથા અન્ય વસ્તુઓ વેચાય છે. દૂરદૂરનાં ગામના લોકો જોઇતી વસ્તુઓ આ દિવસે ખરીદવા આવે છે, કારણકે બીજા દિવસે કશું મળતું નથી! બંગાળીઓની આળસનો આ પણ એક નમુનો છે. એક અઠવાડિયા સુધી શાક જેવી વાસી વસ્તુઓ ચલાવે તે વળી કેવીક સારી રહી શકે? આવી બગડેલી વસ્તુઓ ખાવાથી તથા ખાબોચિયાંના લીલાં પાણી પીવાથી ઉપર કહેલી દશા જ થાય છે.

રાત પસાર થઇ અને સવારે ગોરાને સારૂં હોવાથી



શ્રી નંદલાલ બોઝ : બંગાળના એક શ્રેષ્ઠ કલાકાર અને શાંતિનકેતન કલામંદિરના આચાર્ય

આગળ ધપવાનું ધાર્યું. સવારે ઠંડી સાધારણ હતી. ધીરેધીરે તાપ વધતો હતો. પણ બધાએ ચાલવા જ માંડયું કારણકે રસ્તો ઘણો સરસ હતો. આગળપાછળની રઢિયાળી જમીન દૂરદૂરથી દેખાતી. રસ્તામાં બોરડીઓ આવતી તેમાંથી બોર વીણતા ખાતા જતા. જંગલી ઝાડોનાં સુંદર રંગોવાળાં ફુલો પર પતંગિયાં ફરફરતાં તથા ભમરા ગુંજન કરતા દેખાતા. જુનાં મકાનો, જાણવા કે જોવાલાયક સ્થળો જોતાં નોંધ કરતા. 'આમાર મન ભુલાય રે' ગીતની સુંદર લીટીઓની એક જ ધુનમાં આગળ ચાલ્યા જતા અને જાણે અમેરિકાના કૅલિફૉર્નિયામાં ૧૮૪૮ની સાલમાં મુસાફરી કરતા ન હોઇયે તેમ લાગતું. ચાર બળદગાડાં ધીરેધીરે ચાલતાં, તેની આગળપાછળ જાણે તેનું રક્ષણ કરવા અમે લાકડીઓ વગેરે પકડી ચાલતા તેવું લાગતું! પરન્તુ ત્યાંના રાતા ઇન્ડિયનો કે અહીંના શાન્તાલ લોકો અમારા પર ચડી આવી તીરનો મારો નહોતા ચલાવતા તેટલું બાકી હતું! શાન્તાલ લોકો નાનપણથી જ રાતા ઇન્ડિયનોની માફક તીર ફેંકવામાં ઉસ્તાદ હોય છે; પણ તેઓ રાતા ઇન્ડિયનો જેવા જંગલી નથી.

આજે બધા દિવસો કરતાં અમારી કુચ સુંદર લાગતી. અમારામાંનો દરેક જણ નોંધ કરતો કે 'સ્કેચ' લેતો. આપણામાંનાં ઘણાં માણસો દૂરદૂરનાં જોવાલાયક સ્થળોની મુસાફરી કરવા જાય છે, પરન્તુ તેઓ કોઇ નોંધ કે 'સ્કેચ બુક' રાખતા નથી તે ભારે ભુલ કરે છે. તેઓ એમ જ સમજે છે કે લેખકો નોંધ કરી શકે અથવા તો ચિત્રકાર રેખાચિત્ર દોરી શકે. પણ અમારી મુસાફરીમાં સૌથી નાના આઠ વર્ષના ગોરાએ પણ એક ચોપડી ને પેન્સિલ લીધી હતી! છોકરા આમ પાવાગઢ જાય અને નોંધ કરે તો તુરત તેઓને



સ્કેચ કરતા નંદબાબુ



શાહપુરની પોસ્ટ ઑફિસ



બખ્ખેશ્વર

યાદ રહે. નહિતર પછી કોઇ પુછે તો માત્ર ઝાડ અને ટેકરા જોયાનો જ જવાબ આપી શકે.


લગભગ મધ્યાહ્નથી સાંજ સુધીનો વખત નહાવા ખાવામાં ગયો. અમારી છાવણી બે ગામની વચ્ચે, બંનેથી દૂર એક મોટા આમ્રના ઝુંડ તળે રાખી હતી. રાત પડી અને પુનમનો ગોળ ચંદ્ર દેખાયો. શિયાળવાંના ભયંકર અવાજ ચોંકાવનારા હતા. અવાજ પણ છેક પાસેથી આવતા, કારણકે અમારો પડાવ તદ્દન ઉજ્જડ જગ્યામાં હતો.

લગભગ દસેક વાગ્યા સુધી તો તાપણું કરી અમે ખુબ વાતોના ગપાટા માર્યા. ત્યાર પછી સુવા જતાં પહેલાં રાત્રિએ પહેરો રાખવા ધાર્યું. અને તંબુને ચાર ખુણે ચાર બીરાદરો હથિયારો રાખી બેઠા. નસીબજોગે એક ખુણો મારે ભાગે આવ્યો. મને સાધનમાં કુહાડી મળી. આપણને ભય તો લાગેલો જ! મારા મિત્રો મારી લાચારી જાણી ગએલા અને તેથી હસતા પણ હતા. પણ મેં ન ગણકારતાં આજની રાત તો જાગતા સુતા રહેવાનો જ નિશ્ચય કર્યો.

બાજ઼ બધા તો થોડીવારમાં, ચાર ખુણાવાળા પર ભરોસો રાખી, ભય વગર નીરાંતે નિદ્રાવશ થયા. હું પણ થયો તો ખરો જ—થાકને લીધે આંખ મીંચાઈ ગઇ.

આશરે મધરાત થઇ હશે. મારી આંખ એકાએક કાંઇ અવાજથી ઉઘડી ગઇ. જોઉં છું તો મારા માથા આગળ જ શિયાળ ઉભું હતું. મારા રોમાંચ ખડા થયા, પણ હીંમત છોડી નહિ! તુરત કુહાડી ઉપાડી. પણ શિયાળ કાંઇ ઉભું રહે? આથી બંદા (વંદા નહિ)ના પગમાં જોર આવ્યું! એક જાડો ડંફુકો તથા કુહાડી લઈ હું પણ તેની પાછળ દોડ્યો. પણ બહાર ચંદ્રના અજવાળામાં જઇ જોઉં છું તો શિયાળ નહિ પણ કુતરું હતું, તે મારી સામે ભસવા લાગ્યું! મોટી ધાડ મારી! ચુપચુપ તંબુમાં પ્રવેશ કરી આપણે તો સુતા. પણ તે પહેલાં તો મારી સામેનો ખુણાવાળો કે જેને મારી બહાદુરીની ખબર હતી તે હસવા લાગ્યો: 'વૉટ વૉઝ ધૅટ, કનાઈલાલ?' પણ મિયાં બોલે તો ને? જોઇશું, સવારે વાત!

સવાર થયું અને રાતનો બનાવ ઉડી ગયો. દરરોજની માફક નાસ્તો કરી બિસ્તરા-તંબુઓ બાંધી ગાડાંમાં ગોઠવી આગળ સફરે નીકળ્યા. નોંધ કે સ્કેચ કરવાનું તો ચાલતાં ચાલતાં પણ છોડતા નહિ. રસ્તામાં કળા તથા કુદરતની વાતો કરતા હું તથા નંદલાલબાબુ પાછળ ચાલતા હતા. એવામાં એકાએક તેઓની નજર એક ડુક્કર માદા પર પડી. તેના પગ આગળ એક નાનું બચ્ચુ હતું. ચારપાંચ દિવસ પહેલાં જ જન્મેલું




સ્કેચ : નંદબાબુ



તાંતીપાડાનો રેશમ વણનારો



લોકો જોવા એકઠા થતા



અહમદનગરને સ્ટેશને

લાગતું હતું. હુક્કાના આંચળ તથા કુતરીના આંચળ સરખાં જ હોય છે તે સહેજ નોંધને પાત્ર હતું આથી તરત જ તેઓએ સ્કેચ કરી મને ભેટ આપ્યો ! તે અહીં આપેલો છે.

આવી બાબતોના સ્કેચ તથા નોંધ પણ લેતા. આગળ રસ્તામાં એક સુંદર દેખાવ જોયો. એક શાન્તાલ સ્ત્રીને પાણી ભરીને જતી જોઈ. શું તેની ચાલ ? માથા પર માટીનો ઘડો સમતોલ રાખી તેની સંભાળ રાખતી, બીજા હાથમાં કમળની પાંદડીએ રાખી, દુનિયાની જાણે દરકાર રાખ્યા વગર દમામભરી ચાલે ચાલી જતી હતી. તુરત મેં નંદબાબુનું ધ્યાન ખેંચી કહ્યું, 'આપણે કૅમેરા ન લાવ્યા, નહિતર કેવો સુંદર 'સ્નૅપ' આવ્યો હોત !'

'અરે કૅમેરા !' તેઓએ સહેજ હસતાં જવાબ આપ્યો, 'તમારી પાસેનાં કાગળ પેન્સિલ બસ છે ! અને તે પર પણ સ્કેચ ન દોરો તો સારૂં. આ દેખાવ બરોબર ધ્યાનમાં રાખો



ગામડાની ઍક તથા તેના ઍક્કર

અને પછી યાદશક્તિથી દોરો. શક્તિ તેમાં ખીલે છે.'

આ જવાબથી કૅમેરાનું નામ છોડયું. ઘણા દિવસથી 'બક્રેશ્વર' નામની બુમો પાડતા હતા. આજ બપોરે ત્યાં જઇ પહોંચ્યા.

બક્રેશ્વરમાં દાખલ થતાં પહેલાં દૂરથી જ ખુબ મંદિરો દેખાવા માંડયાં. પાસે ગયા અને જોયું તો લગભગ ૨૦૦થી ૨૫૦ મંદિરો હતાં ! પરન્તુ આમાંનાં આઠદસ સિવાય બાકીનાં જીર્ણ અને ખંડિત થએલાં હતાં. શિવલિંગો ખંડિત થએલાં; કોઇ દરકાર રાખનાર હતું નહિ.

અમે ત્યાં પહોંચ્યા કે કેટલાય પંડયા લોકો અમારી આગળ આવી પહોંચ્યા. પુછતાં જણાયું કે અહીં લગભગ પાંત્રીસ પંડયા રહે છે. તેઓનું કામ મંદિરોનાં નામ ગણાવવાનું ને નહાવાના કુંડ બતાવવાનું. ઉપરાંત કોઈ મરે તો ક્રિયા કરાવવાની ! અમારે આ લોકોની જરૂર ન હતી. અમે અમારી મેળે જ ઉના પાણીના સર્વ-આઠ-કુંડો જોયા. પાણી સૌથી છેલ્લામાં ગરમ થાય છે. એકએકમાં ચડતું ગરમ પાણી હોય છે. પરંતુ આ કુંડોમાંથી ગંધક જેવી ખરાબ વાસ આવતી. આ કુંડોમાંથી પાણી બહાર જતું અને તે પાણી ભરાઇને એક પુકુર (ખાબોચિયું) થએલું તેમાં અમે સર્વએ સ્નાન કર્યું.

આખો દિવસ અહીં ગાળવામાં ગયો. આગળપાછળના ભાવ સુંદર હતા. મંદિરના પડછાયા સંધ્યા સમયે પાણીમાં તા. પાણી એટલું સ્થિર હતું કે જાણે કાચમાં જ પ્રતિબિંબ પડતું હોય તેમ લાગતું તે જ પ્રમાણે સામે કિનારે નાનાં ઘરનાં પ્રતિબિંબ ! એક સુંદર ચિત્ર બની રહ્યું હતું.



ગામડાનો મહોલ્લો

સવારે પેલી શાન્તાલ પાણીવાળી સ્મરણમાં રહેલી અને અત્યારે પણ તેવા જ રૂપમાં બીજીઓને જોતો. તો પછી ચિત્ર પણ કેમ ન કરૂં? આ આખું ચિત્ર કુમારમાં આવી ગએલા 'નાઇલ નદીને કાંઠે' વાળા ચિત્રને ટપી જાય એવું લાગ્યું! (જુઓ ગયા અંકનું મુખચિત્ર.)

સવારે ઉઠી તરત ગરમ પાણી હોવાથી નાહ્યા અને કલાક બાદ પછી મુસાફરી શરૂ કરી. બેત્રણ નાનાં ગામ પસાર કરી અમે 'તાંતીપાડા' નામે એક મોટા ગામમાં આવ્યા. આ ગામમાં ૨૦૦ રેશમ વણનારા હતા અને તેનો વેપાર કરનારાના સર્વ મળી લગભગ ૭૦૦ ઘર હતાં. હાથે કાંતેલું તથા વણેલું રેશમ સુંદર થતું. મહેનતુ માણસોની દુકાનો, ઘર, બધું સાધારણ ગામવાસીઓનાં જેવાં જ હતાં. હું, નંદબાબુ અને કેટલાક રેશમ ખરીદવા ઉભા રહ્યા, જ્યારે બીજા મિત્રો ગાડા સાથે આગળ ગયા. અમે કેટલીક જગ્યાએ ગામમાં ચિત્રો દોરવા ગયા, ત્યાં લોકો ભરાઇ ગયા! પણ દૂરથી જોતા ગભરાતા ઉભા લાગતા અને અંદરઅંદર 'સરકારી માણસો આવ્યા છે' તેવી વાત કરતા!

તાંતીપાડામાંથી કેટલુંક રેશમી કાપડ ખરીદી હું તથા **નંદબાબુ પાછળ રહી** કાંઇકાંઇ નવીનવી વાતો કરતા ચાલતા હતા. રસ્તામાં સાથેસાથે 'લેસન' પણ આપતા જતા હતા! ૭ દિવસથી હું તેમને 'બાગ'ની ગુફા વિષે કહેવાનું કહ્યા કરતો, પણ કહેતા નહિ. આજે છેવટે તક મળતાં તે વિષે યાદ કરાવ્યું. આથી તેઓએ ચાલતાંચાલતાં કહી સંભળાવ્યું. 'બાગ' ગુફાનું વર્ણન નાનું પણ ઘણું અદ્દભુત છે. તે વિષે કોઈ વખતે કુમારમાં વાંચશો.

રસ્તામાં બોરડીનાં ઝાડ આવ્યે જ જતાં. અમે પણ વીણી વીણી ખાતા. વખતે રસ્તામાંથી રસ કે લોબાન્ પણ ખરીદતા. બપોર થતાં અમે 'બીરભૂમ' પ્રાંતના પાટનગર રાજનગરમાં આવી પહોંચ્યા. પરવારીને અમે જુની જગ્યાઓ જોવા નીકળ્યા. અત્યારે તો બધું સુમસાન હતું. મોટાં તોડા જેવાં ખંડિયેરો રડતાં લાગતાં. સર્વત્ર ઘાસ ઉગી જંગલ જેવું થઇ ગએલું જણાતું. રાજાની કચેરીનું મકાન, તેને રહેવાનો મહેલ, મસ્જીદ વગેરે સુંદર હતાં. બધું મુસલમાન રાજાના વખતનું હતું. આ બધાં મકાનો એક મોટા તળાવની આગળપાછળ હતાં.

ગામ વચ્ચે પણ એક અતિ મનોહર મસ્જીદ હતી, પણ અત્યારે તેની ચાર કોતરેલી દીવાલો જ ઉભી છે. અત્યારે પણ તે દીવાલોનું કામ આંખને ઠારે છે. પણ પરદેશીઓનો લુટારૂ હાથ આ દીવાલો પર ફરી વળ્યો છે. ભોળા હૃદયના ગામવાસીઓ આ ગેરવર્તણુક સામે કશું કરી શકતા નથી. કેટલા યે નકશીવાળી ઇંટો ચોરી ગયા! અને તે શું કાંઇ જેવાતેવા ચોર છે. અજન્તાની પ્રખ્યાત ગુફામાંથી પણ એક અદ્દભુત આકૃતિ કાપી પોતાને દેશ લઇ ગયા છે ને! ગામવાસીઓનો મોટો ભાગ મુસલમાનોનો છે.

ત્યાં કેટલુંક કામ કરી રાત પડવાથી પાછા ફર્યા અને જમી કરી આરામ લીધો.

સવાર થઈ. આજ રજાઓનો છેલ્લો દિવસ હોવાથી આગળ ન જતાં શાન્તિનિકેતન પાછા ફરવા એક મોટી 'મૉટર બસ'માં અમે ફક્ત જોઇતી વસ્તુઓ લઇ બેઠા. કારણકે રસોડાનો સામાન તથા અમારા બિસ્તરા ગાડાંમાં આવનાર હતાં. ૩૫ માઇલની મુસાફરી કરી અમે અહમદનગર સ્ટેશનેથી ટ્રેઇનમાં બોલપુર આવ્યા. ત્યાંથી 'આમાદેર શાન્તિનિકેતન' વાળું રવિબાબુનું સુંદર ગીત ગાતાગાતા આશ્રમમાં કલ્લોલ કરતા દાખલ થયા. મિત્રો વીંટળાઇ વળ્યા અને બેચાર કલાક મુસાફરી વિષે વાતો કહેવામાં તથા નવી વસ્તુઓ બતાવવામાં ગયા.

પાછા તે છેંતાલીશ ઘંટા તણા ટકોરા શરૂ થયા, સવારની વૈતાલિક ગવાઇ અને આશ્રમમાં પાછો નવો દિવસ શરૂ થયો.

કનુ દેસાઈ

ચુંદડલી

તુંમાં અલૌકિક ભાતો ચુંદડલી!
તારો છે રંગ હો રાતો ચુંદડલી!


પળે પળે પલટાતો ચુંદડલી!
હૈયે ન હર્ષ સમાતો ચુંદડલી!

બાળા તણી તું બ્હેની ચુંદડલી!
નાની વહુની સાહેલી ચુંદડલી!

પહેરૂં તને હું ઉમંગે ચુંદડલી!
રાસ રમે રમાડે રંગે ચુંદડલી!

સોળે શૃંગારોમાં સાથે ચુંદડલી!
રે'જે અખંડ મારે માથે ચુંદડલી!

ઇન્દુ



છાયાચિત્રો

મનુષ્યને પોતાનાં ચિત્રો લેવાનું પહેલું ક્યાંથી સુઝયું હશે એ વિચાર કરતાં છાયા ઉપર પહેલી નજર જાય છે. જુના વખતનાં લગભગ બધાં જ ચિત્રો એક પડખેથી ચીતરેલાં છે, અને તેમાં કપાળ, માથું, નાક, મુછ કે દાઢી અને ગરદન સુધીના ભાગ બરોબર આલેખાએલા લાગે છે, પણ આંખ ચીતરવામાં નિષ્ફળતા દેખાય છે. આથી સહજ અનુમાન થાય છે કે માણસની છાયા ભીંત પર પાડીને રેખાઓ કોલસાથી પાડી લઇ બાકીના ભાગમાં આંખ, કાન, વાળ વગેરે મુકવાનો યત્ન થયો હશે.

છાયાચિત્રમાંથી રેખાચિત્ર થયાં, છતાં છાયાચિત્રની કળા અટકી ન પડતાં તે વિવિધરૂપે દુનિયામાં ફાલી જણાય છે. કાળો કાગળ કાપી આકૃતિ બનાવી લેવાનું, કાગળમાંથી ગાળા કાપી અનેક વાર તેજ આકૃતિ છાપવાનું અને તેમાંથી નવીન નવીન ફરમા કોતરવાનું કામ અનેકવિધ રીતે થાય છે, અને આજ સુધી પણ એ મુળ ક્રિયાઓનો ઉપયોગ ચાલુ છે.

છાયાચિત્રમાં માત્ર આકૃતિના ઓળા જ હોઈ શકે અથવા ફાનસમાં ગોળ ફરતાં પ્રાણીઓનાં જ જડ ચિત્રો હોઇ શકે એમ ઘણા માને છે. પણ મેશોર ગ્રોશેકનાં છાયાચિત્રો જોનારને શાંત ગંભીર અને કરુણ ધાર્મિકતાભર્યા ભાવોનાં અજબ પ્રતિબિંબ રૂપ ચિત્રમાળા નવાઇ પમાડશે. આ તરુણ ચિત્રકારે કેટલી ધીરજથી ઇશુ ખ્રિસ્તના જીવનના સુચક પ્રસંગો કાળા કાગળપર કોરી કળાના અમર નમુના બનાવ્યા છે એ સમજાવવાની જરૂર ભાગ્યે જ રહે છે.

જર્મનીની જે ભૂમિમાં ત્યાંના પ્રતિભાશાળી કવિ ગેટેનો જન્મ થયો હતો, જ્યાં ગેટેએ પોતે રાજપુરુષો અને સ્ત્રીઓનાં છાયાચિત્રો કાળા કાગળમાં કાપી પુંઠા ઉપર ચોડેલાં હજી સચવાયાં છે, તે જ ભૂમિમાં, થરિંજીયન સંસ્થાનના પાટનગર વીમર નામના ગામમાં આ ચિત્રકારે જન્મ લીધો હતો.

આફત અને દુઃખથી ઘેરાએલા જર્મનીમાં, કોઇ ઉચ્ચતર સૃષ્ટિ રચવાની આકાંક્ષાવાળા અનેક જુવાન કલાકારો મથી રહ્યા છે તેમાં મેશોર ગ્રોશેકનું કામ ઘણું જ અસરકારક અને સહૃદય ભાવોવાળું જણાયું છે. લડાઇના અંત પછી લશ્કરમાંથી ફારક થએલા ગ્રોશેકે ચારે પાસની દુઃખી દુનિયાથી વીસામો આપનાર કળાનું શરણ લીધું અને પોતાના ભાવોને ઉદ્દગાર આપવા તેણે પોતાના ચપ્પુની અણી વડે કાળા કાગળ-



માંથી સજીવ આકૃતિઓ કોરી કાઢવાનું કામ આરંભ્યું. કાળા કાગળો કાપી તેમાંથી છાયાચિત્રો રચવાની વિકટ કળામાં તેના અખતરા ઘણા જ સફળ નીવડવા લાગ્યા.

કામ કરતાં તેને જણાયું કે જુના વખતના ગેટે તથા તેના અનુસારી કલાકારો સુસંબદ્ધતા અને ઝીણાં ભાવદર્શનો છાયાચિત્રોમાં ખીલવી શક્યા નહોતા. પણ વખત જતાં ગ્રોશેકના હાથમાંથી તો મૂર્તિકારના જેટલી જ ઝીણવટ અને ચોકસાઇથી રૂપો તથા ચેષ્ટાઓ રચાવા માંડ્યાં. તેના કાગળના ટુકડા બોલતા દેખાયા, કોરી જગ્યા ઉપર સૌંદર્ય પથરાતું ચાલ્યું અને માણસોના ઓળામાં અગાઉ કોઇએ ન બતાવેલો ધર્મબોધ ઉતરતો લાગ્યો. કોઇ ચોક્કસ અજબ પ્રેરણાથી તે પોતાનું ચપ્પુ વાપરતો. તેમાંથી બાળકોને રમવાની પુતળીઓ ન નીકળતી, પણ માનવજીવનની ઉંડી ગંભીર લાગણીઓ, ભાવો તથા ભવ્યતા પ્રગટ થતાં. ખાસ કરીને ઇશુ ખ્રિસ્તના જીવનપ્રસંગો ને બાઇબલ-ની કથાઓ જાણે સજીવ બનીને આપણી નજર આગળ તરી રહેતી હોય તેવી અસરકારક એણે પ્રગટાવી છે.

આ લેખને મથાળે બાઇબલની એક કથાનકનું એવું ચિત્ર જણાશે. ઉછૃંખલ છોકરો પિતાની સામે થઇ, લડીઝઘડી. પોતાના ભાગની મિલકત લઇ દુનિયામાં ચાલતો થાય છે. પણ ત્યાં બધી મિલકત ઉડાવી, ખરાબખસ્ત થઇ, દીનહીન ને કંગાલ સ્થિતિમાં આવી પડી, છેવટે પામર બની પશ્ચાત્તાપથી બળતે હૃદયે અને લથડતે પગે, બાપને શું મોં બતાવું એની વેદનાથી મોં ઢાંકી દેતો, પિતાને જ શરણે આવે છે. અને પિતા ? પ્રેમળતા, વાત્સલ્ય અને કરુણાની અધીરતા એ વૃદ્ધની ચાલમાં અને તેના આતુર હાથમાં મુકીને કલાકારે કાગળના એ કાળા ટુકડામાં જાણે પિતાનું ધબકતું હૃદય મુકી દીધું છે !

સાથેનું બીજું છાયાચિત્ર પણ એ જ ચિત્રકારનું આલેખેલું ઇશુ ખ્રિસ્તના જીવનમાંથી જ છે.

કેવી ચાલાકી

કેટલાક વખત પર જાપાનની એક પેઢીએ દેવાળું કાઢ્યું હતું. ફ્રાન્સના એક વેપારીને જાપાનની સાથે ઘણો વેપાર હતો. પોતાના જ સંબંધવાળી પેઢી ડુબી તો નથી, ને પોતાનું તો નાણું ડુલ નથી થઈ ગયું એ જાણવાની તેને ભારે ચટપટી થઇ રહી, કેમકે કઈ પેઢી ડુબી તેનું નામ જાહેર થયું નહોતું.

આથી તે એક જાણીતા બૅંકવાળા પાસે ગયો અને ડુબેલી પેઢીનું નામઠામ પુછ્યું. પણ બૅંકરે કહ્યું, 'મારાથી કોઇનું નામ કેમ દેવાય ? હજુ સત્તાવાર રીતે નામ જાહેર થયું નથી, ને હું નામ દઉં તો કાયદેસર રીતે ગુન્હામાં આવી જાઉં.'

પેલા વેપારીએ બહુબહુ માથાફોડ કરી, પણ બૅંકર એકનો બે ન જ થયો. આખરે પેલા વેપારીએ કહ્યું, 'એક કામ કરો. હું તમને દસ પેઢીનાં નામ લખી આપું, તેમાં તે પેઢીનું નામ છે કે નહિ એટલું જ મને કહેજો. પેઢીનું નામ દેવાની જરૂર નહિ.'

'હા, એમ કરવામાં વાંધો નથી; નામ દેવામાં જ વાંધો.'

વેપારીએ દસ નામ લખી એને આપ્યાં. બૅંકરે તે જોઈ કહ્યું, 'હા, એમાં તે નામ છે.'

'હાય, હાય! ત્યારે તો હું મુઓ જ. કેમકે મારી મોટી રકમ ડુબી ગઇ!'

'પણ તમે કેમ જાણ્યું કે કઇ પેઢી છે? મેં થોડું જ નામ દીધું છે?' પેલા બૅંકરે પુછ્યું.

'અરે, અક્કલના બાદશાહ! જે એકમે પેઢી સાથે મારે વેપાર છે તેનાં જ નામ એમાં સાચાં છે. બાકીનાં બધાં ય નામ તદ્દન બનાવટી અને અહીં બેઠાં બેઠાં મેં ગોઠવી મુકયાં હતાં!'

આમ તેણે પોતાનું કામ કાઢી લીધું! કેવી ચાલાકી!

(ગાંડીવ)





સ્કાઉટ શું કરી શકે ?

આપણે ઘણાં માણસોને પુછતાં સાંભળીએ છીએ કે ' આ સ્કાઉટિંગ તે વળી શું છે?'

એક વખત સ્કાઉટોની ટુકડીને લશ્કરી કપડાંમાં જોઇ કેટલાંક માબાપ ગભરાઇ ગયાં. તેમણે ધાર્યું કે છોકરાંને સરકાર ચોક્કસ લડાઇમાં મોકલી દેશે ! બીજે અઠવાડિયેથી સ્કાઉટની સંખ્યા ઘટી !

સ્કાઉટોને રજાના દિવસોમાં બગલથેલા ભરી, હાથમાં લાકડીઓ લઇ જંગલમાં જતા જોઇ એક શિક્ષકબંધુએ પુછેલું, ' વળી આ રખડાઉ છોકરાઓને વધુ રખડતા કરવાનું તે કોણે શોધી કાઢ્યું ? '

એક હેડ માસ્તર બળાપો કાઢતા હતા, 'સ્કાઉટિંગ થતાં તો અમારા મૅટ્રિકના પરિણામના ટકાનું મીંડું વળી ગયું ! '

બેચાર સારા માણસોને સ્કાઉટિંગમાં રસ લેતા જોઈ એક માણસે વ્યાખ્યા આપી કે 'નવરા માણસોને બહાર પડવાનો આ એક ઠીક રસ્તો છે ! '

આ બધાં વચનો ને પ્રસંગો, સ્કાઉટો શું કરી શકે અથવા સ્કાઉટે શું કરવું જોઇએ તેના અજ્ઞાનનું જ પરિણામ છે. ખાખી કપડાં સીપાઇ પહેરે, છોકરાઓને ચોપડીઓ સિવાય બીજી કશી પ્રવૃત્તિ હોઇ જ શકે નહિ, આપણા શ્રેયનો આધાર મૅટ્રિકના ટકા ઉપર જ હોય, ફળની આશા સિવાય કોઇ માણસ કાંઇ કામ કરતો જ નથી, આવીઆવી જાતના આપણામાં રૂઢ થએલા અભિપ્રાયો જલદી દૂર કરવા સહેલ વાત નથી. માંદાં અથવા ઘાયલ થએલાંને મદદ કરવી, આગ જેવા સાર્વજનિક આફતના પ્રસંગોમાં કામે લાગવું, મોટા જલસામાં બંદોબસ્ત રાખવો, અને કુદરતને ખોળે રહી શરીરે તંદુરસ્ત, મનથી જાગૃત અને નીતિમાં એક્કા થવું તેનું નામ સ્કાઉટિંગ. જનસમાજ સ્કાઉટોનું જ્યારે આવી જાતનું વર્તન જોશે ત્યારે જ તેમના રૂઢ થએલા મતો બદલાશે. બીજા દેશોમાં સ્કાઉટો શું કરે છે, કેવો સેવાધર્મ બજાવે છે તે નીચેના દાખલાઓ પરથી વિશેષ સ્પષ્ટ સમજાશે.

કાઠિયાવાડ સેન્ટ્રલ બૉય-સ્કાઉટ એસોસીએશનના માજી સેક્રેટરી રા. અનંતરાય પટ્ટણી ઇંગ્લંડથી પોતાના એક પત્રમાં, ત્યાં સ્કાઉટો શું કરે છે તે બાબત નીચે પ્રમાણે લખે છે:

' અહીં સ્કાઉટો કેવી રીતે કામ કરે છે, કેવી સેવા કરે છે, સેવા અને સ્વાશ્રયનો હેતુ કેવી રીતે સાચવે છે તે જાણી આપણા દેશના સ્કાઉટ ભાઇઓ રાજી થશે એમ સમજી કૅપ્ટન લેઝલી વૉટસને કહેલી હકીકત લખી મોકલું છું.

લંડનમાં ચોરીની તાલીમ આપનારાં ઘણાં છે; અને માત્ર પુરુષો જ નહિ પરંતુ સ્ત્રીઓ પણ આ જાતનું કામ કરે છે. પોતાના કુટુંબના ગુજરાનને માટે ચોરી કરવાનું માતાઓ પોતાનાં બાળકોને રઢીરઢી, બાથ ભરીભરી શીખવે છે, અને માતૃપ્રેમને અધીન થઇ બાળકો ચોરી કરતાં શીખે છે ! આવી ઘણી માતાઓના દાખલા હું જાણું છું. આવી સૂચના અને

તાલીમ સારીરીતે કમાતાં કુટુંબોમાં પણ અપાય છે. તેની શોધ અમારા રોવરો* દર અઠવાડિયે કરે છે. આ રોવરોની ટુકડીમાં કેટલાક જુના સ્કાઉટો પણ સેવા અર્થે દાખલ થાય છે.

આ ટુકડીના કમિશનર હાઉસ ઑફ કૉમન્સના આસિસ્ટન્ટ એકાઉન્ટન્ટ છે અને તેમણે આવા 'બાલ-ચોર'નો કેસ જડે ત્યારે કેવી પદ્ધતિથી કામ લેવું તે નીચે પ્રમાણે લખ્યું છે:

ઘણી વાર એવું બને છે કે છોકરો માની સાથે કોઇ દુકાનમાં જાય છે. મા કોઇ બાબત પર દુકાનદાર સાથે તકરાર ઉઠાવે છે, અને તે તકરાર બરાબર ચાલતી હોય ત્યારે છોકરો, માની સુચના પ્રમાણે, એકાદ ચીજ ખીસામાં નાખી દે છે. આવા કેસની અમને ખબર પડે કે તરત એક રોવર તે છોકરાની ઓળખાણ કરે છે. તેને પોતાની સાથે રમવા લઇ જાય છે, સીનેમા જોવા લઇ જાય છે, અને તેનો મિત્ર થઇ વિશ્વાસ મેળવવા પ્રયત્ન કરે છે. આ વિશ્વાસ મળે તો તેને સારી શીખામણ આપે છે. તેના ઘરના ખરાબ વાતાવરણથી દૂર કરવા અમે પ્રયાસ કરીએ છીએ અને થોડા વખત પછી અમે તેને પ્રામાણિકરીતે કમાવાનો ધંધો શોધી આપીએ છીએ.

અમારું એક બીજું જાણવા જેવું કામ તે 'લંડન બ્લડ ટ્રાન્સફ્યુઝન સર્વિસ' (લોહી આપનારી મંડળી) છે. કેટલાંક દર્દો એવાં થાય છે કે દર્દીને જો અમુક પ્રકારનું તાજું લોહી પરભાર્યું નસોમાં મળે તો જ તેમની જીંદગી બચે. આવી જીંદગીઓ બચાવવાને માટે અમે અમારાં લોહી આપીએ છીએ, અને અમે ઉપરને નામે રેડ ક્રૉસ સોસાયટીની સાથે જોડાયા છીએ. આ સેવાની શરૂઆત રોવર ઑલિવરે કરી છે. જેઓ પોતાનું લોહી ગમે ત્યારે આપવાને તૈયાર હોય તેઓ આ મંડળીમાં જોડાય છે. તેમના બધાનાં નામઠામ અને લોહીની જાત ઇત્યાદિનું પત્રક રોવર ઑલિવર પાસે રહે છે. દરેક વખત દર્દીને માટે એક પાઇન્ટ (સવા શેર) લોહીની જરૂર પડે છે. આ વીર યુવાન સેવકોમાંથી કેટલાકોએ તો પાંચપાંચ વાર લોહી આપ્યાં છે! આખી સર્વિસ દર વરસે આશરે ૪૦૦ કેસમાં લોહી આપે છે! કામ ઝપાટાથી થાય છે. હૉસ્પિટલ અમને ટેલિફોન કરે કે અમુક જાતના લોહીની જરૂર છે. રજિસ્ટર ઉપરથી જે સેવક (રોવર)નું નામ આવતું હોય તેને ટેલિફોન અથવા દોડતા સ્કાઉટથી ખબર આપવામાં આવે છે. રોવર તરત જ, રજા લેવાની જરૂર હોય તો ઉપરીની રજા લઇ, કામ છોડી હૉસ્પિટલમાં હાજર થઈ જાય છે.

થોડા દિવસ ઉપર એક રમુજી બનાવ બન્યો. એક આનંદી તરવરિયા, અને કદાવર રોવરે એક વૃદ્ધ સ્ત્રીને પોતાનું લોહી આપ્યું. બીજે દિવસે તેને ડૉકટરે ટેલિફોન પર પુછ્યું, 'તમને ખાતરી છે કે તમારૂં લોહી 'Z 3' છે?' રોવરે ઉત્તર આપ્યો, 'હા; મારા ડૉકટરે એ નંબર આપ્યો છે.' સર્જને કહ્યું, 'અમને લાગે છે કે આમાં કાંઇક ભુલ છે. આજ સવારે તે વૃદ્ધ સ્ત્રી મંદવાડની પથારીમાંથી કુદી ઉઠી, આખો બગીચો દોડતી ફરી આવી, અને હવે બહાર ગોંદરી પર કસરત કરે છે!'

આ બનાવમાં હાસ્યરસ છે, પણ તેના કરતાં પણ વિશેષ તે સ્કાઉટ વીરનો સેવારસ છે. સ્કાઉટિંગ એટલે સેવા. અને સેવાધર્મ તો આખા જગતનું હૃદય છે. દેશદેશાવરમાં પણ એ ભાવના એક જ છે.

હિંદુસ્તાનમાં એક સમય એવો હતો કે સમસ્ત દેશના કલ્યાણ અર્થે દધિચી ઋષિએ પોતાનાં હાડકાં કાઢી આપ્યાં હતાં અને દયાની લાગણીથી શિબિ રાજાએ પોતાનું માંસ કાપી આપ્યું હતું. તે વખતે હિંદુસ્તાન સ્વર્ગ તુલ્ય હતું. જ્યાં સેવકો બીજાની જીંદગી ખાતર પોતાનાં લોહી હસીહસી કાઢી આપે ત્યાં સ્વર્ગસમ સુખ અને સ્વાતંત્ર્ય હોય તેમાં શી નવાઇ?'

ગજાનન ભટ્ટ


* ૯થી ૧૦ વર્ષ સુધીની ઉમરના સ્કાઉટને 'કબ' કહેવામાં આવે છે; ૧૦થી ૧૬ વર્ષ સુધીના સ્કાઉટ 'સ્કાઉટ' કહેવાય છે; ૧૬ વર્ષથી ઉપરની ઉમરના સ્કાઉટને 'રોવર' કહે છે.

અથાણું

કડિયો—માસ્તર, મેં દસ રૂપિયાનું મનીઑર્ડર સુરત કર્યું છે તેને આજ ત્રણ દિ થયા છતાં જવાબ કેમ નહિ હોય?

માસ્તર—આવશે; એકાદ બે દિવસ રાહ જુઓ.

કડિયો—પણ એમાં એક વાત છે ઇ તમને કહી દઉં; કે એક રૂપિયો જરા ખોટો બોલતો'તો, તે તમે તો ચલાવ્યો; પણ પેલા મહેસાણા વાળો માસ્તર બહુ પાકો છે. તો કદાચ એણે ખખડાવ્યો હેય, ને ખોટો હોય તો ન મોકલે એમ તો નહિ હોય ને? તમારે કાંઇ એનો તાર નહિ આવ્યો હોય?

બાળ-વિભાગ



ચાંદરણાં

ચાંદરણાં પ્રિય ચાંદરણાં
ઝગમગ ઝાંખાં ચાંદરણાં
હસવાં એવાં રડવાં
ચાંદરણાં ઓ ચાંદરણાં !

ચાંદરણાં પ્રિય ચાંદરણાં
રૂમઝુમ રમતાં ચાંદરણાં
ઉગવાં ને આથમવાં
ચાંદરણાં ઓ ચાંદરણાં !

ચાંદરણાં પ્રિય ચાંદરણાં
ચંદની – છેયાં ચાંદરણાં
મળવાં જુદાં પડવાં
ચાંદરણાં ઓ ચાંદરણાં !

ચાંદરણાં પ્રિય ચાંદરણાં
ચાર દિવસનાં ચાંદરણાં
અવતરવાં ને અમર થવાં
ચાંદરણાં ઓ ચાંદરણાં !

દે. પ.

કક્કો

ક કરવાં તો સારાં કામ,
ખ દુ:ખ ખમતાં સમરો રામ.
ગ ગણ હીસાબ ચોખ્ખી રીત,
ઘ ઘરમાં સૌથી પર પ્રીત.
ચ ચંચળ નરને સૌ ચ્હાય,
છ છળથી સૌ આઘે જાય.
જ જંતુ સૌમાં જીવ જાણ,
ઝાડ વિષે પણ જીવ પ્રમાણ.
ટ ટંટા નવ વ્હોરો કદા,
ઠ ઠઠ્ઠા અતિમાં નહિ મઝા.
ડ ડર એક પ્રભુનો ધરો,
ઢ જે ઢંગ નહિ પાધરો.

ત તપવું ના ક્રોધે કદા,
થ થંડો જણ ફાવે સદા.
દમામ પોલે લોકો હસે,
ધનલોભે નીતિ પણ ખસે,
નાગાથી સૌ દૂર જ વસે.

પ પળ પણ ન નકામી ખુઓ,
ફ નેકી-ફળ મીઠાં જુઓ.
બ બોલીથી પોત જણાય,
ભ ભીખે નવ પેટ ભરાય,
મ મગરૂરી ખત્તા ખાય.

યશ મેળવવો દુર્લભ ભાઈ,
રંક રાયને ન્હોય સગાઇ.
લક્ષ્મી ચંચળ આવે જાય,
વચન જાય તે ગયું સદાય.

શ શંકર સુખ સૌનું કરે,
ષ ષટ ગુણ ષટ અવગુણ ખરે.
સ સહકારે સંપત વડી,
હ-ળ હળ કણ આપે ભરી.

કક્કામાં સ્વર ભળતા બાર,
અનુક્રમે લહીએ તે સાર.

અદબ અકારે નિત સંભાર,
આ આળસ ધરવું ન લગાર.
ઇએ ઈમાન સદા સાચવો,
ઈ છે ઈશ ઘટેઘટ ભર્યો.
ઉ ઉમર ક્ષણક્ષણ વહી જાય,
ઊ ઊજમથી શું ન જિતાય ?
ઋ ઋષિઓ જગતે વંદાય,
ૠથી શબ્દ ન કો’ મંડાય.


એ ન એબ કોઈની જુઓ,
ઐ ઐક્યે ચડતી બીજ જુઓ.
ઓ ઓશિયાળો ખુએ આપ,
ઔઠ * હાથ માણસનું માપ.
કક્કો સરસ્વતીની ખાણ,
કક્કે વસી સુનીતિ જાણ;
કક્કે બળ જય ઉદય પ્રમાણ,
કક્કો મુક્તિદાતા માન.

બલવંતરાય ક. ઠાકોર

* ઔઠ=સાડા ત્રણ

પુષ્પાંજલિ   ૫ સુગન્ધ

શરદ પુનમની રાતે હેમુ, અરુણા ને મધુસૂદન ચાંદનીમાં રમતાં હતાં. રમતાંરમતાં ચન્દ્ર તરફ નજર જતાં તે ત્રણેને એ લેવાનું મન થયું. કેવી રીતે ચન્દ્ર મેળવવો તેનો તેમણે ખુબ વિચાર કર્યો, પણ કાંઇ સુઝયું નહિ. એટલામાં વિભાસ નામનો તેમનો એક મિત્ર આવ્યો. તેને જોઇને પેલાં ત્રણ ખુબ ખુશ થયાં; કેમકે વિભાસને એક પરી સાથે ઓળખાણ હતું, ને તે પરી કાંઇક મદદ કરશે જ એવી બધાંને ખાતરી હતી. ત્રણે જણાંએ વિભાસને બધી વાત કહી, એટલે વિભાસે કહ્યું કે ‘ ચાલો હું પરીને બોલાવું; મને પણ ચન્દ્ર જોઇએ છે. ’



આટલું કહીને તે પોતાને ઘેરથી કોડિયામાં દેવતા લઇ આવ્યો. પછી તે ચારે બાળકો મેદાનમાં ગયાં. જમીન ઉપર દેવતા મુકીને વિભાસે પોતાના ગજવામાંથી કાંઇક ભુકો કાઢ્યો ને તે દેવતા ઉપર નાખ્યો. તરત જ સુગન્ધિત ધુમાડો નીકળ્યો, ને થોડીવાર પછી તેમાંથી એક પરી નીકળી. આ પરીનું નામ સુગન્ધ પરી હતું ને તે બહુ જ દેખાવડી હતી. વિભાસે તેને બધાંની ઇચ્છા જણાવી એટલે તે ખુબ હસી. પછી કહે કે ચાલો મારી સાથે. પરીની સાથેસાથે એ છોકરાં તો દૂર સુધી ચાલ્યાં. છેવટે એક તળાવ આવ્યું. પરી તો અંદર ગઈ. બાળકો પણ તેની પાછળ ગયાં. તળાવમાં પાણી તો બહુ ઓછું હતું: છોકરાંઓને માંડ ઘુંટણ સુધી આવતું હતું. પરીએ છોકરાંઓને વચ્ચોવચ્ચ કુંડાળામાં ઉભાં રાખ્યાં. ચન્દ્રનું પ્રતિબિંબ પાણીમાં પડતું હતું ને તરતું હોય એમ લાગતું હતું. પછી પરીએ તેને પોતાની લાકડી જોરથી મારી, એટલે પાણી હાલ્યું. તેથી પ્રતિબિંબના કટકા થઇ ગયા. પરીએ છોકરાંઓને એકેક કાળું વાસણ આપ્યું ને કહ્યું કે 'પ્રતિબિંબના કટકા પાણીમાં તરે છે તે તમે લઇ લો.' છોકરાંઓએ પોતપોતાનાં વાસણમાં પ્રતિબિંબનો એકેક કટકો પાણી સાથે ભરી લીધો. પરીએ બધાંને ઢાંકણાં આપ્યાં તે વાસણ પર ઢાંકી દેવાનું કહ્યું. પછી સૌ પાણીમાંથી બહાર નીકળ્યાં. મેદાનમાં આવ્યા પછી પરીએ બધાંને વાસણ ઉઘાડી જોવાનું કહ્યું. બધાંએ ઉઘાડયાં તો દરેક વાસણમાં પાણીની અંદર ચન્દ્રનું આખું પ્રતિબિંબ બહુ જ સરસ પડતું હતું. બાળકો તો આ જોઈ ખુબ જ ખુશી થઇ ગયાં. પછી પરી તો જતી રહી. આખી રાત બાળકોએ ચન્દ્રના પ્રતિબિંબ સાથે રમ્યા કર્યું. સવારે જ્યારે ચન્દ્ર દેખાતો બંધ થયો ત્યારે પ્રતિબિંબ પણ જતાં રહ્યાં. પછી છોકરાંઓએ વાસણમાંનું પાણી નકામું છે એમ ધારીને બાગમાં ઢોળી દીધું. જે જગ્યાએ તેમણે એ પાણી ઢોળેલું ત્યાં બીજે દિવસે બહુ જ સરસ ચાર છોડ ઉગેલા હતા ને તેના ઉપર સુંદર ધોળાં ફુલ હતાં. આ ફુલની સુગંધ ઘણી જ આવતી હતી. પરીને બોલાવવા માટે વિભાસે પેલી ભુકી દેવતા ઉપર નાખેલી, ત્યારે ધુમાડામાંથી જેવી સુગન્ધ આવતી હતી તેવી જ સુગન્ધ આ ફુલની હતી. આ ફુલ તદ્દન નવાં જ હતાં. છોકરાંઓએ પેલી પરીના નામ પરથી એ ફુલનું નામ સુગન્ધ પાડ્યું, ને હજુ પણ તે એ જ નામથી ઓળખાય છે. ['મુકુલ'માંથી

: આવતે મહીને 'ચમેલી'ની વાત :

અપકારનો ▫ ▫ અવિવેક

મારી ભાવનાભોમ પ્રિય ભારતની વિદાય લેતી વેળા હું એનાં આર્ય બાળકોને છેલ્લીછેલ્લી બે કથાનક કહેવા માગું છું.

પ્રિય દોસ્તો ! તમે જાણો છો જ, અથવા કોઇક દિવસ જરૂર જાણશો, કે બ્રહ્માવર્તના ઋષિમુનિઓએ દુન્યવી અને દૈવી જીવનને સરખો લાગુ પડે એવો કર્મનો સિદ્ધાન્ત વિચારી લીધો છે. એ સિદ્ધાન્ત આવો છે:

'કર્મ તેવાં ફળ' અથવા 'કરણી તેવી પાર ઉતરણી.' જેવું બીજ તેવો રોપ. કૌવચનું બી હોય તે આંબો ન ઉગાડે. તેવી જ રીતે દૈવી જીવનમા. કુકર્મનું ફળ સારૂં ન મળે, અને સત્કર્મનું ફળ નઠારૂં ન હોય. છોકરો આળસ કરે તો અભણ રહે; ઉમંગી બને તો જ્ઞાન મેળવે. કર્મનો આ કાનુન કેટલો બુદ્ધિગમ્ય, નીતિમય, ન્યાયી છે!

વારૂ; પરંતુ કર્મથી ઉલટો અપકાર છે. કોઇકે તમારૂં ભલું કર્યું હોય અને તમે જો તેને દુ:ખ દો કે ઇજા કરો તો? તો મનુષ્ય પોતાની દુષ્ટતા વડે તેને નિષ્ફળ કરે છે અને કર્મના કલ્યાણજનક સિદ્ધાન્ત તોડે છે. માટે જ તો અપકારને અતિશય કદુપ કહ્યો છે.

એકવાર કેટલાક યાત્રાળુઓ સૂર્યના પ્રચંડ તાપમાં ચાલીને થાકી લોથ થઇ ગયા. અચાનક તેમને એક ઘટાદાર વૃક્ષનો છાંયો સાંપડ્યો. અરધોએક કલાક ન થયો, ત્યાં તો તેઓ તાજામાજા ને ખુશમિજાજ બની ગયા. પછી તેઓ વાતે વળગ્યા. એક જણ વક્ષ તરફ નજર ફેરવી બોલ્યો, 'બીચારૂં વૃક્ષ ! એને ન મળે ફળ કે ફુલ. તદ્દન નકામું !' સાથીઓએ એમાં ટાપશી પુરી. દુ:ખિયા વૃક્ષને વાચા ઉપજી. 'અહો, જે ઘડીએ આ લોકો મારી શીતળ છાયા ભોગવી રહ્યા છે, તે જ ઘડીએ તેઓ મારા નિરર્થકપણાની હાંસી કરે છે !'

એ અપકારનો અવિવેક. પણ નાના મિત્રો, એમ ન માનશો કે કર્મનો કારમો સિદ્ધાન્ત વેર નહિ વાળે. અપકાર અવશ્ય દંડાય છે જ. સાંભળો, એક બીજી વાત માંડું.

ઇટાલિયન પ્રોફેસર કાર્લો ફૉર્મિકી, જેમણે હમણાં જ શાન્તિનિકેતનની 'વિશ્વભારતી વિદ્યાપીઠ'માંથી સ્વદેશ વિદાય થતી વેળા આ સાથેનો લેખ 'કુમાર' માટે લખી આપ્યો છે

સ્કેચ : કનુ દેસાઈ



એક સાધુ હતો. એની પર્ણકુટિમાં રોજ ઉંદર આવે. સાધુનું મન તો ઉંદર સાથે હળી ગયું. તે એને ખાવા દાણા નાખે. ખોળામા ચડવા દે ને રમાડે. એક વાર કોઇ બીલાડી એ ઉંદર પર તરાપ મારવા ગઈ. ત્યાં તો સાધુએ એને અણીની ઘડીએ બચાવી લીધો. પછી તેણે મનથી વિચાર કર્યો કે જ્યાં સુધી આ મારૂં પ્રિયજન ઉંદર રૂપે હશે ત્યાં સુધી તેને બીલાડીનો ભો રહેશે જ. માટે ચાલ, હું એને બીલાડી બનાવી દઉં. ઉંદર તો હવે મોટી રૂપાળી બીલાડી બની ગયો.

એક દિવસ એ બીલાડી પાછળ કોઇ શીકારી કુતરો પડ્યો ને એને ગળે તીણા દાંત બેસાડ્યા. આ વેળા પણ સાધુ વખતસર આવી પહોંચ્યો ન હોત તો જરૂર કુતરો એને પીંખી નાખત. વળી સાધુએ વિચાર્યું કે આ બીલાડીરૂપે રહેશે ત્યાં સુધી કુતરો તેને ફાડી ખાય ખરો. ચાલ, એને કુતરો જ કરી દઉં. ઉંદરભાઇ તો હવે મજબુત ચાલાક કુતરો બન્યા. સાધુ જંગલ નજીક રહેતો અને જંગલમાં વાઘનો વસવાટ ઘણો હતો. એક દહાડો કુતરો વાઘના પંજામાં સપડાઇ ગયો અને

મોટી મુશ્કેલીએ સાધુએ એને ઉગારી લીધો. આથી તેણે તેને વાઘ બનાવી દેવાનો નિશ્ચય કર્યો. આવી રીતે ક્રમશઃ ઉંદરડો મોટા વ્યાઘ્રપદે વિરાજમાન થયો !

આ અવતારી વાઘનું મુળ સ્વરૂપ સૌ લોકોને માલુમ હતું. જ્યારેજ્યારે વાઘ પેલા સાધુની પાછળ શેરીઓમાં ફરતો ત્યારેત્યારે વારંવાર લોકો ખીજવતા, 'જુઓ ભાઇઓ, આ મૂષક–વ્યાઘ્ર જોયો ?' એમ બોલીને બધા ખડખડાટ હસી પડતા. આ પારાવાર અટ્ટહાસ્ય સાંભળીને પેલા મૂષક વ્યાઘ્રને ઘણું દુઃખ થવા લાગ્યું. તેણે વિચાર્યું કે જ્યાં લગી આ સાધુ જીવતો છે ત્યાં લગી હું મારો ખરો સ્વભાવ સંતાડી શકીશ નહિ, તેમ મારૂં મુળ પામર સ્વરૂપ પણ ભુલી શકીશ નહિ. માટે હું એ બાવાનું કાસળ કાઢું તો એક કાંકરે બે પક્ષી પડે. એક તો મારા મુળ સ્વરૂપનો કોઇ સાક્ષીપુરાવો ન રહે, અને વળી મીઠા મજાના નરમાંસનો સ્વાદ મળે.

પણ સાધુ તો પશુ પ્રાણીઓ ને મનુષ્યોનાં મનમાં જે વિચાર ચાલતા હોય તે અગાઉથી કળી શકતો. વાઘનો વિચાર પામી જઇને સાધુ એની સામે જોઇ બોલ્યો, 'ફરીવાર મૂષક બની જા.' આ શબ્દો એના હોઠમાંથી નીકળ્યા ત્યાં તો પેલો વ્યાઘ્ર ફરી પાછો ઉંદરડો થઇ ગયો ! **કાર્લો ફાર્મિકી**

દુધ બચાવવું છે ?

વિજ્ઞાનપંડિતોએ જાહેર કર્યું છે કે દુધને રાતા રંગ સાથે દોસ્તી છે. સામાન્ય પ્રકાશનાં કિરણો દુધને બગાડવાનું કારણભૂત બને છે; પણ જો લાલ રંગ આડે આવે તો તેમ કરી શકતાં નથી. મતલબ કે રાતા કાચની બાટલીઓમાં દુધ રાખવું એ બહુ સલામત છે. ચોખ્ખું તાજું દુધ નીતર્યા કાચની બાટલીમાં સવારે ભરો; સાંજે બગડી જશે. લાલ કાચની બાટલીમાં ભરી જોજો; નહિ જ બગડે. નીતર્યા કાચની બાટલીની આસપાસ લાલ કાગળ વીંટાળો તો યે ચાલશે. (ગાંડીવ)

તમારી ફુરસદે

(૧) આપણે સાબુના પાણીમાં એકાદ કાચની નળી બોળી ફૂંક મારી ફુગ્ગા બનાવીએ છીએ પણ એ ટકાઉ નથી હોતા; તે જો ખુબ વાર સુધી ટકાવવા હોય તો આ મિશ્રણ વાપરવું : ૧ ભાગ સાબુ; ૮ ભાગ પાણી; ૮ ભાગ ગ્લિસરિન.

(૨) એકાદ ચણોઠી જેટલો કાંકરો લઇ તે તમારી ડાબી હથેળીમાં મુકો; પછી જમણા હાથના અંગુઠા પાસેની આંગળી તે જ હાથની વચલી આંગળી ઉપર ચડાવી, એ બે આંગળી સાથે જ રાખી પેલા કાંકરા ઉપર ડાબા હાથની હથેળીમાં વર્તુળ ફેરવો એટલે કાંકરા બે હોય એવું લાગશે ! (રાં. કા.)

ફુલવાડી

મને મારીને રથડા ખેડ રે, બાળા રાજા રેઃ
મને જુદ્ધે સાથે તેડ રે, બાળા રાજા રે.
આપણ સરખાસરખી જોડ રે, બાળા૦
મને જુદ્ધ જોયાના કોડ રે, બાળા૦

એ સચોટ ને પ્રબળ લાગણીભરી કડીઓને ગુજરાતનાં લોકહૃદય ને સાહિત્યમાં જડી દેનાર કવિ લજ્જારામ અમદાવાદના ઔદિચ્ય સહસ્ર બ્રાહ્મણ હતા, અને ઇ. સ. ૧૭૮૭ સુધી હયાત હતા.

એ સમયમાં ગુજરાતી ભાષામાં વાર્તાઓ અને પુરાણની કથાઓ કવિતામાં ઉતરી જે નવો રસ ધરતી તેનો આબાદ નમુનો આ લજ્જારામનું અભિમન્યુ આખ્યાન પુરે છે. મથાળે ટાંકેલી લીટીઓ, યુદ્ધે ચડતા અભિમન્યુને ઉત્તરાએ કરેલી વીનવણીમાંથી છે. લજ્જારામની ભાષામાં સચોટ શબ્દોનું જોમ અને માર્મિક ભાવનો ગાનપ્રવાહ વહી રહે છે.

એના એ જ અભિમન્યુ આખ્યાનમાંથી નીચેના પ્રસંગનું એક પ્રેરક પદ અમે અહીં ઉતારીએ છીએ. કૃષ્ણ અને અર્જુન જાલંધરને હણવા ગયા હતા એ તકનો લાભ લઈ દુર્યોધને ચક્રવ્યૂહ રચી પાંડવોને યુદ્ધનું આમંત્રણ કર્યું. આથી ચિંતામાં પડેલી પાંડવસભામાં અર્જુનકુમાર અભિમન્યુ આવી ચડે છે, ને ચિંતાનું કારણ જાણતાં ચક્રગઢના છ કોઠા જીતવાનું બીડું ઝડપી રણમાળ પહેરી લે છે. અભિમન્યુ ઘેર આવતાં માતા સુભદ્રા તેના ગળામાં રણમાળ જોતાં સંતાપ કરવા માંડે છે અને કહે છે કે

પિતા જાળંધર હણવા ગયો, બાળુડો રણ વાધિયો.
મોઢે આવે છે ધાણધાવણ, કયમ આગમશો સુત રણ ?

પોતા પર બાળપણાનું આળ સાંભળી વીર કુમાર અભિમન્યુ માતાને ઉત્તર વાળે છે કેઃ

મને બાળુડો ન કહેશો મારી માવડી રે.
મા બાળે કાને જળમાં પેશી નાથ્યો કાળી નાગ રે;
મા બાળો વીંછી કેટલો બધે અંગે ઉઠે આગ રે. મને૦
મા બાળો મેઘ જ કેટલો તે તો નીર ભરે નવખંડ રે;
મા બાળો વજ્ર જ કેટલો તે તો પર્વત કરે શત ખંડ રે. મને૦
મા બાળો દિનકર કેટલો બધો અંધકાર પામે નાશ રે;
મા બાળો સિંહ જ કેટલો તેથી હસ્તિ પામે ત્રાસ રે મને૦
મા બાળો મંકોડો કેટલો તે તો ખીજ્યો કરડી ખાય રે;
મા મુકાવ્યો મુકે નહિ તાણ્યો તુટી જાય રે. મને૦
મા બાળો હીરો કેટલો પણ તે તો એરણને વેધે રે;
મા બાળો નોળ જ કેટલો વડા વશિયરને છેદે રે. મને૦
મા બાળો અગ્નિ કેટલો તે તો દહે આખું વન રે;
મા બાળો તે નર જાણિયે જે આખર ક્ષત્રી તન રે. મને૦

સરજનહારની સૃષ્ટિ



શાહમૃગ

દક્ષિણ આફ્રીકાના મુળ વતની સીદીઓ પાસેથી ગોરા લોકો જેમ સોના હીરા અને માણેકની ખાણો પચાવી પાડી આજે જગતમાં ધનવાન થઇ બેઠા છે, તેમ દક્ષિણ આફ્રીકાના શાહમૃગ પક્ષીનો વેપાર પણ એકહાથ કરી એ લોકો એમાંથી દર વરસે સાડા ચાર કરોડ રૂપિયા કમાઇ ખાય છે !

તમે કહેશો, સાડા ચાર કરોડ રૂપિયા ! અને તે પક્ષીના વેપારમાંથી ? હા. શાહમૃગ પક્ષીનાં રૂવાંટાં અને પીછાં ઘણાં જ શોભીતાં ને રળિયામણાં હોય છે. યૂરોપના કોટયાધિપતિ શેઠીઆઓ અને રાજામહારાજાઓ એ પીછાં પર આફરીન છે; શરીરના શણગાર અને ફૅશન તરીકે તે વપરાય છે અને તેની કીંમત સોનારૂપા જેટલી અંકાય છે ! તેમાં યે ખુદ ઇગ્લંડના મહારાજાના મુગટમાં જ્યારથી શાહમૃગનાં પીછાંને કલગીનું સ્થાન મળ્યું ત્યારથી તેની કીંમત જાદુઇરીતે વધવા લાગી છે. ૧૯૨૦ની સાલમાં એકલા ઇંગ્લંડમાં જ દક્ષિણ આફ્રીકામાંથી એક કરોડ રૂપિયાની કીંમતનાં સવા છ હજાર મણ પીછાં વેચાયાં હતાં !

અને આ પીછાં ઉતારે છે કેવી રીતે ! ઑસ્ટ્રેલિયામાં ગોરાઓ જેમ અસંખ્ય ઘેટાંને એક મોટા કારખાનામાં પુરી તેના શરીર પર સંચા ચલાવી લાખો રૂપિયાનું ઊન કાતરી લે છે, તેમ શાહમૃગ જેવા મજબુત બળવાન પક્ષીને કોઈ ખેતરમાં કે કારખાનામાં પુરવું લગભગ અશક્ય છે. કારણકે તે ઉડી પણ શકે છે, અને દોડે છે તો અતિશય. પણ ગોરાઓએ છેવટે આ શાહમૃગને યે ફસાવવાની યુક્તિ તો શોધી જ કાઢી છે. તેઓએ શોધી કાઢ્યું છે કે એ પક્ષીને સુકી ગરમ હવા બહુ માફક આવે છે, અને ગદબનાં ખેતરોમાં રાખવાથી બરોબર ફુલેફાલે છે. એટલે પાળેલાં શાહમૃગોને તો એવી જ રીતે રાખવામાં આવે છે. જંગલી શાહમૃગને માટે એમ કરે છે કે જ્યારે તેનાં રૂવાંટાં અને પીછાં ચુંટવાની મોસમ આવે છે ત્યારે માઇલો ને માઇલોમાં ગોરા સીપાઇઓ શાહમૃગનાં ટોળાંની આસપાસ ફરી વળી તેમની પાછળ દોડે છે અને તેમને ભડકાવી, ઉડાડી ને દોડાવીદોડાવીને ભુલભુલામણી જેવાં લીલાં ઘાસની ઘટામાં પુરે છે. આ ઘાસના બીડમાંથી નીકળવા માટે એક લાકડાનો દરવાજો હોય છે. તેમાં પ્રવેશ કરે કે તરત જ ચાંપ દાબવાથી તેનાં બંને બારણાં બંધ થઇ શાહમૃગ એક મોટા વાડામાં પુરાઇ જાય છે, જ્યાં તેમનાં પીછાં કાતરી લેવા માટે કાતર લઇને માણસો તૈયાર ઉભાં હોય છે.

પણ એમ કાંઈ આ બળવાન પક્ષીનાં પીછાં કાતરવાં એ સહેલું નથી. વાડામાં પુરાયા પછી પ્રથમ તો તેના માથા પર કોથળી જેવી એક ટોપી પહેરાવવામાં આવે છે. પરંતુ એ પણ પહેરાવતાં તો નવ નેજા ઉતરે ! અનેક યુક્તિ અને ઝહેમતને અંતે એ ટોપી પહેરાવીને તેની આંખો બંધ કરી દીધા પછી તેને એક મજબુત માણસ એક દીવાલ આગળ લઇ જઇ ઉભું રાખે છે, અને બીજો માણસ પાછળથી કાતર વડે તેનાં પીછાં કાતરે છે. દીવાલ આગળ તેને ઉભું રાખવાનું કારણ એ કે આ પક્ષી પગ વડે આગળની બાજુએ બહુ જોરથી લાતો મારે છે,—એવી કે ભલભલાને ભોંય ભેગા કરી દે. તેની લાત બંદુકની ગોળી જેટલી ચોટ વાળી હોય છે! પણ દીવાલ સામે ઉભું રાખ્યા પછી તેનું શું ચાલે ? નાચાર બનેલું પક્ષી તરફડાટથી દીવાલમાં નિષ્ફળ પગ પછાડયા કરે છે, અને માણસ પાછળથી નીરાંતે પીછાં કાતરી લે છે.

નાનાં બચ્ચાંનાં પીછાં જે રૂવા જેવાં હોય છે તે કતરાતાં નથી પણ ચુંટી લેવાય છે. મોટાં પક્ષીઓના પણ જે ભાગ પર સુંદર રૂવાં હોય છે તે ભાગને

કાતરવામાં નથી આવતો, પણ પક્ષીને ગમે તેટલી વેદના થતી હોય તોપણ તેની લેશમાત્ર પરવા કર્યા સિવાય ચુંટી લેવામાં આવે છે. પૈસાની કમાણી નજર આગળ હોય ત્યાં એ દર્દ કોણ લેખવે ?

એક પક્ષી પરથી બે વરસમાં ત્રણ વખત પીછાં ઉતરે છે, અને આ પક્ષી સરેરાશ વીસ વરસ જીવે છે, એટલે એ હિસાબે એ કેટલું કીંમતી થયું ? સામાન્ય રીતે એક જોડ શાહમૃગની કીંમત બેથી અઢી હજાર રૂપિયા લેખાય છે. જોકે શાહમૃગનાં ઉત્તમમાં ઉત્તમ ગણાતાં પીછાં તો સોનાને મુલે વેચાય છે. એવાં પીછાંના એક તોલાના આજે ૨૫ થી ૩૦ રૂપિયા પડે છે, અને ઉત્તમ શાહમૃગની જોડીની કીંમત ૨૫ થી ૩૦ હજાર રૂપિયા થવા જાય છે !

આટલાં મોહક ને રળિયામણાં પીછાં ધારતું દુનિયાનું આ મોટામાં મોટું પક્ષી આફ્રીકાનાં મેદાનોનું વાસી છે. તેની ઉંચાઈ આશરે સાતેક ફુટ અને વજન સરેરાશ સાતેક મણનું હોય છે. એક નર અને સાથે ત્રણ કે ચાર માદા, એમ ચારપાંચનાં ટોળાંમાં આ પક્ષીઓ રહે છે. નરને ડીલે કાળા તથા સફેદ રંગનાં મુલાયમ પીછાં હોય છે. પગ તો તેમના આખા યે પીછાં વિનાના, અને મજબુત જાડી ચામડીવાળા હોય છે, અને તેને નખ વાળા માત્ર બે જ મોટાં આંગળાં હોય છે. મોસમની બહારમાં આ પક્ષી પીછે ઘેઘૂર હોય છે ત્યારે અદ્દભુત સૌંદર્યવંતું ને દમામદાર લાગે છે.

સામાન્યરીતે શાહમૃગ પોતાનાં ઈંડાં રેતીનાં રણમાં મુકે છે અને જંગલી જનાવરો તથા હિંસક મનુષ્યોથી બચાવવા તે પર રેતી પાથરી દે છે. તેની આંખો, ખરેખર, અતિશય ચકોર હોય છે; તેથી જ તો એવડા વિશાળ રણમાંથી પણ પોતાનો માળો તરત તે શોધી કાઢે છે.

એક ટોળામાં ત્રણ અથવા ચાર, જેટલી માદાઓ હોય તે બધી એક જ ઠેકાણે ઈંડાં મુકે છે. પણ આ પક્ષીને વિષે એક નવાઇની વાત એ છે કે તેનાં ઇંડાં માદા નહિ પણ નર સેવે છે ! હમેશાં રાત પડે કે નર આવીને બધાં ઇંડાં પર સેવવા બેસી જાય છે, અને માદાઓ આખી રાત તેના ફરતી ચોકી ભરતી ઉભી રહે છે. દિવસે તો આ પક્ષી સૂર્યની ગરમીનો લાભ લે છે. રેતીમાં પડેલાં ઈંડાં સૂર્યની ગરમીથી કુદરતી રીતે સેવાયા કરે છે.

• બ્રેહમ નામના વનસ્પતિશાસ્ત્રીએ ઘણા શાહમૃગ પાળ્યા હતા. તે પોતાનો અનુભવ વર્ણવતાં લખે છે કે શાહમૃગ મુખ્યત્વે કરીને ઉંદરડા તથા કુકડાંનાં બચ્ચાં વગેરે ખાય છે. કાંઇ ખાવા ન મળે ત્યારે ધુળનાં ઢેફાં ને કાંકરા પણ ખાય છે ! એકબે વાર તો બ્રેહમ સાહેબના કુંચીના ઝુડા પણ શાહમૃગ ગડપ કરી ગએલા ! એક શાહમૃગના પેટમાંથી કાંકરા, પથરા, નાનાનાના સિક્કાઓ, ધાતુઓના કટકા, ચાવીઓ, ચીંથરાં વગેરે મળીને ૯ શેર જેટલો કચરો નીકળ્યો હતો !

જે પ્રાણીની દુનિયામાં વધુમાં વધુ કીંમત ઉપજે છે તે જ પ્રાણીનું જીવનખર્ચ આમ ઓછામાં ઓછું કેમ રહેતું હશે ? જેમ સંત પુરુષનું જીવન પરોપકારમય હોય છે, તેમ શાહમૃગ પણ જગત પાસેથી ઓછામાં ઓછું લઇ જગતને કીંમતીમાં કીંમતી ભેટો આપી વિદાય થાય છે. શું શાહમૃગ સાધુસંતની કોટિનું હશે ?

છગનલાલ જોષી

તમને ખબર છે?

લોહીના એક ટીપાને આખા શરીરમાં ફરી વળતાં ૨૨ સેકંડ લાગે છે.

ડાબા કરતાં જમણા હાથની સ્પર્શેન્દ્રિય વધુ સતેજ હોય છે.

ઘણી જાતનાં તમરાંને માથાની બંને બાજુએ આંખો હોય છે.

સિંહ કે વાઘને લવંડરની વાસ સુંઘાડવામાં આવે તો ઘેટાં જેવાં નરમ બની જાય છે !

આપણે અરસપરસ મળીએ ત્યારે એકબીજાને ભેટીએ છીએ, અથવા હાથ મીલાવીએ છીએ; ટિબેટના લોકો મળે ત્યારે સામસામાં નાક ઘસે છે !

કોલ-ટારમાંથી દોઢસો જાતના રંગ નીકળી શક્યા છે !

હાથ મિલાવવાનો રિવાજ મુળ યાહુદી લોકોએ શોધેલો.

દુનિયાની કોઇપણ જાતિને મુકાબલે ચીનાઓ ઋતુ અને હવાપાણીના ફેરફારો સૌથી વધારે સહન કરી શકે છે.

ગોકળગાયને એક માઇલ ચાલવું હોય તો તેણે જરા પણ અટક્યા વિના ૧૪ દિવસ અને ૫ કલાક સુધી લાગટ ચાલચાલ કરવું જોઇએ.

મોટી વ્હેલ માછલીની ચામડી ઘણીવાર બે ફુટ જાડી હોય છે !


સુમાત્રામાં એક જાતના કરોળીયાના પગ ૧૭ ઇચ લાંબા હોય છે !

જ્ઞા ▫ ન ▫ લી ▫ લા

છેલ્લા ત્રણ માસ થયાં, ગયા બે અંકમાં, સમય અને સ્થળના અભાવને લીધે જ્ઞાનલીલા આપી નથી શકાઇ તેને માટે અમે દિલગીર છીએ. એ દરમ્યાન અનેક આતુર વાંચનારાઓએ 'જ્ઞાનલીલા કેમ નથી આવતી ?' એમ પુછ્યા કર્યું છે. અમે જાણીએ છીએ કે ઘણાખરા વાચકો કુમાર હાથમાં આવે કે તરત અંકમાંથી પહેલી જ્ઞાનલીલા શોધી કાઢી તેના ઉત્તરો તૈયાર કરવા માંડે છે. કુમારે જ્ઞાનલીલાના જે નવી ઢબના સવાલો પુછવા માંડ્યા છે તેનું કેટલાંક બીજાં માસિકોએ અનુકરણ પણ કરવા માંડ્યું છે. આ બધું સ્પષ્ટ બતાવે છે કે જ્ઞાનલીલા બહુ લોકપ્રિય થઈ છે. દરેક અંકમાં આ વિભાગ અમે નિયમિત ચાલુ રાખી નથી શકતા તેનો વસવસો અમને ઓછો નથી. પણ અત્યારે તો, એ બનતા પ્રયત્ને ચાલુ રાખવાનું વચન આપ્યા વિના બીજું શું કરીએ ?

પોષની જ્ઞાનલીલાના ઉત્તર થોડા મળ્યા છે, અને તેમાં યે બધા ખરા એકેયના નથી. શબ્દસ્વસ્તિક રચવા માટે બરોબર બંધબેસતા શબ્દો શોધવામાં બધાએ થાપ ખાધી છે; અને તેવો જ દાખલો બારીનો ઉત્તર શોધવામાં બન્યો છે. એટલે એ બે ખરા કસોટીના સવાલો તો કોઇ ઉકેલી નથી શક્યા. બાકીના પરચુરણ સવાલો તો સહેલા હતા. ખરા ઉત્તરો આ રહ્યા :

શોધી કાઢો: (૧) બારીનું કદ: બાજુમાં બતાવ્યું છે (૨) મદનમોહન માલવીય (૩) યાહોમ કરીને પડો ફતેહ છે આગે. (૪) અથાણું




શબ્દસ્વસ્તિક

આ **ર** ત
પ્ર **વી** ણ
કા જે મ **દ**
સા હિ જ ક **ના** ત મ હા
ર કા ર સ થ ના દુ જ
મા **ઠા** રા ર
ગ ડા **કુ**
તુ મા **ર**

શબ્દસાંકળી: આર્જવ, જવનિકા, નિકાસ, કાસદ, સદર, દરવેશ, વેશવાળ.

ગણિતગમ્મત: (૧) ૨૫૧૯; (૨) ૧૨ દિવસ; (૩) ના બે જવાબ હોઇ શકે:



આ પ્રમાણે કટકા કરવા હોય તો પહેલા માણસને આઠ આના આપવા જોઇએ અને બાકીના બેને ચારચાર આના; કેમકે એ રીતે કાપતાં પહેલાને બે બાજુ કાપવી પડે, જ્યારે બીજા તથા ત્રીજાને એકેક જ કાપ મુકવો પડે. પરંતુ જો


આ પ્રમાણે કટકા કરવાના હોય તો દરેકને પાંચ આના અને ચાર પાઇ મળે; કેમકે દરેકને એકેક જ કાપ મુકવાનો રહે છે.

નવા સવાલ

શબ્દ ગોઠવણ: બાજુમાં બતાવેલા આકાર પ્રમાણે

૧	૨	૩
૪	**૫**	૬
૭	૮	**૯**
૧૦	**૧૧**	૧૨
૧૩	૧૪	૧૫
૧૬	**૧૭**	૧૮
૧૯	૨૦	**૨૧**

એવા શબ્દ શોધી ગોઠવો કે જેના અર્થ અનુક્રમે નીચે પ્રમાણે થતા હોય, અને પુરા શબ્દો બરોબર ગોઠવાઈ રહ્યા પછી કાળા આંકડા-વાળા અક્ષરોની ઉભી લીટીમાં એક વીર પુરુષનું નામ ગોઠવાઇ રહે: ૧, ૨, ૩=એક સંખ્યા; ૪, ૫, ૬=ગુજરાતની નદી; ૭, ૮, ૯=રુદન, ૧૦, ૧૧, ૧૨=પરોણો; ૧૩, ૧૪, ૧૫=એક ઋતુ; ૧૬, ૧૭, ૧૮=મુંગો; ૧૯, ૨૦, ૨૧=સંભાળ.



આ સાત હાથીને ત્રણ લીટીવડે એવી રીતે છુટા પાડો કે દરેક ખાનામાં એકેક વહેંચાઇ જાય.

શબ્દફેરવણી: દર વખતે માત્ર એક જ અક્ષર ફેરવીને પાંચ ફેરફારોમાં 'સલામ'માંથી 'ભૂપાળ' બનાવી દો.

શી સગાઇ ? (૧) પુરુષ ને સ્ત્રી ગાડામાં બેઠાં હતાં ત્યાં કોઇએ સ્ત્રીને પુછ્યું કે તમારે બેને શું સગપણ ? સ્ત્રીએ કહ્યું, આના બાપની બૈયર તે મારા ધણીની સાસુ. (એ. એસ. વીરાની)

(૨) રસ્તે ચાલી જતી બે સ્ત્રીઓને ત્રીજીએ તેમનું સગપણ પુછ્યું તો જવાબ મળ્યો કે અમારામાંની એકના સસરાની સાસુ તે જ બીજીની સાસુની સાસુ થાય છે. એ શું સગપણ હશે ?

શોધી કાઢો: (અ) થોડીક કહેવતો ગુંચવાઇ ગઇ છે: (૧) ખાખી વળતે ચગી દાંડી વાગી. (૨) કયો અવસર જોઇણી વેચુ. (૩) વારાડીની આ શી તેતત ? (૪) આઠ ખારેકે નાખ્યા તો વખોશે. (૫) બેરા ભલે તાણ્યા ભુકુને. **(બ)** થોડો વખત થયાં મારે ને તમારે ઓળખાણ થયું છે. કાઠિયાવાડના એક ગામનો શિરચ્છેદ કરતાં મારો જન્મ થાય છે; અને મારૂં પેટ જુદું કરતાં હું સળગી ઉઠું એવો પદાર્થ બની જાઉં છું; તો હું કોણ ? **(ક)** પાર્વતીના પુત્રના ધડ ઉપર હાથીનું માથું મુકવાથી ગણપતિ બન્યા એ તો સૌ જાણે છે; પણ ચિત્રકારના ધડ ઉપર પરમેશ્વરનું માથું મુકવાથી તંત્રી બન્યા એવું સાંભળ્યું ખરૂં ? **(ડ)** માણસ શું ખાવાથી આળસુ બની જતો હશે ? **(ઈ)** નીચેના દરેક વાક્યમાંની ખાલી જગ્યામાં એકેક એવો શબ્દ પુરે છે કે જે બંને જો બરોબર શોધાઇ જાય

તો બેય મળીને અનુક્રમે દરેક વાક્યમાંથી નીચેના અર્થનું નામ બને. (૧) એક વસ્ત્ર (૨) પ્રભુનું એક ગુજરાતી નામ. (૩) કાઠિયાવાડનું એક ગામ. (આલગિયા)

(૧) . . . કલાકની એક પુરી . . . બને નહિ.

(૨) નિર્જન . . . માં લીલો . . . જોઇ તે નવાઇ પામ્યો.

(૩) તેના . . . ને સમુદ્ર રૂપી . . . હતો.

(૪) ચાર છોકરાઓ ચાર દિશાએ મોં કરીને બેઠા છે. તેમની વચ્ચે મીઠાઇની એક થાળી છે. એમાંની મીઠાઇ એમણે મોઢું કે હાથ પાછળ ફેરવ્યા વિના ખાધી. એ કેવી રીતે ? (શં. કા.)

ગણિતગમ્મત : (૧) એક બગીચાની પહોળાઈ કરતાં લંબાઇ ત્રણગણી છે. જો તેની લંબાઇ અને પહોળાઈમાં એક-એક વારનો વધારો થાય તો તેના ક્ષેત્રફળમાં ૧૪૯ ચોરસ વારનો વધારો થઇ જાય. તો લંબાઇ પહોળાઇ કેટલી હશે ?

(૨) એક માણસને ત્યાં ૭ માણસો મહેમાન તરીકે આવતા. તેમાં એક મહેમાન રોજ જમવા આવતો, બીજો એકાંતરે આવતો, ત્રીજો દર ત્રીજે દિવસે, ચોથો દર ચોથે દિવસે, પાંચમો દર પાંચમે દિવસે, છઠ્ઠો દર છઠ્ઠે દિવસે ને સાતમો દર સાતમે દિવસે આવતો. ઘણે વખતે બધા મહેમાનોનો વારો એક જ દિવસે આવ્યો. જો ૧૯૨૫ના જાન્યુઆરીની ૧લીથી એમણે જમવા આવવાની શરૂઆત કરી હોય તો કઇ તારીખે બધા મહેમાનો ભેગા આવ્યા હશે ?

બીજી હરીફાઇઓનાં પરિણામ

રંગપુરણી

'વનપરી' ચિત્રની રંગપુરણી હરીફાઇમાં ૧૨૫ જણે ભાગ લીધો હતો. જોકે એમાં સારૂં કામ ઘણા થોડાનું હતું, પરંતુ આટલા બધા વાંચનારાઓએ રસપૂર્વક ભાગ લીધો એ આપણી ઉગતી પ્રજાનો કળા પ્રત્યેનો ભાવ તથા ઉત્સુક્તા બતાવી આપે છે. એમાં સૌથી ઉત્તમ કામ તરીકેનું પહેલું ઇનામ ગૌતમ અંબાલાલ સારાભાઇ (અમદાવાદ)ને મળે છે; અને બીજા નંબરનાં બે ઇનામમાંથી એક ચાંપસિંહ વિજપાર (ઘાટકોપર)ને તથા બીજું ધનેશ્વર જગજીવન શુક્લ (માંડલ)ને મળે છે. ચૌદ વરસની અંદરનાં બે ઇનામોમાંનું પહેલું ઈનામ પણ ગૌતમ અંબાલાલ સારાભાઇ (ઉમર વ. ૯) ને જ જાય છે; અને બીજું જહાંગીર બેજનજી એલિયા (ઝાંસી, ઉમર વ. ૧૩)ને મળે છે. ઈનામો મોકલાઇ જશે.

નિબંધ

કારતકમાં પ્રગટ થએલી ઇનામી નિબંધની હરીફાઈ માટે 'મુસાફરીનું ઉત્તમ વર્ણન' લખવામાં શામજી લવજી આલગિયા અને ડૉ. મૅકેન્ઝી પી. સોલા બંને સરખા ઉતરતા હોવાથી ઇનામ એમને વહેંચાઇ જાય છે. તે મંગાવી લેવાં.

પોષના અંકમાં પ્રગટ થએલી 'ધંધાની પસંદગી'ના ઇનામી નિબંધની હરીફાઇનું પરિણામ આવતે મહીને. દરમ્યાન

નવી ઈનામી હરીફાઇ

નીચેના વિષય ઉપર સૌથી શ્રેષ્ઠ નિબંધ લખનારને રૂા. ૧૦)નું ઇનામ એ જ ગૃહસ્થ તરફથી જાહેર કરવાની માગણી થઈ છે: **તમને પરીક્ષા ગમે ? ગમે તો તે કેવી ? અને નહિ, તો તમારી લાયકાત કઇ રીતે સિદ્ધ કરશો ?** એ વિષય ઉપર નીચેની શરતો પાળીને લખી મોકલો: (૧) નિબંધ લખનાર 'કુમાર'નો ગ્રાહક હોવો જોઇએ. (૨) તે વિદ્યાર્થી હોવો જોઇએ; અને તેની ખાતરી આપનારૂં પોતાની શાળાના શિક્ષકનું પ્રમાણપત્ર નિબંધ સાથે જ મોકલવું જોઇએ (૩) નિબંધ 'કુમાર'નાં બે પાનાં (એટલે ચાર કૉલમ) કરતાં વધારે લાંબો ન હોવો જોઇએ. (૪) કાગળની એક બાજુ, શાહીથી, ચોખ્ખા અક્ષરે લખેલો, પોતાનાં નામ, સરનામા, ગ્રાહક નંબર, ઉમર, અભ્યાસ તથા શિક્ષકના પ્રમાણપત્ર સાથે નિબંધ જેઠ સુદ પુનમ પહેલાં, તંત્રી 'કુમાર', ૨૭૦૬ રાયપુર અમદાવાદ, એ સરનામે પહોંચી જવો જોઇએ. પરિણામ અષાડના અંકમાં બહાર પડશે તથા પાસ થએલો નિબંધ 'કુમાર'માં છાપવામાં આવશે.

નવયુવક

આ યુગની મુસીબતો સામે ઝુઝવાનું યુવકોને ભાગે જ આવવાનું છે, અને મુસીબતો ફીટાવી દુનિયાને સુખ અને શાંતિને માર્ગે વાળવાનું યશઃકાર્ય પણ એમણે જ કરવાનું છે. એટલે યુવકોની આ જવાબદારી પ્રમાણે તેમણે તૈયારી કરવી જોઇએ. ધર્મ, સમાજ, રાજ્ય, કુટુંબ, ધંધા—બધે જાતજાતની લડત યુવાન પર જ થવાની છે. એ વેળા ટકી રહેવાને તેણે સશક્ત શરીર, સુમધુર હૃદય અને કાર્યદક્ષ બુદ્ધિ મેળવવાં પડશે; આત્માની અનેકવિધ શક્તિઓ અને પરમાત્મામાં દૃઢ શ્રદ્ધા કેળવવાં પડશે.

'નવયુવક' નામના નવા પ્રગટ થએલા માસિક*ના ચાલકો આવા અનેક ઉદ્દેશો લક્ષમાં રાખી યુવાનોની સેવા કરવા તત્પર થયા છે. પહેલો અંક જોતાં કેટલાક સારા અનુભવી લેખકોની પ્રસાદી તેમાં નજરે પડે છે. કલા અને સૌંદર્યના પૂજક શ્રી જીનરાજદાસનો નાનો સુંદર સંદેશ તથા એક વડીલનો સંદેશ ગંભીર વિચારો આપે છે. 'સમાજસેવા,' 'યુવક' વગેરે લેખોના લેખકો ધગશથી લખી શકે છે. ગૃહ-જીવનનો લેખ યુવાનના સાંસારિક જીવનના અનેક પ્રશ્નો પર સચોટ નજર ફેંકે છે. આટલા સાદા નાના માસિકમાં પણ યુવાનને વાંચવા જેવું ઘણું છે. છેવટે વિવિધ વાંચનના સારરૂપ સુંદર ટાંચણોનો સંગ્રહ પણ માસિકમાં ઉપયોગી પૂર્તિ કરે છે.

* તંત્રીઓ: વેણીશંકર જી. ભટ્ટ, મણિલાલ ન. દોશી, હીરાલાલ છો. બક્ષી; વ્યવસ્થાપક: રોહિત હ. મહેતા, ઍલિફન્ટ રોડ અમદાવાદ.

યુવકોને સુંદરતા અને સંસ્કારિતા આપવાની ઇચ્છા રાખતા તંત્રીઓ માસિકમાં પ્રેરણાયુક્ત ચિત્રો, છબીઓ કે સુશોભનો પણ ધીમેધીમે ઉમેરશે એવી ઈચ્છા અમે રાખીએ છીએ. જોકે પોસ્ટ સાથે એક જ રૂપિયામાં આટલું આપનારા વિદ્વાન તંત્રીઓનો એમાં દોષ નથી જ.

નવરાશે

વાર્તાઓ વાંચવી જેટલી ગમે છે, એટલું બીજું વાંચવું નથી ગમતું. હમણાં જ વાર્તાઓની ત્રણ નવી ચોપડીઓએ દેખા દીધી છે. એમાં સૌરાષ્ટ્ર કાર્યાલય વાળી **દાદાજીની વાતો** તો રસના કટકા છે ! નાનાં બાળકો એક વાર સાંભળી જાય તો તમારો કેડો ન મુકે. હોય જ ને. કેમકે એના લખનાર, લોકોને લોકગીતો ને લોકવાર્તાઓનો રસ ચખાડનાર ને લગની લગાડનાર પેલા ઝવેરચંદ મેઘાણી છે. આઠ આના ખર્ચ્યા ખટકશે નહિ. **આપણા દેશનો ઇતિહાસ** એવું નામ કોઈ ચોપડીના પુંઠા પર વાંચો તો એને સુકો ઇતિહાસ ગણી કાઢીને ભડકશો નહિ. એમાં તો પચીસ આકર્ષક વાર્તાઓ છે. અને એ પુરી વાંચી જાઓ એટલે તમને આપણા દેશના ઇતિહાસની અખંડ સાંકળના મુખ્યમુખ્ય અંકોડાનું સહજ ભાન થઈ જશે. લેખક, નૃસિંહપ્રસાદ કા. ભટ્ટ. પ્રકાશક દ. મૂ. ભવન, ભાવનગર. ૦-૬-૦. 'નવચેતન'ના તંત્રી ચાંપશી ઉદ્દેશીની સચિત્ર વાર્તા **'જંજીરને ઝણકારે'** (૦-૧૨-૦) એક નાની પણ રસમય નવલ છે; અને 'બે ઘડી મોજ'ના તંત્રી શયદાનાં લખેલાં **અમીઝરણાં** (૧-૮-૦) પણ ઓગણીસ નાની નાની વાર્તાઓનો સંગ્રહ છે.

સ્વીકાર

સાતમી ગુજરાતી સાહિત્ય પરિષદ (ભાવનગર) નો રીપોર્ટ: વૃત્તાંત, ભાષણો, નિબંધો વગેરેનો ૧૦૬૬ પાનાંનો સચિત્ર સંગ્રહ; મળવાનાં ઠેકાણાં: મંત્રીઓ ભાવનગર, અથવા ગુ. વ. સોસાયટી અમદાવાદ; રૂા. ૩-૮-૦

સરિતા મુંબાઈની રાષ્ટ્રીય શાળાના અંગ્રેજી ચોથા ધોરણના વિદ્યાર્થીઓએ સ્થાપેલા 'ઉદયમંડળ'ના હસ્તલિખિત 'ઉદય' માંથી ચુંટેલી કૃતિઓનો સંગ્રહ; ૦-૬-૦

આત્મોદ્‌ગાર: કિશોરભાઈ બા. પટેલ, વડોદરા; ૦-૪-૦

ગણદેવી ક્ષત્રિય મિત્રમંડળનો ૧૯૭૯-૮૧ નો રીપોર્ટ

બે ઘડી મોજ નો સાહિત્ય પરિષદનો ખાસ સચિત્ર અને સરસ વિવિધ વાંચનવાળો અંક ૦-૪-૦

ઘોડો એક વરસમાં પોતાના વજનથી નવગણું ઘાસ ખાઈ જાય છે !

લાલ સમુદ્રનો રંગ તેની અંદરની કેટલીક દરિયાઈ વનસ્પતિને લીધે રાતો લાગે છે.

ઉનાળા કરતાં શિયાળામાં એન્જીન વધારે કોલસા ખાઈ જાય છે !

તમારી ઉમર કેટલી છે ?

એક દિવસ કોઈ રાજાના દરબારમાં એક વયોવૃદ્ધ પંડિત આવી ચડયો અને તેણે પોતાની વિદ્વત્તાથી રાજાને બહુ ખુશ કર્યા. પછી રાજાએ કહ્યું કે મારી પાસે ગણિતની એવી યુક્તિ છે કે જે વડે હું તમારૂં વય કેટલું છે તે કહી આપું. તમારા જન્મના મહીનાનો આંકડો તમે ધારો.

પંડિતની ઉમર સાઠ વર્ષની હતી. તેનો જન્મ ડિસેમ્બર મહીનામાં થયો હતો, એટલે તેણે ૧૨ આંકડો ધાર્યો અને કહ્યું કે 'ધાર્યો.'

'હવે તેને બેએ ગુણો.' રાજાએ કહ્યું.

'ગુણ્યા.' (૧૨×૨=૨૪)

'તેમાં પાંચ ઉમેરો.'

'ઉમેર્યા.' (૨૪+૫=૨૯)

'હવે તેને ૫૦ વડે ગુણો.'

'ગુણ્યા.' (૨૯×૫૦=૧૪૫૦)

'એમાં હવે તમારી વય ભેળવો.'

'ભેળવી.' (૧૪૫૦+૬૦=૧૫૧૦)

'એમાંથી ૩૬૫ બાદ કરો.'

'કર્યા.' (૧૫૧૦-૩૬૫=૧૧૪૫)

'અને હવે એમાં ૧૧૫ ઉમેરો.'

'ઉમેર્યા.' (૧૧૪૫+૧૧૫=૧૨૬૦)

'શું આવ્યું ?'

'૧૨૬૦'

'તો ૧૨ તમારા જન્મનો મહીનો, અને ૬૦ વરસ તમારી ઉમર !'

પંડિત છક થઇ ગયો !

આ ગણતરી મુજબ તમે ગમે તેની ઉમર કહી શકશો.

(અંગ્રેજી ઉપરથી) **પ્રભુદાસ ઠક્કર**

ભાગવત

મરાઠીમાં 'ગવત' એટલે ઘાસ.

જુના કાળમાં ભાગવત હસ્તલિખિત વેચાતાં મળતાં, અને તેથી તેની કીંમત લગભગ સો-દોઢસો રૂપિયા પડતી.

એક વખત એક બ્રાહ્મણે એક પોટલીમાં બાંધેલી ભાગવતની નકલ એક શેઠિયાને સવાસો રૂપિયે વેચી. વેચતાં પહેલાં તેણે શેઠિયાને કહેલું કે આમાં આખું ભાગવત છે; એમાં ફક્ત એક જ અક્ષર નથી. શેઠિયાએ કહ્યું કંઈ વાંધો નહિ; એક અક્ષરમાં શું બગડી જવાનું હતું. એમ કહી તેણે તે વેચાતું લીધું. પાછળથી તેણે તે પોટલી છોડી તો અંદર બધું ઘાસ જ ગોઠવેલું હતું. આ જોઈ શેઠિયાને ખુબ ખીજ ચડી અને તેણે તે બ્રાહ્મણને બોલાવી કહ્યું, 'હરામખોર ! મને ઘાસ આપી છેતર્યો, કેમ ?'

આ સાંભળી પેલા બ્રાહ્મણે કહ્યું, 'મેં તો તમને પહેલેથી કહ્યું હતું કે એમાં એક અક્ષર નથી અને તે અક્ષર તે 'ભા.' બાકીનું 'ગવત' એટલે ઘાસ છે ! (શંકર કાલેલકર)



મધુકરી

જ્યાંજ્યાં એક વસે ગુજરાતી, ત્યાંત્યાં સદાકાળ ગુજરાત;
જ્યાંજ્યાં ગુજરાતી બોલાતી, ત્યાંત્યાં ગુર્જરીની મ્હોલાત.

જેની ઉષા હસે હેલાતી તેનાં તેજ પ્રફુલ્લ પ્રભાત,
જેને ઉર ગુજરાત હુલાતી તેની સુરવન તુલ્ય મિરાત.

ગુર્જર ભરતી ઉછળે છાતી ત્યાં રહે ગરજી ગુર્જર માત,
જયજય જન્મ સફળ ગુજરાતી! જયજય ધન્ય અદલ ગુજરાત! —**કવિ ખબરદાર**

વિલિયમ મોરિસ : એક મહાન માનવ વિભૂતિ

આ અંકમાં આપેલા 'ઍટલાન્ટાની શરત' નામના મુળ અંગ્રેજી કાવ્યનો રચનાર વિલિયમ મોરિસ, અતુલ ને અગાધ શક્તિશાળી પુરુષ હતો. એ અજબ પ્રતિભાશાળી પુરુષનું વિસ્તૃત અને પ્રેરક જીવનચરિત્ર તો ભવિષ્યમાં કુમારનાં પાનાંઓ પર દેખા દેશે. આ નીચે એના જીવનની મુખ્ય હકીકતોની જે હારમાળા જ માત્ર આપી છે, એમાં પણ એ મહાન માનવવિભૂતિનું આછું પ્રતિબિંબ તો છે જ.

ઇ. સ. ૧૮૩૪ના માર્ચની ૨૪ મીએ વાધામ સ્ટો ગામમાં વિલિયમ મોરિસે પહેલવહેલું જગતનું અજવાળું જોયું. તેનો પિતા ધનાઢ્ય વેપારી હતો. એ પોતાની દોલતનો વારસો પુત્રને સોંપી ઈ. સ. ૧૮૪૭ માં સ્વર્ગવાસી થયો. બાળક મોરિસે મહાન બુદ્ધિમતાનું એકપણ લક્ષણ બતાવ્યું નહોતું. માત્ર તે વનરાઇમાં મોજથી ભટકતો, પક્ષીઓનાં નામ ગણતો, સહેલાઇથી શીખતો અને ચોક્કસાઈથી યાદ રાખતો. સ્વભાવે તે ભલો ને માયાળુ હતો.

તેર વર્ષની વયે તે કૉલેજમાં ગયો. ત્યાં એને ભમવાને જંગલ અને વાંચવાને પુસ્તકાલય મળ્યાં. અભ્યાસને બદલે તે ભમતો, વાંચતો ને આંગળીઓની તરેહતરેહની ગોઠવણ-ગુંથણી કર્યા કરતો. મોરિસનું કુમાર પ્રાણપ્રધાન હતુ. સુંદર દૃશ્યોનું પરામર્શન કરતો અને કુદરતના ભેદ ઉકેલતો તે રખડતો. અધ્યયન કે રમતગમતમાં તે એક્કો ન ગણાતો; પણ જ્ઞાન મેળવવાની એની રીત જુદી જ ભાતની હતી.

ઈ. સ. ૧૮૫૩ના જુનમાં મોરિસ એક્ઝિટર પાઠશાળામાં દાખલ થયો. અહીંનાં ત્રણ વર્ષ દરમ્યાન એનો જીવનપંથ દોરાઇ ગયો. મધ્યકાલિન યુગના પ્રાણરસમાં અને અજબ અનુભવમાં એનું ચિત્ત રંગાઇ ગયું. એના મિત્ર પ્રખ્યાત ચિત્રકાર એડવર્ડ બર્ન જોન્સની સુરૂચિ અને આદર્શ તથા ઐતિહાસિક ઑક્સફર્ડનું વાતાવરણ, એ બંનેએ એની કલ્પનાને પોષી. બંને મિત્રો જોડિયા ભાઇઓ જેમ રહેતા. ધીરેધીરે બર્ન જોન્સે પોતાના મિત્રમંડળમાં મોરિસની ઓળખાણ કરાવી. જીંદગીમાં ધર્મ અને તત્ત્વજ્ઞાનની માત્રાઓ ભેળવવાનો નાદ સૌને લાગ્યો. રસ્કિન, કાર્લાઇલ અને ટેનિસન તરફ એ મંડળનો પૂજ્યભાવ હતો. તેમના આદર્શ તરીકે મોરિસ એક મઠ બાંધવાનો છે એવી વાતો સંભળાઇ. પણ મોરિસને પોતાનો જીવનસંદેશ કળાની કૃતિઓ દ્વારા ઉચ્ચારવાનું સાધન લાધ્યું. ઈ. સ. ૧૮૫૪માં એ સગીર વયમાંથી નીકળ્યો કે તરત તેણે પોતાના હેતુ પાર પાડવા પૈસો ખરચવા માંડ્યો. એ જ વરસે તે બર્ન જોન્સના સંગાથમાં ફ્રાન્સ અને બેલ્જીઅમના પ્રવાસે ઉપડ્યો. મુસાફરીમાં તેણે ગોથીક શિલ્પના કેટલા ય નમુનાઓ જોયાજાણ્યા. આ ઉપરથી બંને મિત્રોએ સાંપ્રદાયિક પાદરી જીવન ગાળવાનો વિચાર બદલી કલાકારનું રસજીવન જીવવા નિશ્ચય કર્યો: બર્ન જોન્સ ચિત્રકાર થાય અને મોરિસ શિલ્પી બને.

મોરિસને લાગેલું કે પોતાનામાં લેખનશક્તિ પણ છે. એટલે તેણે પોતાનું પ્રથમ કાવ્ય 'લાલ શિખરનાં રૂદનવૃક્ષ' લખ્યું. મિત્રો એ વાંચીને ખુશખુશ થઇ ગયા. પછી તો મોરિસ રોજ નવુંનવું કાવ્ય કાઢી આપવા માંડ્યો. મિત્રો પોતાના વિચારોની આપલે કરે તે સારૂ મોરિસે 'ઑક્સફર્ડ અને કેમ્બ્રિજ માસિક' નામનું પત્ર કાઢ્યું. તે બરોબર એક વરસ ચાલ્યું પણ અંગ્રેજી સાહિત્યનું અનોખું અંગ થઇ પડ્યું. આ જ વેળાએ મોરિસને ડાન્ટે ગૅબ્રિઅલ રોઝેટીની જાદુઇ ભેટ થઇ. એના કહેવા ઉપરથી તે ઇ. સ. ૧૮૫૬ના જાન્યુઆરી માસમાં શિલ્પીનો ધંધો સેવવા લાગ્યો. પણ શિલ્પી તરીકેનું એનું જીવન ક્ષણભંગુર નીવડ્યું. હજુ પ્રથમ વર્ષ પુરૂં ન થયું ત્યાં તો તેણે એ ધંધાને હમેશના રામરામ કર્યા.

હવે તે બર્ન જોન્સ જોડે એક લત્તામાં રહેવા લાગ્યો.

અહીંથી તેના જીવનમાં ઘરવપરાશની સામાન્ય ચીજ-વસ્તુઓના ઘાટમાં સુધારો કરવા મન પરોવાયું. તેણે પોતાના ઓરડાની સજાવટ કરવા શણગાર શોધ્યા, પણ કોઇ ઠેકાણે જોઇએ તેવા ન મળ્યા. કલાત્મક ફર્નીચરની ખોજમાં તેને લંડનના સઘળા ફર્નીચરનું ભયંકર બેડોળપણું નજરે ચડયું. જ્યાં જુએ ત્યાં કદ્રુપ ઘરો, વિરૂપ મેજખુરશીઓ, બેડોળ પ્યાલા રકાબીઓ! અહીં તેની વ્યવહારૂ સૂક્ષ્મ બુદ્ધિ જાગી. તેણે ફર્નીચરના નવા જ ઘાટ ગોઠવ્યા અને તે મુજબના નમુના બનાવડાવ્યા.

હવે મોરિસ પૂર ઉત્સાહથી ચિત્ર–આયોજન અને ચિત્રકામે ચડયો. તૈલ રંગો અને સાદા રંગોમાં તે ચિત્રો દોરવા લાગ્યો. ઑક્સફર્ડના એક જાહેર સભાગૃહની છત માટે તેણે સુશોભિત ભાત દોરી દીધી. લેખનકામ પણ થતું. ૧૮૫૮ના આરંભમાં જ 'ગનીવરની રક્ષા' નામક કાવ્યસંગ્રહ છપાવ્યો. પરંતુ તે નવા શહેરનાં નવાં ઘરના નકશા અને નવા શણગારની ભાતો કાઢવા ઉપર અટઢળક ઢળ્યો. અને ઇ. સ. ૧૮૫૯ માં એ પરણ્યો ત્યાર પહેલાં તેણે અપ્ટોનમાં પોતાના આદર્શ સમું કળામય મંદિર બંધાવ્યું. ચાલુ ઢબની બાંધણીથી તે તદ્દન જુદી જ કોટિનું હતું. આ દિશામાં મોરિસના વધતા જતા ઉત્સાહ વડે 'મોરિસ ઍન્ડ કં.'ની સ્થાપના થઇ. આ મંડળીનો ઉદ્દેશ ઘરના શણગારની દરેક કલાત્મક વસ્તુ પુરી પાડવાનો હતો.

આ મંડળીના કાર્યને લીધે દેશના શિલ્પ અને શણગારમાં અનોખું પરિવર્તન થયું. ઇંગ્લંડ અને યુરોપનાં ઘરોમાં સુંદરતા ઉભરાઇ. મોરિસની પ્રતિભા દીપી ઉઠી અને તે ઉત્તમ કોટિનો કારીગર થયો. એની આંગળીઓમાં એવું તો ચાંચલ્ય આવ્યું કે કોઈપણ વસ્તુને અડકીને તે તેને સુંદર કરી મુકતો. રફતે-રફતે આખો ધંધો તેણે હાથ ધર્યો. તોપણ સંપૂર્ણ કળાએ ન પહોંચી શકવાનો અસંતોષ તેને રહેતો. આથી તેણે ઑક્સફર્ડના પુરાતન ગામડા કેલ્મસ્કોટમાં એક ઝરણને કાંઠે એક સુંદર ઘર બંધાવ્યું. તે એની બાકીની જીંદગીનું રહેઠાણ બન્યું.

મંડળીનાં દસ વરસ મોરિસે અથાક પરિશ્રમમાં ગાળ્યાં. આ દરમિયાન તે કવિતાને કે રસાનુભવને ભુલ્યો નહોતો. ૧૮૬૭માં 'જેસનનાં જીવન અને વિદેહ' અને 'પાર્થિવ સ્વર્ગ' ના ત્રણ ભાગ બહાર પાડયા.

૧૮૭૧ માં અને ફરીવાર ૧૮૭૩ માં તે આઇસલૅન્ડના લોકોનું વીર્યવાન પરાક્રમી જીવન જોવાને તથા સ્વીડન-નૉર્વેનાં મહાકાવ્યો ('સાગાઝ') ભેગાં કરવા ગયો. આ પ્રવાસો ઉપરથી તેણે 'સીગર્ડ ધ વોલસંગ' નામે મહાકાવ્ય રચ્યું. વર્જીલ કવિના ઍનીયડ કાવ્યનું ભાષાન્તર પણ કર્યું અને 'પ્રેમ પ્રેમ ને પ્રેમ' નામે એક બીજું કાવ્ય લખ્યું.

૧૮૭૭થી ૧૮૮૯ સુધીનું મોરિસનું જીવન સમૃદ્ધ થતી મંડળીમાં વ્યાપ્ત થયું. મંડળી ફર્નીચર અને તે માટેનું મખમલ, કાપડનું છાપકામ, ભીંતપત્ર (વૉલ પેપર) અને બીજી પરચુરણ ચીજો બનાવવા લાગી. મોરિસ વળી કળા અને ધંધા ઉપર ભાષણ કરવા માંડયો અને રાજકારણ તરફ વધુ ને વધુ આકર્ષાયો. આજ સુધી એની રાજકીય પ્રવૃત્તિ માત્ર 'નૅશનલ લિબરલ લીગ'માં સમાઈ હતી. એ મંડળનું તમામ ખર્ચ મોરિસ પુરૂં પાડતો. પરંતુ ૧૮૮૦થી એનું ચિત્ત સોશીઅલિઝમ–(સમાજ-વાદ) તરફ વળ્યું, ને ૧૮૮૩માં એ સમાજવાદી વિચારોવાળા 'ડેમોક્રેટિક ફેડરેશન'માં ભળ્યો. આ મંડળને માટે તેણે અવિરત શ્રમ લીધો, આખા ઇંગ્લંડભર ભાષણ દેવા મંડયો અને તેના મુખપત્ર 'ઈન્સાફ'માં દ્રવ્ય અને લેખ ભરવા લાગ્યો. ઘણા લાંબા સમયના ગાળા પછી કામદારો વચ્ચે વાંધો પડવાથી મોરિસે ૧૮૯૦માં સભાસદ તરીકેનું રાજીનામું આપ્યું.

વળી પાછો તે સાહિત્ય અને કળા તરફ ફર્યો. ૧૮૮૭માં 'ઑડીસી' તરજુમાવ્યું ને બીજાં બે ગદ્ય પુસ્તકો છપાવ્યાં. હવે તે પોતાનાં ભાષણો કળા, હુન્નર, ઉદ્યોગધંધા તથા સર્વ-સામાન્ય ઉપયોગી વિષયો પર રાખવા લાગ્યો.

૧૮૯૦માં મોરિસે બીજાં બે પુસ્તક પ્રગટ કરીને પોતાના જીવનનું મહત્કાર્ય શરૂ કર્યું, અને તે કેલ્મસ્કોટ પ્રેસ. સુંદર પુસ્તકોનો એનો અનુરાગ છેવટે એવાં પ્રકાશનોમાં પરિણમ્યો. ૧૮૯૧ના અરસામાં કેલ્મસ્કોટ મુદ્રણાલય અંગ્રેજી ભાષામાં રત્નસમ સાહિત્ય છાપવા માંડયું.

આ સમે મોરિસને માંદગી નડી અને તેણે જ એનો પાંચ વર્ષ પછી જીવ લીધો. આ અંતરાળમાં તેણે પોતાના શોખની ધુન ધમધમાવી. ટેનિસન પછી તેને રાજકવિનું પદ આપવામાં આવ્યું, પરંતુ એનો તેણે અસ્વીકાર કર્યો. ૧૮૯૫ માં એ છેલ્લવેલ્લો જાહેરમાં બોલ્યો; ૧૮૯૬ માં તેણે પોતાનું છેલ્લું પુસ્તક 'ધોધમાર પુર' લખ્યું. હવે એની તંદુરસ્તી લથડી અને કવિ તથા કારીગર તરફની શક્તિઓ ક્ષીણ પડી. આરોગ્યને સારૂ તે ઉત્તર ભૂશિરના પ્રવાસે નીકળ્યો, પણ ફોગટ. હવે તે સ્વદેશ જવા આતુર હતો; પણ જન્મભોમ જોવા તે નહોતો નિર્માયો. મંદવાડ સખત વધ્યો અને તે ૧૮૯૬ના ઑક્ટોબરની ૩જીને મંગળવારે પંચત્વ પામ્યો.

કવિ, કલાકાર, ચિત્રકાર, શિલ્પી, કારીગર, સમાજવાદી, લેખક અને મુદ્રક—આટલું એના જીવનનું સારતત્ત્વ છે.

રાજા પ્રજા અને કવિતા

પ્રત્યેક વર્ષે નવેમ્બર માસમાં જાપાનના લોક વર્તમાન-પત્રોને ખુણેખાંચરે એક જાહેરખબરની શોધમાં પડે છે. એ ખબર જાપાનનું રાજકુટુંબ મોકલે છે. ત્રણ વરસ ઉપર એક આવી જાહેરખબર દેખાઇ હતી :

નામદાર શાહાનશાહ 'નવા વર્ષનાં કાવ્યો' માટે નવો વિષય જાહેર કરવા કૃપાવંત થયા છે. આ વરસે સૌ કાવ્યો 'ઉષામાંનું પર્વતવાદળ' ઉપર લખવાનાં છે.

ડિસેમ્બર માસની અમુક તારીખ સુધીમાં સઘળાં કાવ્યો

જાપાની પ્રજા શાહી ખાનગી ખાતાને પહોંચાડી દે છે. આ આખો સંગ્રહ ' વીણેલાં કાવ્યો ' ને નામે જાન્યુઆરી મહીનામાં પુસ્તક રૂપે પ્રગટ થાય છે. એમાં કાવ્યોની સંખ્યા વીસ હજારથી વધુ હોય છે.

રાજા અને રાણી પણ કાવ્યો લખે છે, અને તેમને સંગ્રહમાં સૌથી પહેલાં છાપવામાં આવે છે. ત્યાર પછી યુવરાજ, રાજકુટુંબીઓ અને બીજા કેટલાંકનાં કાવ્યો છપાય છે. તે પછી દસ સેન્કા (સ્તુતિકાવ્યો)નો સમાવેશ કરાય છે. આ રીતે પ્રજાનો નાનામાં નાનો માણસ રાજકુટુંબના મેળામાં ભાગ લઈ ભળી શકે છે. એ દસ સ્તુતિકાવ્યો એમના વનાઓછા ગુણ પ્રમાણે હજારોમાંથી ચુંટવામાં આવે છે.

આ નીચે, ત્રણ વરસ ઉપરના એક સંગ્રહમાંથી કેટલાંક કાવ્યો અંગ્રેજી ભાષા દ્વારા ગુજરાતી ગદ્યમાં ઉતારીએ છીએ. મીકાડોએ (જાપાનના શાહાનશાહે) તે વરસે કાવ્ય કર્યું નહોતું. મહારાણીનું કાવ્ય આ રહ્યું :

' જે વેળ ઉષાદર્શન મારૂં હૃદય પુષ્પાંકિત કરે છે ત્યારે પૂજ્યભાવપૂર્વક ભક્તિભરી હું આસાકુમાના ઉત્તુંગ શિખરની શોધ માંડું છું. જુઓ, પેલું શ્વેત વાદળદળ એને છાવરી રહ્યું છે.'

યુવરાજની કાવ્યકડી નીચે મુજબ હતી. : ' જુઓ, અજવાળી ઉષા નીચે ઉતરી આવે છે અને મારાં ચંચળ ચક્ષુ દૂરઅદૂર ફરી વળે છે. હવે હું મારો અશ્વ થોભાવીને સાનુકી પર્વતના ઉંધાંવળા વાદળ તરફ નીરખી રહું છું.'

આ કાવ્યે તો કેટલા યે કલાધરોને શાહજાદાને સાનુકી પર્વતની ટેકરી પરથી વાદળ તરફ જોઇ રહેતા ચીતરવા પ્રેર્યા હતા.

સામાન્ય પ્રજાજનનાં કાવ્યો આ પ્રસંગે અતિ સરસ આવ્યાં હતાં. છંદનું માપ તેઓએ બરોબર જાળવેલું હતું, અને તેથી રાજકુટુંબીજનોના કરતાં તેમની ગીતકડીઓ ચડિયાતી હતી. એ ચુંટેલ કાવ્યોમાંનું પહેલું નીચે પ્રમાણે હતું :

' તે ઉચ્ચ શિખરને આવરીને થર ઉપર થર એમ આઠ વાદળદળ લુમીઝુમી રહ્યાં છે. મારા મનમાં હું સમજું છું કે સનાતન કાલમાં—જ્યારે દેવતાઓ પોતાના શૈશવમાં રમતા હતા ત્યારે—આમ જ હશે. '

' આઠ વાદળદળ ' એ જાપાનના એક પુરાણના પ્રસંગ સંબંધે છે. જાપાની લોકના આદિ માનવયુગલને સ્ત્રીપુરુષ રૂપે અવતારવામાં આવ્યું ત્યારે તેમને ' આઠ વાદળદળ ' વીંટળાઇ વળ્યાં હતાં અને પૃથ્વીના લોકોથી સુરક્ષિત સાચવતાં હતાં. '

' સુંદર ફયુજીના મારિતષ્ક ઉપર વાદળ ઉપર વાદળ ટોળે મળે છે અને બરફ ઉપર પ્રતિબિંબિત થઇને ગુલાબી ઝાંય નાખે છે. ખરેખાત, પ્રસન્નવદના ઉષા દેવોને ગમી ગઇ લાગે છે. '

એક ગામડિયો લખે છે:

' કુકડો પહેલું કુકડેકુક બોલે તે વાર પેલા શિખર પરનું પ્રભાતકુંમસ્ક દ્યૌપૃથિવીના ક્ષિતિજે પોતાનું હિમશ્વેત પટલ બદલીને અવનવીન રંગોમાં સજ્જિત થતું જાય છે. '

એક નગરજનને તો ગામડાનો દેખાવ યાદ આવે છે: ' જેમજેમ ઉષાનું અવરોહણ થાય છે તેમતેમ ઝંખવાણું ગિરિઝાકળ ભુરૂં મટી સુરજતેજે શુભ્ર બને છે. '

સિંહનું ખેતર

તમે ડાંગરનું ખેતર જોયું હશે, ઘઉંનું જોયું હશે, પણ સિંહનું ખેતર તો તમારા સ્વપ્નામાં પણ નહિ આવ્યું હોય. કૅલિફોર્નિયાના એક માણસે સિંહનું ખેતર મોટા પ્રમાણમાં કર્યું છે. આ માણસ સરકસમાં સિંહને શીખવવાનું કામ કરતો હતો. પણ એનો સંબંધ છોડી એ એક સિંહ અને બે સિંહણ લઈ ઉપર જણાવેલા ખેતરમાં રહ્યો. આજ સુધીમાં એણે ૯૦ સિંહ તૈયાર કર્યા છે ! એ બધા એટલા હળી ગયા છે કે સીનેમા કંપનીની રંગભૂમિ ઉપર તેમનો છુટથી ઉપયોગ કરી શકાય છે. આ સિંહોના વિહાર માટે નાના પ્રમાણમાં એક આફ્રિકન જંગલ પણ તૈયાર કર્યું છે. આ માણસને સિંહોને હેળવવાનું પુરતું જ્ઞાન હોવાથી કોઈ પણ જંગલી સિંહને હેળવવામાં ચાબુકનો કે પિસ્તોલનો ઉપયોગ કરવો પડતો નથી. દરેક સિંહની પાછળ સીનેમા કંપની તરફથી એક વખત કામ કરવાના તેને ૧૦ પૌંડ મળે છે. અનાજ ઉત્પન્ન થનારા ખેતર કરતાં આ ખેતરમાં તેને વધારે ઉપજ થાય છે !

(શંકર કાલેલકર)

અજબ ચીન

ગઇ કાલે રાતે હીરાસીંગે ચીનના એક ધાડપાડુને દેહાન્ત દંડ કેવી રીતે કરવામાં આવેલો તેની પોતાની નજરે જોએલી વાત કહી. એનું માથું કાપી નાખવામાં આવ્યું અને ધડમાં ત્રણ માણસોએ બંદુકની ગોળી મ રી. પછી છાતી ચીરીને હૃદયને બહાર કાઢ્યું. એનું માથું અને હૃદય એના ગુન્હાઓની એક યાદી સહિત બજાર વચ્ચે ટાંગવાનાં હતાં. આ સજા જોવા આવેલા મોટા અધિકારીઓ અને બીજા ગૃહસ્થોએ મરનાર ધાડપાડુના માંસમાંથી કકડો કકડો લીધો. મુખ્ય અધિકારી જે હીરાસીંગનો મિત્ર થતો હતો તેણે તો આખુ હૃદય લઈ લીધું. પછી આ ગુન્હેગારનું માત્ર માથું જ બજારમાં ટાંગવામાં આવ્યું. જ્યારે કોઇ બહાદુર માણસનું માંસ હાથમાં આવે ત્યારે ચીના લોકો આમ તેનું માંસ વહેંચી લે છે. પાછળથી તે હૃદય એ અમલદારને ઘેર રંધાયું હતું અને બધાએ તે ખાધું એ હીરાસીંગે જાતે જોયું હતું. એને પણ ખાવાનું કહેવામાં આવ્યું હતું, પણ એણે ના કહી.

ચીનમાં ઉંદર, ગધેડાં અને બીલાડી સિવાય બધું ખાદ્ય ગણાતું હોય એમ લાગે છે. એ લોકો કુતરાંને પણ ખાય છે અને માંસની દુકાનોમાં કુતરાંનું માંસ પણ વેચાય છે !

(જેલડાયરી પૃ. ૪૩)

શ્રી દ્વિજેન્દ્રનાથ ઠાકુરનો પત્ર

મહાન પુરુષોની સામાન્ય વસ્તુઓમાં પણ એમની મહત્તા પ્રગટ થઇ આવે છે. સ્વ. દ્વિજેન્દ્રનાથના થોડા પત્રો શ્રી અમીયચંદ્ર ચક્રવર્તીએ પ્રગટ કર્યા છે. તેમાંના એક પત્રમાં આત્મશક્તિના ઉદ્બોધન વિષે માત્ર થોડા શબ્દોમાં પણ સ્પષ્ટ અને જ્વલંત વાણીમાં તેમણે જે કહ્યું છે તે આપણામાં નવચેતનનો સંચાર કરે એવું છે. એ પત્ર આ નીચે આપ્યો છે:

શાંતિનિકેતન, ૧લી જુલાઈ, ૧૯૧૮

સાદર નિવેદન કે

આપનો તા. ૨૯ મી જુનનો પત્ર મળ્યો. આપે પુછેલી બધી વાતોનો સવિસ્તર ઉત્તર આજ સુધીમાં કોઇપણ આપી શક્યું છે કે કેમ તેની મને ખબર નથી. હું તેને વિષે જે સાર સમજું છું તે ટુંકમાં કહું છું. ધારું છું કે તેથી આપની આકાંક્ષા થોડેઘણે અંશે પુરી થશે.

૧

ભિન્નભિન્ન મનુષ્યની ભિન્નભિન્ન અવસ્થા હોય છે.

૨

દરેકની અવસ્થા કેટલેક અંશે અનુકૂળ અને કેટલેક અંશે પ્રતિકૂળ હોય છે.

૩

આવી રીતે અનુકૂળ ને પ્રતિકૂળ અવસ્થામાં થઇને માણસ તદ્દન પશુ જેવી જંગલી અવસ્થામાંથી વધતોવધતો સુધરેલી અવસ્થાએ આવ્યો છે અને હજી યે આગળ વધતો જાય છે.

૪

એ આગળ વધે છે તે શાને જોરે? નૌકા આગળ વધે છે તે કોના બળે? હલેસાં અને પવનના બળથી. માણસ આગળ વધે છે આત્માના પ્રભાવે અને પરમાત્માના પ્રસાદે. વાયુ અદૃશ્ય છે, હલેસાં દૃશ્ય છે. તેવી જ રીતે પરમાત્માનો પ્રસાદ અવ્યક્ત છે, આત્મપ્રભાવ વ્યક્ત છે. આત્મપ્રભાવ એટલે શું? તો કે આત્મશક્તિ અથવા ઇચ્છાશક્તિ—સંકલ્પ બળ.

૫

મનુષ્ય જો આત્મશક્તિ ઉપર અણવિશ્વાસ કરી પ્રતિકૂળ અવસ્થાની સાથેના સંગ્રામમાં પાછી પાની કરત, તોફાનમાં સુકાન છોડી બેસત, તો તો મનુષ્ય કાં તો આજ ક્યારનો યે મરી ગયો હોત, અથવા તો વંશપરંપરાથી પશુઓની પેઠે મોહાંધ થઇને જીવન ગુજરતો હોત.

૬

પરંતુ એવું જોવામાં આવે છે કે મનુષ્યે સુકાન છોડયું ન હતું, સંગ્રામમાં પાછી પાની કરી ન હતી, ઈશ્વરની દીધેલી આત્મશક્તિનો ઉપયોગ કરતાં તે અટક્યો નથી. વિજ્ઞાનવિદોએ આત્મશક્તિનો ઉપયોગ કરી દૂરમાં દૂર આવેલા નક્ષત્રોના ગુપ્ત સમાચાર જાણ્યા; અદૃશ્ય પરમાણુઓના કરતાં યે કોટિ-ગુણ સૂક્ષ્મતમ તડિતાણુ ઇલેક્ટ્રોન્સની ગુપ્ત વાત મેળવી! જીવશરીરમાં વ્યાધિજનક અને આરોગ્યજનક જીવાણુઓ વચ્ચે જે ધર્મવીરોએ આત્મશક્તિનો ઉપયોગ કરી ઇન્દ્રિયસંયમ અને રિપુદમન વગેરે કરી આત્માના નિગૂઢ તત્ત્વોની ગુપ્ત ખબર મેળવી તેઓ જોઇ શક્યા કે આત્મા પદ્મપત્ર પર રહેલાં પાણીનાં બિન્દુની માફક સુખદુઃખમાં રહેલો હોવા છતાં સુખદુઃખથી નિર્લિપ્ત છે. આત્માનું દર્શન મેળવ્યું તેથી તેઓના સમસ્ત સંશય છિન્ન થઇ ગયા.

૭

પ્રતિકૂળ અવસ્થા માણસની સુતેલી ઇચ્છાશક્તિને જગાડે છે;—એ રીતે પ્રતિકૂળ અવસ્થા પણ અનુકૂળ અવસ્થાની બીજી મૂર્તિ જ છે. પ્રતિકૂળ અવસ્થા જો ન હોત તો મનુષ્યની ઈચ્છાશક્તિ સદાકાલને માટે નિદ્રામાં જ પડી રહેત.

આત્મશક્તિનું ઉદ્દીપન એ કેવું મોટું કલ્યાણ છે તે આપણે જાણવા છતાં સમજતા નથી. આત્મશક્તિ પુરેપુરી ખીલે તો આપણને કશી વાતની મણા ન રહે. પોતાના ચૈતન્યને જાણ્યા વિના જેવી રીતે પારકાના ચૈતન્યને જાણી શકાતું નથી, તેવી જ રીતે પોતાની આત્મશક્તિને જાણ્યા વિના પરમાત્માની આત્મશક્તિના નિગૂઢ તત્ત્વોનો પત્તો લાગતો નથી. આપણી પોતાની આત્મશક્તિ કેટલી મંગળમય છે એ જો આપણે સમજી શકીએ તો પરમાત્માની આત્મશક્તિ—અર્થાત્ જગત-વ્યાપારમાં જે શક્તિ કામ કરે છે તે ઇશ્વરી શક્તિ—કેટલી મંગળમય છે તે સમજવું બાકી ન રહે.

૮

આપણી પોતાની આત્મશક્તિ કેટલી મંગળમય છે તે જ્યાં સુધી કસોટી પર ચડાવી ન જોવામાં આવે ત્યાં સુધી સમજી ન શકાય.

૯

ગીતાશાસ્ત્રમાં કહ્યું છે કે 'ઉદ્ધરેત્ આત્મના આત્માનમ્। નાત્માનં અવ સાદયેત્' આત્મા વડે આત્માનો ઉદ્ધાર કરવો. આત્માને અવસન્ન થવા દેવો નહિ. એક વાર જો ઢગલાબંધ પ્રતિકૂળ ઘટનાઓમાં આત્મશક્તિને બરાબર ઉદ્દીપિત કરી શકીએ તો જણાય કે જાગ્રત આત્મશક્તિ જેવું મંગળમય બીજું કશું નથી. તે સઘળા રોગનું મહા ઔષધ છે, એટલું જ નહિ,—મારી પોતાની આત્મશક્તિ કેટલી બધી મંગળમય છે તે જો જાણી શકું તો પરમાત્માની આત્મશક્તિ કેટલી બધી મંગળમય છે તે જાણતાં પણ વાર ન લાગે. આપણી પોતાની આત્મશક્તિને આપણે જો અતિ સામાન્ય વસ્તુ ગણીએ, (તે છો રહેતી; આત્મશક્તિ જેમ ઉંઘે છે તેમ જ ભલે ઉંઘતી, હમણાં તો મારી ઉન્નતિ થાય એવો જ પ્રયત્ન કરવા દે—પહેલાં થોડા રૂપિયા ભેગા કરવા દે, આત્મશક્તિ જગાડવાની વાત ત્યાર પછી જોઈ લેવાશે) હીરાને જો બીલોરી કાચ ગણીએ, તો આપણે પોતામાં કે વિશ્વબ્રહ્માંડમાં, કશામાં જ સાર પામશું નહિ; સઘળું આપણને અસાર અને નકામું

લાગશે. આપણી પોતાની શક્તિ કેટલી મંગળમય છે તે જો આપણે સમજી ન શકીએ તો પરમાત્મા કેટલો બધો મંગળમય છે તે આપણે કેવી રીતે સમજી શકીશું ?

*

હું પોતે સાધારણ માર્ગે એટલો આગળ વધ્યો નથી કે બીજાને તે વિષે ઉપદેશ આપી શકું. સામાન્ય રીતે એટલું કહી શકું કે હક્સલિ, મિલ વગેરે વાંચવાને બદલે ગીતા વગેરે ગ્રંથો વાંચવાથી સાધન સંબંધી બહુ સારવાન ઉપદેશ મળી શકશે. **શ્રી દ્વિજેન્દ્રનાથ ઠાકુર**

મલબાર : એક પત્ર

આ મલબાર એ તો પ્રભુની લીલી વાડી છે. શ્વેતમુખનાં પક્ષીઓ હિંદુસ્તાનમાંથી સર્વ વસ્તુ લઇ જઈ શકે, પરંતુ ભારતવર્ષનું જે સૌંદર્ય છે તે તો કોઇ રીતે જ લઇ જઇ શકાય એમ નથી. પશ્ચિમ ઘાટનાં જંગલોમાં હું નવ દિવસ માટે ગયો હતો:—ખાસ તુંગભદ્રાનાં મુળ જોવા. ઘાટ ઉપરનાં જંગલો, હાથીઓ વાઘ વગેરે તો ખરેખર જોવાના હોય છે જ. પરંતુ એ સિવાય પણ અસંખ્ય ફળફુલ, તરહતરહનાં વૃક્ષો વગેરેનું વર્ણન કરવું મારી શક્તિની બહાર છે. આ બધા ઉપરાંત ત્યાંની પવિત્રતા પણ અજબ છે. ગમે તે માણસ જાય તે ત્યાં રહે એટલા દિવસ તો જરૂર પવિત્રતા ભોગવે. ચાર મહીનાથી મલબાર કાંઠે ફરૂં છું, પરંતુ એ સર્વમાં ઘાટની સુંદરતા વધારે આકર્ષક છે.

આજે કેટલાય યુવકો જીવનની પાયમાલી કરી રહ્યા છે. જેઓ કંઇક સમજ્યા છે તેઓ પણ પોતાની નબળાઇ છોડી નથી શકયા. વિધિએ પુરુષાર્થ જેવી વસ્તુ નિર્માણ કરી છે જેની પાસે સર્વ વસ્તુ નમે છે. જીવનમાં એક વખત ઉચ્ચ જીવનનું સ્વપ્ન આવી ગયું કે બસ. રસ્તો સીધો છે.

દક્ષિણ કાનડાનું જીવન છિન્નભિન્ન છે; જાતિઓના આપસઆપસના ઝગડા ખુબ છે; જાહેર જીવન જેવું તો કંઈ છે જ નહિ. મેં એક ખાદીનું ' પ્રોડક્શન સેન્ટર ' અને ત્રણ દુકાનો રાખી છે. ફેરિયાને ૧૨ાા ટકા કમિશન આપીએ છીએ. નાના પંડે મેં મોટી જવાબદારી લીધી છે, પરંતુ એ પાર ઉતારીશ. સાચે જ જીવનમાં એક દિશા મળી એટલે સર્વ ભુલી જવાય છે. અત્યારે તો મને મારૂં કામ જ એટલું વહાલું લાગ્યું છે કે ખાવાપીવાની પણ ઓછી દરકાર. એટલે કે તબિયત સાચવા એક જ વાર ભોજન લઉં છું. શરીરને રોગી ન બનવા દેવું એટલું તો ચોક્કસ. અહીં ઘાટ એટલે રેલવે નથી, પરંતુ મોટર બસમાં ફરવાનું. એ ખુબ નુકસાનકર્તા છે. પરંતુ એમાં બીજો ઉપાય નથી. બીજો કોઇ વિશ્વાસપાત્ર કાર્ય કરનાર મળે તો હું છોડું નહિ.

અહીં ચાર જુદીજુદી ભાષા. મારે તે કઈ રીતે ચાર ભાષા શીખવી ? પરંતુ મલયાલમ્ શીખવાનું શરૂ કર્યું છે. કેનેરીઝની રીડર પુરી કરી છે. તુલુ અને કોંકણી આપણે ત્યાંની કચ્છી જેવી, એટલે લખાતી નથી. ચાર મહીનામાં તો ચોવીસ કલાક અંગ્રેજી બોલીબોલીને થાકી ગયો છું. ભલા લોકો મુસલમાન સુદ્ધાં હિંદી જાણે નહિ !

મંગલુરમાં થોડા ગુજરાતી વેપારીઓ છે. તેઓ તો વેપાર માટે આવેલા છે, એટલે તેમનો રસ ' મુંબઇ સમાચાર 'થી તે કેટલેક દૂર જઈ શકે ? પરંતુ આ વરસથી મેં છ મહીના માટે લવાજમ ભર્યું છે અને એ દ્વારા તેમને આકર્ષવાનો પ્રયત્ન કરીશ.

મધમાખી

મધમાખી વિષે અત્યાર સુધી એમ મનાતું આવ્યું છે કે અતિશય ઉદ્યોગીપણાના શ્રમથી થાકીને તે અકાળ મૃત્યુ પામે છે. પોતાના મધપુડાથી દૂરદૂરનાં ફુલો સુધી આંટાફેરા અને લાંબી મજલો કરતી તે જણાઇ છે. વળી એ મજલોમાં આંતરો પડે તે વખતમાં ઇંડાં ઉછેરે, મધપુડામાં મીણ કોરીકોરી નવાં ઘર બનાવે, નાકા આગળ રહી પાંખો ફફડાવી મીણ ઓગળતું બચાવે, મધમાં ખટાશ થતી અટકાવે અથવા મધરાણીનું દાસીપું કરે અને બીજાં તમામ વહીતરાં કરે. અને છેવટે આમ તે અતિ શ્રમથી અમૃતસમો મધનો ભંડાર એકઠો કરતાં ફુલમાં જ મૃત્યુશય્યા કરે છે.

ન્યૂયૉર્કનું કમર્શિયલ પત્ર જણાવે છે કે દરેક મધુદાસી મધ માટે સરેરાશ બત્રીસ મજલો કરે છે અને બધું મળી એક ગ્રામના આઠમા ભાગ જેટલું, એટલે કે બાર મોટાં ટીપાં જેટલું મધ મેળવી આપે છે. એક રતલ મધ ૫૬૭ મધમાખીના જીવનભરનું પરિણામ છે !

*

જેમ્સ હૅરીએ પોતાના એક મિત્ર વિષે લખ્યું છે કે બરફના પહાડમાં તે માણસનો પગ લપસ્યો અને તે ગુમ થયો. વર્ષો વીત્યાં બાદ તેના બે સાથીઓએ એ જગ્યાએ તપાસ કરતાં બરફમાંથી તેનું શબ મળી આવ્યું. પણ અજાયબીની વાત એ હતી કે એ શબ વર્ષો પહેલાંની સ્થિતિમાં જેમનું તેમ જુવાન જ હતું, જ્યારે તેના સાથીઓ તો ઘરડા થઈ ગએલા ! બરફ વસ્તુને તેના મુળ સ્વરૂપમાં વર્ષો સુધી સાચવી રાખે છે.

લીલો મેવો

મેયેન્સનું પબ્લિક ટાવર ૫૦૦ વરસ થયાં અટક્યા વગર ચાલે છે !

આયોડાઇનનો એક ગ્રેન સાત હજાર ગ્રેન પાણીને રંગી નાખી શકે.

ચકલાં કલાકના ૯૦ માઈલનો વેગ ધારી શકે છે.

માણસના શરીરનો અરધ ઉપરાંત ભાગ પાણીનો બનેલો છે.

દરિયાની સપાટીથી ૨૦૦૦ ફુટ ઉંચે જંતુઓ હોતા નથી.

ઇંગ્લંડમાં શહેનશાહ જ્યૉર્જને જ પોતાના કાગળો ઉપર ટિકિટ ચોડવી નથી પડતી; રાજકુટુંબનાં બીજાં માણસોને ચોડવી પડે ખરી.